॥ હરિઃૐ ॥

# શ્રીમોટા પત્રાવલિ ૧-૨

પૂજ્ય શ્રીમોટા

હરિઃૐ આશ્રમ પ્રકાશન, સુરત

❑ પ્રકાશક : **ટ્રસ્ટીમંડળ,**
હરિઃૐ આશ્રમ, સ્થાપના વર્ષ ૧૯૫૬
કુરુક્ષેત્ર મહાદેવના મંદિરની બાજુમાં,
જહાંગીરપુરા, સુરત-૩૯૫૦૦૫.
ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪

© હરિઃૐ આશ્રમ, સુરત - નડિયાદ.



| **આવૃત્તિ** | **વર્ષ** | **પ્રત** |
|---|---|---|
| પ્રથમ | ૧૯૯૫ | ૧૦૦૦ |
| બીજી | ૨૦૧૧ | ૨૦૦૦ |

❑ પૃષ્ઠ : ૧૬ + ૧૨૮ = ૧૪૪

❑ કિંમત : **રૂ. ૧૫**/-

❑ **પ્રાપ્તિસ્થાન :** હરિઃૐ આશ્રમ, સુરત-૩૯૫૦૦૫
હરિઃૐ આશ્રમ, નડિયાદ-૩૮૭૦૦૧

❑ ડિઝાઈનર : **મયૂર જાની**
મો. : ૯૪૨૮૪૦૪૪૪૩

❑ મુદ્રક : **અર્થ કૉમ્પ્યૂટર,**
૨૦૩, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજ સામે,
ઈન્કમટેક્સ, અમદાવાદ-૩૮૦૦૧૪,
ફોન : (૦૭૯) ૨૭૫૪૩૬૯૯

॥ હરિઃૐ ॥

# સમર્પણાંજલિ

## (બીજી આવૃત્તિ)

પોતાના પરિવારજનના આકસ્મિક મૃત્યુથી
જીવનમાં નિરાશાની ગર્તામાં ડૂબી જનાર,
તે વેળાએ પ્રભુ પરમાત્માની કૃપાથી
હરિઃૐ આશ્રમ, સુરતના એક સ્વજનના નિમિત્ત વડે
પૂજ્ય શ્રીમોટાની શાશ્વત ચેતનાના સંપર્કમાં આવનાર,
પૂજ્યશ્રીના સાહિત્યના ઊંડાણપૂર્વકના અભ્યાસ બાદ
જીવનને ફરીથી ચેતનવંતુ બનાવનાર
અને આખા પરિવારને
પૂજ્ય શ્રીમોટાની ભાવના અને શ્રદ્ધામાં તરબોળ કરનાર
શૂરવીર, હિંમતબાજ અને શ્રદ્ધાવાન
**શ્રી જેશાભાઈ કરસનદાસ આહીર (બલદાણીયા)**
તથા તેમનાં ધર્મપત્ની
**શ્રીમતી જયાબહેન જેશાભાઈ આહીર (બલદાણીયા)**
અને પિતાશ્રીના સંસ્કાર સિંચનનો પડઘો પાડતા તેમના
યુવાનપુત્ર, જેણે શ્રદ્ધાપૂર્વક પોતાના જીવનની
પ્રથમ આવક પૂજ્યશ્રીના ચરણે મૂકવાનો સંકલ્પ કર્યો
અને તે મુજબ પોતાના સંકલ્પનું પાલન કરનાર
**શ્રી પંકજભાઈ જેશાભાઈ આહીર (બલદાણીયા)**
ને પ્રેમપૂર્વક આ પુસ્તકની આ આવૃત્તિ સમર્પણ કરતાં
આનંદ અને આભારની લાગણી વ્યક્ત કરીએ છીએ.

તા. ૧૫-૭-૨૦૧૧ **ટ્રસ્ટીમંડળ**
ગુરુપૂર્ણિમો હરિઃૐ આશ્રમ, સુરત
સં. ૨૦૬૭

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (પ્રથમ આવૃત્તિ)

શ્રીમોટાના અપ્રગટ સાહિત્યને પ્રગટ, ગ્રંથસ્થ કરવાના પ્રયાસ પાછળ એક ઈતિહાસ છે. (આ પ્રમાણે આશ્રમ તરફથી પણ કાર્ય કરવામાં આવ્યું છે. પણ ફક્ત તફાવત એટલો છે કે અમારા તરફથી જે પ્રયત્ન થાય છે, તેમાં પૂજ્ય શ્રીમોટાના લખાણમાં-કથનમાં કશો ફેરફાર કરવામાં નથી આવતો). જેવું સાહિત્ય હાથ લાગે છે, તે પ્રમાણે પ્રગટ કરવામાં આવે છે.

ઘણાં વર્ષો પૂર્વેની એક વાત યાદ આવે છે. **મોટા**ને મેં પ્રથમ વાર એક મંડળ રચવાનું કહ્યું હતું, ત્યારે તેઓએ મને સ્પષ્ટ ના પાડેલી ને કહ્યું, 'તારે આવું કંઈ કરવાની જરૂર નથી, તારે શા માટે આવું કરવું છે ?' મેં કહ્યું, '**મોટા,** આવું કરવા પાછળ મારો આશય એ છે કે આપણે વારંવાર પૈસા ઉઘરાવવાના હોય છે. એટલે આવું સંગઠન હોય તો એકસાથે બધાને કાર્યાન્વિત કરી શકાય. બીજું, આપનું અપ્રગટ સાહિત્ય પણ પ્રગટ કરી શકાય, દા.ત., ***મોટા***, તમોએ વાર્તાલાપ કર્યો હોય તેવી કેસેટો મળે તો એને પણ ગ્રંથસ્થ કરી શકાય. તમોએ લોકોને નાનાં નાનાં વાક્યો પણ લખી આપ્યાં હોય તો તે પણ ગ્રંથસ્થ કરી શકાય. ત્યારે ***મોટા***એ મને રજા આપેલી. સૌપ્રથમ 'વિધિ વિધાન' છાપવાનું બન્યું. પહેલાં સુરત-નડિયાદ આશ્રમમાં આવી વિધિઓનાં ચોપાનિયાં પોટલામાં બાંધી રાખતા. કાળના પ્રવાહમાં કેટલાંક ખોવાઈ પણ જાય ! એટલે આ કામ ભાઈ રમાકાંત જોષીને સોંપ્યું, કે આવી જેટલી મળે તેટલી વિધિઓ એકઠી કરવી. કોઈ પણ ન રહી જાય તે ચોકસાઈ રાખશો. ને તેમણે તેમ કર્યું-પાછળથી મને કોઈ ભાઈએ

કહ્યું કે '*મોટા* એવું કહેતા હતાં કે આ બધી વિધિઓ ગ્રંથસ્થ થઈ જાય તો સારું.' તે પછીથી 'શ્રીમોટા-વાણી' દરેક કેસેટ દીઠ એક પુસ્તક તૈયાર કરાયું. તે *મોટા* જેમ બોલ્યા તેમજ છપાયું છે. તેમાં કોઈ સુધારા-વધારા કર્યા નથી. તે રીતે લગભગ ૧૩ ભાગ પ્રસિદ્ધ કર્યા છે. હવે શ્રીમોટાનું અપ્રગટ પત્ર-સાહિત્ય દરેક પુસ્તિકામાં ૮૦ પાનાંથી વધુ નહિ-તેમ છાપવા નક્કી કરેલ, ને દરેકની કિંમત પડતર કરતાં ઘણી ઓછી રાખવી, જેથી દરેક તેનો લાભ લઈ શકે તેમ નક્કી કર્યું. અમને આ કાર્યમાં નવાં સ્વજનોનો સહકાર છે. તેઓ પોતાનું નામ પ્રગટ કરવા રાજી ન હોવાથી લખતો નથી, પણ તેમની મદદને કારણે પુસ્તકની કિંમત ઘણી ઓછી કરી સમાજને આપી શકાય છે. ખરેખર શ્રીમોટાની આ પ્રત્યક્ષ મદદ છે તેવું અનુભવીએ છીએ. અમો ફક્ત આમાં નિમિત્ત છીએ, એનાથી વિશેષ કશું નહિ.

હું આ કાર્યમાં શ્રી યશવંતભાઈ પટેલ ઉર્ફે બાપુનો, જેમની દરેક પ્રકારની સહાય, હિંમત ને ઓથ મળી છે ને મળે છે, તેમનો હૃદયથી આભાર માનું છું. શ્રીમોટાએ તેઓને આ પ્રવૃત્તિમાં માધ્યમ બનાવ્યા છે. તેથી એમનો સહકાર મળ્યા કરે છે. તેમજ સ્વ. લક્ષ્મણભાઈ ઉર્ફે બચુભાઈ, તેમ જ શ્રી ઇન્દ્રવદનભાઈ મોદી સાહેબ પણ આ પ્રવૃત્તિના આધારસ્તંભો છે.

પત્રસંચય-૧ની પ્રેસ નકલ તૈયાર કરી આપવા માટે શ્રી પ્રભુદાસ ડી. જાની, પ્રૂફ સુધારણામાં સહાયરૂપ બની રહેવા બદલ શ્રી રમાકાંત જોશી, પુસ્તકનું સેટિંગ્સ તથા મુદ્રણ બાબતમાં સક્રિય સહાયક શ્રી મુકુંદભાઈ કે. ફાટક (પ્રાધ્યાપક પ્રિન્ટિંગ ટેકનોલોજી આર. સી. ટેકનિકલ ઇન્સ્ટીટ્યૂટ સરસપુર, અમદાવાદ.) તથા આ પુસ્તકનું આમુખ લખી આપનાર શ્રી રમેશભાઈ ભટ્ટ (Ph.D.) પ્રત્યે અમો કૃતજ્ઞતાની લાગણી અનુભવીએ છીએ.

આ બધી પ્રત્યક્ષ *મોટા*ની કૃપા જ છે.

એકવાર *મોટા*એ મને કહ્યું કે, 'ઈન્દુકાકા ઓથ એટલે શું ?' આપણે અનુભવીએ તે ઓથ. આ સંદર્ભમાં આ કાર્યમાં અમોને જીવતીજાગતી ઓથ પ્રથમ બચુભાઈની હતી. કોઈ દિવસ તેમને કંઈ કહેવું પણ ના પડે. એકવાર એવો પ્રસંગ બન્યો કે 'શ્રીમોટા આખ્યાનની કેસેટો બનાવી ને તે વખતે નંદુભાઈ બચુભાઈને ઘરે રોકાયેલા ત્યારે તેનું ઉદ્‌ઘાટન તેઓની હાજરીમાં બચુભાઈને ત્યાં રાખેલ. બધું પત્યા પછી ઘેર આવ્યો, ત્યારે જયશ્રીએ મને કહ્યું કે, 'કોઈને આની કદર નથી.' તેટલામાં જ બચુભાઈ તેમના જમાઈ સાથે મારે ત્યાં આવ્યા, ને મને કહ્યું કે, 'ઈન્દુકાકા આનો જેટલો ખર્ચ થયો તે બધો મારી પાસેથી લો,' ત્યારે મને *મોટા*ની પ્રત્યક્ષ હાજરી વર્તાઈ કે, જયશ્રી વ્યક્ત થઈ કે તરત તેમનું આવવું થયું. *મોટા*ની કેવી ખૂબી ને કેવો પ્રત્યક્ષ જવાબ !

આ ઉપરાંત 'ભાવ'નું અંગ્રેજીમાં ભાષાંતર કરાવી ગુજરાતી તેમજ અંગ્રેજીમાં છાપવાનું કામ થયું છે. 'જાગતા નર સેવીએ', મુક્તાત્માનું સ્થૂળ માહાત્મ્ય કેવું અમૂલ્ય સહાયરૂપ છે તે વિશે પણ પુસ્તક પ્રગટ કર્યું છે.

આ પત્રો સ્વજનની કક્ષાને અનુલક્ષીને લખાયેલા છે. આ પત્રો અમારે મન ***મોટા***ની કૃપા અને પ્રેરણા રૂપ મળેલા છે. એક ભાઈએ ભૂલથી તેમને ત્યાં પડેલ એક નાનું પોટલું મોકલી આપેલ, તેમાંથી આ સાહિત્ય મળેલ, જે અમો ભગવાનનો હુકમ સમજી પ્રગટ કરીએ છીએ. તે એક ભાઈની નાણાંકીય સહાય જે ભાવથી આપેલ છે, તેના કારણે સ્વજનોને સપ્રેમ પડતર કરતાંયે ઓછી કિંમતે આપી શકાશે.

**-ઈન્દવદન શેરદલાલ**

॥ હરિઃૐ ॥

# પૂજ્ય શ્રીમોટાની સહાય (આમુખ)

પૂજ્ય શ્રીમોટાએ પોતાના એક સ્વજનને લખેલા પત્રોનો આ સંચય જીવનવિકાસની સાધનાને અત્યંત સરળતાથી અને વ્યવહારુ રીતે સ્પષ્ટ કરે છે. પૂજ્ય શ્રીમોટાએ સંસારજીવનમાં રહીને પ્રભુમય જીવનનો અનુભવ કેવી રીતે પમાય એની અનેક રીતો દર્શાવી છે. એમાં સૌ કોઈ પોતપોતાનાં પ્રકૃતિ-સ્વભાવને સમજીને જાગૃતિથી કોઈ પણ રીતનો પ્રયોગ કર્યા કરે તો એને સવિશેષ તો પૂજ્ય શ્રીમોટાની ચેતનાશક્તિની સહાય મળ્યાનો અનુભવ થાય છે. પોતાની સાથે 'કોક' છે એવો સતત અનુભવ થતાં આપણામાં એક અનોખી હિંમત અને ધીરજ પ્રગટતાં અનુભવીએ છીએ.

પૂજ્ય શ્રીમોટાએ પ્રભુને બધું જ કહ્યા કરવાની રીત દર્શાવી છે. નિવેદનનો આ પ્રકાર અત્યંત સરળ હોવા છતાં કાળજીપૂર્વક આચરવાનો હોય છે. પ્રભુને કરાતાં નિવેદનમાં નિખાલસતા અને નિષ્ઠા અનિવાર્ય છે. જો નિખાલસતા હોય તો પ્રભુપ્રેમનો સ્પર્શ અનુભવાય અને નિષ્ઠા હોય તો પ્રભુપ્રેમ સ્પર્શની શક્તિથી વ્યવહારમાં નિવેદન દ્વારા વ્યક્ત થયેલી ભાવના જાગૃત રહે, અને જે ભાવનાથી કર્મ આચરવાં જોઈએ એવી ભાવનાથી એ આચરાય. નિવેદનની આ બારીક રેખા પ્રત્યે પૂજ્ય શ્રીમોટાએ ખાસ ધ્યાન દોર્યું છે.

બીજું ખુલ્લું થવા વિશેની વાત છે. આપણાં અંતઃકરણોમાં- એટલે કે મન, બુદ્ધિ અને પ્રાણમાં જે વલણો જાગે છે, એને પ્રભુ સમક્ષ ખુલ્લાં કરી દેવાં રહ્યાં. મનના વિચારો, બુદ્ધિની શંકાઓ અને પ્રાણની વૃત્તિઓ જેવી જાગે એવી ખુલ્લી રીતે વ્યક્ત કરીને પ્રભુને પ્રભુના ચરણે ધરવી. એટલું જ નહિ પણ દિવસ દરમિયાન

જે કંઈ કાર્ય આપણાથી થાય, જેવી ભૂમિકાથી થાય એ પણ ખુલ્લું કહી દેવું. ખુલ્લા થવામાં આ બીજો ભાગ મહત્ત્વનો છે. ખુલ્લા થવાની આ ક્રિયા જે કોઈ કરવા ઇચ્છે, એ સરળતાથી કરી શકે છે. આ ક્રિયા દ્વારા એક સૂક્ષ્મ પરિણામ આવે છે. જેથી સમજી આપણે ખુલ્લા થઈએ છીએ. એની સાથે આપણો દિલનો સંબંધ વધુ ગાઢ બનતો જાય છે. પરિણામે એમની ચેતનાશક્તિ આપણા સમગ્ર આધારમાં કામ કરતી થાય છે.

પૂજ્ય શ્રીમોટાએ મૌનએકાંતમાં નામસ્મરણ આદિ સાધનોની સાથે આવી કેટલીક મહત્ત્વની વ્યવહારુ સાધના આ પત્રોમાં સમજાવી છે. આ એકડો ઘૂંટવાથી ધીમે ધીમે એવો વિકાસ થશે કે જે અનંત તરફ દોરી જઈને, અનંતતાનો અનુભવ કરાવશે.

આ પત્રોમાંની એક ખાસ લાક્ષણિકતા છે. એમાં પૂજ્ય શ્રીમોટાએ પોતાના ગૂઢ-રહસ્યમય રૂપની ઝાંખી આપી છે. એક સ્થળે પૂજ્ય શ્રીમોટાએ લખ્યું છે કે, પોતે તાબોટા પાડનાર વ્યંઢળ નથી. આવી અભિવ્યક્તિ કોઈ પણ નવા વાચકને આશ્ચર્યમાં ગરકાવ કરી દે. પરંતુ પૂજ્ય શ્રીમોટાના સમગ્ર લખાણોમાં આવાં વચનો યથાર્થ રીતે પ્રગટ થયેલાં છે. લૌકિક અર્થમાં વ્યંઢળ શબ્દ તુચ્છ નિર્માલ્યપણાનું સૂચન કરનારો છે. પરંતુ એનો આધ્યાત્મિક અર્થ પણ છે. 'શ્રીસદ્‌ગુરુ'માં પૂજ્ય શ્રીમોટાએ આવી નાન્યતર જાતિ વિશે વાત લખી છે. એ પરથી સમજાય છે કે અનુભવની પણ એવી કક્ષા હોય છે જ્યાં સ્ત્રી-પુરુષનો લિંગભેદ પરખાતો નથી. આવી અવસ્થામાં અત્યંત શક્તિ-સામર્થ્ય પ્રગટ થતાં હોય છે. 'તાબોટા' એટલે માત્ર ખાલી પડેલો મોટો અવાજ એમ સમજવાનું છે. મતલબ કે પૂજ્ય શ્રીમોટા જે કંઈ કહે છે કે લખાણ દ્વારા વ્યક્ત થાય છે, એમાં નક્કરતા છે. માત્ર કહેવા કે સમજાવવા પૂરતું જ નથી. પરંતુ એ મુજબ આચરનારને એમની શક્તિની

અખૂટ સહાય મળ્યાં જ કરે છે. આથી પૂજ્ય શ્રીમોટાના શબ્દો વાંચનારે એમ સમજવાનું નથી કે આમાં માત્ર ઠાલો ઉપદેશ છે. ક્યારેક પૂજ્ય શ્રીમોટાની વાણીમાં ઉગ્રતા-કઠણાશ હોય, ત્યારે પણ એમાં ઘાટ ઘડવાનું જોશ-જોમ-શક્તિ હોય છે. આથી એમની વાતને અવગણવી એ યોગ્ય નથી.

પૂજ્ય શ્રીમોટાએ આ પત્રોમાં પોતામાં પ્રગટ થયેલા વિભુત્ત્વની ઝાંખી વારંવાર કરાવી છે. આ પત્રોના વાંચનથી પૂજ્ય શ્રીમોટા સાથે સંબંધમાં આવનાર સૌ કોઈ તેઓશ્રીનું નિકટનું સ્વજન બની રહે છે.

આ પત્રોમાંનો ઘણો જ મોટો ભાગ પદ્યમાં છે. એમાં આવી ઝાંખી-ઝલક વિશેષ પ્રમાણમાં અનુભવાય છે. ઉપરાંત એ પદ્યકથનમાં જીવન વિશેનું ગહન તત્ત્વજ્ઞાન પણ રજૂ થયું છે. એનું મનન-ચિંતન પણ વાચકને પૂજ્ય શ્રીમોટાના આંતરિક સ્પર્શનો અનુભવ અવશ્ય કરાવશે.

પત્રસંચયનાં પ્રકાશનથી અભિનંદનીય ઉપકારક કાર્ય સધાઈ રહ્યું છે.

**- રમેશભાઈ મ. ભટ્ટ**

અમદાવાદ-૩૮૦૦૦૭. તા. ૧૩-૯-૧૯૯૫

॥ હરિઃૐ ॥

# નિવેદન (બીજી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાના અક્ષરદેહમાં તેઓશ્રીએ પોતાનાં સ્વજનોને ઉદ્દેશીને જે પત્રો લખ્યા છે, તેનો ફાળો વિશેષ છે. આ પુસ્તક અગાઉ પત્ર-સંચયના નામથી વર્ષ ૧૯૯૫માં પ્રથમ પ્રકાશિત થયું હતું. તે આ વર્ષે પુનઃ પ્રકાશન પામે છે અને તેનું નામ શ્રીમોટા પત્રાવલિ-૧ રાખવામાં આવ્યું છે. ભવિષ્યમાં પૂજ્યશ્રીના અપ્રગટ પત્રોને પુસ્તક સ્વરૂપે શ્રીમોટા-પત્રાવલિના નામથી પ્રકાશન કરવાનો હેતુ છે. આ પુસ્તકમાં પૂજ્ય શ્રીમોટાએ પોતાના સ્વજનને ગદ્ય અને પદ્ય શૈલીમાં લખાયેલ પત્રોનો સમાવેશ છે.

પ્રથમ આવૃત્તિના પ્રકાશનના મૂળમાં રહેલા પૂજ્ય શ્રીમોટાના સૌ સ્વજનો તથા આદરણીય શ્રી ઈન્દ્રવદન શેરદલાલ (ઈન્દુકાકા) જેઓએ 'એકલો જાને રે...'ની માફક આ પ્રવૃત્તિની શરૂઆત કરી પાયાના સ્તંભ બન્યા છે તેમનો અમો અંતઃકરણપૂર્વક ખૂબ ખૂબ આભાર માનીએ છીએ.

આ પુસ્તકની મુદ્રણશુદ્ધિના કાર્યમાં મહત્તમ કાળજી લેવામાં આવી છે, તેમ છતાં કોઈ ક્ષતિ માલૂમ પડે તો ટ્રસ્ટીમંડળને લેખિતમાં જાણ કરવા વિનંતી છે જેથી આગામી આવૃત્તિમાં સુધારો થઈ શકે. આશા છે કે પૂજ્ય શ્રીમોટાના તમામ સાહિત્યની માફક આ પુસ્તક પણ સમાજ ઉપયોગી બનશે.

તા. ૧૫-૭-૨૦૧૧ **ટ્રસ્ટીમંડળ**
ગુરુપૂર્ણિમા હરિઃૐ આશ્રમ, સુરત
સં. ૨૦૬૭

॥ હરિઃૐ ॥

# અનુક્રમણિકા

## શ્રીમોટા-પત્રાવલિ-૧


| | | |
|---|---|---|
| ૧. | સ્મરણ-નિવેદનની પદ્ધતિ | ૧ |
| ૨. | મળેલો ધર્મ | ૩ |
| ૩. | પોતાનો જ વિચાર | ૬ |
| ૪. | આધ્યાત્મિકતાનો અર્થ | ૮ |
| ૫. | પ્રભુનો સાદ | ૧૧ |
| ૬. | ***મોટા***ની પ્રવેશકળા | ૧૪ |
| ૭. | નિવેદનની અગત્યતા | ૧૫ |
| ૮. | મનનું વિશેષ લક્ષણ તથા *મોટા*નું સામર્થ્ય | ૧૬ |
| ૯. | પ્રભુ પ્રત્યે પ્રેમ | ૧૯ |
| ૧૦. | ખુમારી | ૨૧ |
| ૧૧. | ભાવના પ્રગટાવવાની રીત | ૨૩ |
| ૧૨. | સદ્‌ભાવનું મહત્ત્વ | ૩૦ |
| ૧૩. | કવિતા : ભાવનું વ્યક્તરૂપ | ૩૧ |
| ૧૪. | ***મોટા***નો પ્રેમ | ૩૪ |
| ૧૫. | ભાવનાનો ઉપયોગ | ૩૫ |
| ૧૬. | સાવધાન | ૩૭ |
| ૧૭. | ***મોટા***નો આંતરપ્રવેશ | ૩૯ |
| ૧૮. | કર્મમાં પ્રભુ | ૪૧ |
| ૧૯. | પ્રભુની કરુણા | ૪૩ |
| ૨૦. | દુઃખ વિચાર | ૪૫ |

૨૧. કર્મનું વિજ્ઞાન ૪૬
૨૨. લાગણીનો ઉપયોગ ૪૯
૨૩. સ્મરણશક્તિ ૫૧
૨૪. સદા સંગાથી 'મોટા' ૫૩
૨૫. પ્રભુરૂપમાં 'જીવ' રાખવો ૫૫
૨૬. માતૃભાષાનું મહત્ત્વ ૫૫
૨૭. 'મોટા'નું વ્હાલ ૫૭
૨૮. સંતનું કાર્ય ૫૯
૨૯. તરંગોમાં જીવનવિચાર ૬૨
૩૦. નિરાશા વેળાએ ૬૩
૩૧. પુરુષાર્થનો મર્મ ૬૪
૩૨. પરિસ્થિતિના સ્વીકારની રીત ૬૫
૩૩. જપ-ધ્યાન ૬૬
૩૪. મનનો વિરોધ ૬૯
૩૫. પ્રસંગોમાં પ્રભુ-હાથ ૭૦
૩૬. ઉછીના લીધેલા પૈસાનું લખાણ લખી આપો ૭૧

## શ્રીમોટા-પત્રાવલિ-૨

૧. આધ્યાત્મિક પ્રગતિ માટેની રીત ૭૫
૨. સ્વજનને યાદ કરવાની કળા ૭૯
૩. સાધક જગાડે તો જ ગુરુ જાગે ૮૨
૪. કર્મ ભોગવવાની રીત ૮૪
૫. સ્વજનો માટે મોટા અમીર છે ૮૫
૬. આત્માનુભવની શરતો ૮૭

૭. હૃદયના પ્રેમભાવથી ઝઘડાનો ઉકેલ ૮૮
૮. મુશ્કેલીમાં **મોટા**ને બોલાવો ૮૮
૯. વર્તન વિનાના વિચારનું મૂલ્ય કોડીનું ૯૦
૧૦. નિરાશાનું કારણ ને ઉગરવાના ઉપાય ૯૦
૧૧. *મોટા*માં જીવ રાખો ૯૨
૧૨. વિર્યસ્રાવ અટકાવવાના ઉપાય ૯૨
૧૩. વાસનાની શક્તિને સ્મરણમાં વાળો ૯૪
૧૪. સંતોનું હૃદય એ જ શાસ્ત્ર ૯૬
૧૫. પહેલાં જપ પછી જ ધ્યાન ૯૬
૧૬. જપમાં સાતત્ય કેળવો ૯૮
૧૭. સંસારના પ્રત્યેક સંબંધમાં ભગવાનની ધારણા રાખો ૯૯
૧૮. *મોટા*નું દૃષ્ટિબિંદુ : બહેનોના માસિકધર્મ અંગે ૯૯
૧૯. એક યુવરાજને માર્ગદર્શન ૧૦૧
૨૦. મનની પ્રસન્નતા અને શાંતિની જરૂર ૧૦૨
૨૧. પતિની જીવંત મૂર્તિ એટલે ? ૧૦૩
૨૨. પ્રકૃતિની પકડમાંથી મુક્તિની રીત ૧૦૩
૨૩. ભગવાન નામ-ગુણથી મુક્ત છે ૧૦૫
૨૪. પ્રભુકૃપા પ્રાપ્તિ માટે દરેક કર્મ પ્રભુ-પ્રીત્યર્થે કરો ૧૦૬
૨૫. સાધકના જીવનમાં ઝનૂન વિના પ્રગતિ નથી ૧૦૭
૨૬. જે તે કંઈ સભાનતાપૂર્વક કરો ૧૦૮
૨૭. માનવીની વિશિષ્ટ શક્તિ—કર્મની ઉપરવટ વર્તી શકે છે ૧૦૯
૨૮. જાગૃતિપૂર્વક ભાવનામાં જીવો ૧૧૦

૨૯. દુઃખમાં તો પ્રભુને યાદ કરો ૧૧૧
૩૦. પ્રભુનાં ચરણમાં જ આનંદ ૧૧૨
૩૧. ભગવાન અશક્યનું શક્ય કરે છે ૧૧૩
૩૨. કોઈનું પણ દેવું ન કરો ૧૧૪
૩૩. આર્થિક મુશ્કેલીનો ઉકેલ ૧૧૬
૩૪. હાલનું શહેરી જીવન પ્રભુભક્તિ માટે અયોગ્ય છે ૧૧૬
૩૫. સમાજના પતનનું કારણ સ્ત્રી—માતા
પ્રત્યેની હલકટ નજર ૧૧૯
૩૬. આપણા સમાજનું સ્ત્રીત્વ હણાયું છે ૧૧૯
૩૭. પતિ-પત્નીના ઝઘડાઓનાં કારણ ૧૨૦
૩૮. વિચારપૂર્વક, સમજણપૂર્વક જીવન જીવો ૧૨૦

•

॥ હરિઃૐ ॥

# શ્રીમોટા પત્રાવલિ-૧

## પૂજ્ય શ્રીમોટા

# સ્મરણ-નિવેદનની પદ્ધતિ

॥ હરિઃૐ ॥

પ્રિય ભાઈ..., પંચગિનિ, રાત્રે ૯, તા. ૨૦-૧૨-૧૯૪૪

તમારો તા. ૧૭-૧૨-'૪૪નો કાગળ મળ્યો છે. તમારા મૌનના સંબંધમાં તમારી સાથે હું છું, એવા તમને અનુભવ થઈને એવી ભગવાનની કૃપા તમારા પર ઊતરે એમ હું તો જરૂર ઇચ્છું છું. તમે સતત નામસ્મરણ ચાલુ રાખ્યા કરશો. તમે આમ તો આખો દિવસ નામસ્મરણ કરો છો, પરંતુ તેમાં પૂરતી હૃદયની પ્રેમની ભીનાશ આવેલી હોતી નથી. એટલે હૃદયના ઉમળકાથી હૃદય ઉપર ચિત્તને લક્ષ રાખીને, નામ લેવાનું રાખ્યા કરશો, અને મદ્રાસમાં નિયમિતપણે બંને વખત ધ્યાન કરવાનું ચાલુ રાખશો. અને તમારા રોજના અનુભવોની વિગત મને લખશો. અને ભાઈશ્રી... ને પાછળ લખું છું કે દરરોજ તમને લખવાને માટે કાગળ તથા ટપાલનું પાકીટ પણ આપે. એટલે તમારાં રાતનાં સ્વપ્નાં તથા મનની વૃત્તિઓ, મનમાં ઊઠેલા વિચારો એ બધું વિગતવાર ભગવાનને ચરણે આત્મનિવેદન રૂપે લખતા રહેશો. લખતી વખતે જેને લખતાં હોઈએ, તેની ચેતનાનો ભાવ સળગતો હોય તેવી રીતે હૃદયમાં રાખીને લખીએ. તો જ તે આપણને પ્રેરણાવાળું બની શકે. તમારી સાથે જરૂર હું પ્રભુકૃપાથી મન રાખવાનો જ છું. અને તમે એકલવાયા નથી, તેની પૂરેપૂરી ખાતરી રાખજો. ભગવાનની કૃપાથી તમારી સાથે કોક છે, એવો અનુભવ તે કરાવ્યા વિના રહેશે નહિ, એની મને તો ગળા સુધીની ખાતરી

છે. કૃપા કરીને મૌનના ગાળામાં કોઈ પણ પ્રકારની મનમાં ઈચ્છા કરવી નહિ-કે *મોટા* દેખાય તો સારું કે આવે તો સારું. જે કંઈ કહેવું હોય તે હૃદયની ઉત્કટ ભાવનાથી પ્રાર્થના રૂપે જરૂર કહેવું. ખૂબ આનંદમાં રહેજો અને મોજ કરજો. તમારું મોં કેરાપટ્ટીમાં ઉદાસ રહેતું, તેથી મને ઘણું સાલતું. તમને બધાંને તેવું ના થવાનું કહું છું, પણ હું તો નાનીનાની બાબતોથી ઘણો દુઃખી થતો હોઉં છું, તેથી તમારે મારી પેઠે ચાલવું નહિ. ખૂબ ભગવાનનું નામ લેજો. અને દિવસમાં એક વખત નિયમિતપણે ત્રાટક પણ શરૂ કરજો. અને કોઈ પણ પ્રકારે ત્યાં ઓછું આવવા દેશો નહિ.

લિ. તમારા ભાઈના સપ્રેમ ઘણા ઘણા રામરામ.

• • •

પ્રિય ભાઈશ્રી...,

જત ભાઈ... ત્યાં આવી ગયા છે અને ત્યાં મૌન પાળવાના છે. તેમને પૂરતું એકાંત આપજો. મને લખવાને માટે તેમને એક ટપાલનું પાકીટ જરૂર આપવા વિનંતી છે. તે આપતાં મનમાં સંકોચ રાખશો નહિ. અમદાવાદ તા.૨૧-૨-૪૫ સોરો જવાનો છું. ત્યારે આપણે ઘેર જઈને બધું સમજાવીશ તે જાણશોજી. તે ભાઈને પૂરેપૂરા નિશ્ચિંત બનાવવા તમને પ્રાર્થના છે.

લિ. સેવક ચૂનીલાલ

ભક્તના સપ્રેમ, ઘણા પ્રણામ.

• • •

# મળેલો ધર્મ

॥ હરિઃૐ ॥

પ્રિય...,                    પંચગિનિ, તા. ૨૨-૧૨-૧૯૪૪

આ સાથેની કવિતાની બે નકલ એક સાયલા ને બીજી એલિસબ્રિજ એમ બુક-પોસ્ટથી મોકલશોજી. આ સાથે બે ટિકિટો ત્રણ-ત્રણ પૈસાની છે, તે જાણશો. ખૂબ આનંદ-મસ્તીમાં રહેશો ને મૌનથી નામસ્મરણની ભાવના જીવનમાં જાગતી થઈ જાય એટલી કૃપા કરવા વિનંતી.

એ જ લિ. તમારા ભાઈના
સપ્રેમ ઘણા ઘણા રામ રામ.

• • •

(અનુષ્ટુપ)

*'એક હોવા છતાં પોતે, સગાં જુદાં જુદાં તણા,*
*કેવા જુદાં જુદાં તેનો, ધર્મ કેવો જુદો જુદો.* ૧

*તે સૌની સાથનો ધર્મ, પ્રભુની ભાવના હૃદે,*
*પરોવી યોગ્યતાથી જે, આચરે, ધર્મ પામશે.* ૨

*આધ્યાત્મિકપણું સાચું, વર્તતાં તેવું જીવને,*
*ઊગશે આપમેળે તે, ના તે નોંતરવું પડે.* ૩

*મળેલો ધર્મ જે સાથે, એને ઉવેખીને બીજે,*
*ધર્મ મેળવવા જાય, એને ધર્મ નહિ મળે.* ૪

*મળેલા ધર્મમાં જેઓ, તદાકારપણે થશે,*
*ધર્મમાં એવું જે પ્રેમે, પ્રેરાયેલું, સુખી થશે.* ૫

જ્યાં જ્યાં જીવન સંબંધ, ત્યાં ત્યાં ધર્મ રહ્યો ગણો,
નોંખો જીવનથી ક્યાંયે, ધર્મનો ભાવ ના કશો. ૬

જીવને સર્વ સંગાથે, પ્રભુની ભાવના હૃદે,
દૃઢાવી વર્તશે, એનો ભાવ ત્યાં જીવતો થશે. ૭

હળવા મળવામાંયે, ગૂઢ નિમિત્ત જીવને,
એ રીતે મળવું રાખી, સાર્થ તે કરવું જગે. ૮

સર્વ માંહિ પ્રભુ ભાવ, જીવતો ધારવા હૃદે,
લક્ષ કેળવતાં રે'વું, જાગૃતિ ખંત રાખીને. ૯

સદ્‌ભાવ નમ્રતા શુદ્ધ, સર્વના વર્તને હૃદે,
ધારી ધારી કરો જે તે, જવા દ્યો ના નકામું કૈં. ૧૦

ધારણા એકધારી શી, જીવને પ્રભુભાવની,
રોજિંદા વ્યવહારોમાં, પરોવી વર્તવું સહી. ૧૧

દૃઢાવા એમ અભ્યાસ, વિશ્વની ઘટમાળ આ,
કૃપાથી ભાન ને જ્ઞાન, તે રાખી જીવવું સદા. ૧૨

જુદો વિશ્વથી તે ભાવ, પ્રભુનો ક્યાંય છે નહિ,
પોતામાં જે પ્રભુ જુએ, એને તે વિશ્વમાં જડે. ૧૩

અતિરિક્તપણે ભાવ, વિશ્વથીયે રહ્યો ભલે,
પોતામાં એકવેળા તો, લ્યો અનુભવી ભાવને. ૧૪

તે પછીનું હશે જે તે, આપમેળે જ જાણશો (પ્રીછશો),
ઘૂંટવો હમણાં રાખો, એકડેએક જે મળ્યો. ૧૫

એકડો આવડ્યો જેને, એવો તે બગડો ભણે,
એકને જે કરે પાકું, એને બીજું મળી રહે. ૧૬

એકને કરવામાં જે પાકું, પોતાનું જોમ સૌ
વાપરે, માત્ર તે યોગ્ય, થતાં બીજાની અર્થ તો. ૧૭

એક એક કરી જેઓ, અનંત ડગલાં પથે
ધીમે ધીમે ભરે, તેઓ પામી અનંતતા શકે. ૧૮

પૂરું એક કર્યા વિના, બીજે જે કૂદવા જશે,
તેવાના બગડે એક, તેવા બે કેમ મેળવે ? ૧૯

હોઈએ જે મહીં તેમાં, પૂરું લક્ષ પરોવીને,
પોતાનું કાર્ય ને ધર્મ, જે કરે, તત્ત્વ પામશે. ૨૦

રેખા જીવનની આંકી, તે પછી - ઢાળને વિશે,
ચિંત્વતો જે રહે એવો, પ્રવેશ્યાં કરશે પથે. ૨૧

અભ્યાસ કેળવ્યાં વિના, હૈયાના પ્રેમભાવથી
પ્હોંચવા ટોચ જે ધારે, એ તો મૂર્ખ શિરોમણિ. ૨૨

પ્રભુને મૂકીને ટોલ્લે, સ્વભાવે વશ કર્મને
જે કર્યાં કરવું રાખે, એને કેમ કૃપા મળે ? ૨૩

**તમે પ્રભુનું જો રાખો, તમારું પ્રભુ રાખશે,**
**પ્રભુને સાદ જે દેશે, તે સાથે પ્રભુ બોલશે.** ૨૪

ગમે તેવું કરો વર્ત્યાં, પ્રભુને ના ગણી કશું,
કેવી રીતે વિચારો તે, તમો પૂંઠળ રે' ઊભો ? ૨૫

આપણા અંતરે એને, ઊભા રે'વાની ખેવના,
જે એને યોગ્ય ભૂમિકા, આપણે આપવી સદા. ૨૬

આપણે ઘેર આવેલું, તે સાથે જો ન વર્તશું
બોલીશું યોગ્ય રીતે ના, આવેલું પાછું તો જતું. ૨૭

પ્રભુના ભાવને એવું, જીવને પ્રેમભાવથી,
સ્વીકારી જે વધાવી લે, એનામાં ભાવ ખીલશે (ખેલશે). ૨૮

પ્રભુના ભાવને યોગ્ય, હૈયાની ભૂમિકા બધી,
પ્રાર્થીને ઉરમાં ઊંડું, શુદ્ધમાં શુદ્ધ રાખવી. ૨૯

જે તે કૈં કરતાં રે'તાં એનું લક્ષ ઊંડું ધરી,
કરી સમર્પી દેવું સૌ, આપેલું એનું તે ગણી. ૩૦

આપણે તો બધી રીતે, કોરાં કોરાં રહ્યાં જવું,
પ્રભુનો એકલો ભાવ, રાખી કર્મે વહ્યાં જવું. ૩૧

જીવનસાધના એવી જે કરે, શ્રેય પામશે
જે તે એનું બધું શ્રેય, એનું જીવન-શ્રેય તે. ૩૨

● ● ●

## પોતાનો જ વિચાર

॥ હરિઃૐ ॥

શ્રી...,                                                  તા. ૨૨-૧૨-૧૯૪૪

તમોને પોતાને દિલ સમજવાને મથો ખૂબ ઊંડું,
બીજાઓને એવું દિલ સમજવા પ્રેમથી છોડી દેવું.

રહો રાચી ઊંડા મન, ચિત્ત, હૃદે એક ભાવે પ્રભુમાં,
તમારું સૌ રીતે પ્રભુ કરવશે સર્વ કલ્યાણ સૌમાં.

વિચાર્યાં પોતાનું સતત કરવું કોઈનું ના વિચારો,
વિચારો બીજાનાં કદિક ઊઠતા તાંતણો ત્યાં ન જોડો.
મથીને ત્યારે ત્યાં મન, ચિત્ત, હૃદે એકલક્ષી રહેવું,
પ્રભુમાં જોડાવા મન, ચિત્ત તણો તાંતણો લક્ષ દેવું.

રહેલો સૌમાં છે પ્રિયતમ પ્રભુ કોઈ ને કોઈ રીતે,
વળાંકો કોઈનાં થકી, જીવનને ગૂઢ પ્રેરાવતો રે'
રહેલી છે જેની પ્રભુજીવનમાં બુદ્ધિ કેન્દ્રિત ભાવે,
બધામાંથી એને નિજ જીવનની પ્રેરણા શીખવે છે.

પ્રભુને જે ચિંતવે મન, હૃદયથી સર્વ ભાવે કરીને,
પ્રભુ સંભાળે છે સહુ તરફનું એનું તો નિશ્ચયે તે;
ગપાટા ખાલી ના, જનમતિ મહીં ઊતરે છો ભલે ના,
પ્રભુમાં જે રાચે પ્રભુ કરવશે ખાતરી એહને ત્યાં.

પ્રભુને સૌ વાતે નિજ-જીવનની આપતો જે મહત્ત્વ,
પ્રભુમાં રાખી જે મન-હૃદયને વર્તશે આઠ પહોરે
પ્રભુ એ પોતે ડગડગ પથે શો કૃપા પ્રેમ ભાવ
બતાવે પ્રત્યક્ષે ! કદી નહિ પછી તે ડગે કોઈ વાર.

રહીને સૌ રીતે જીવન ઘડવા માટીના લોંદાની પેઠે,
પ્રભુને જે મોકો ઉર ઉમળકે આપશે તે ઘડાશે.
પ્રભુ પોતા મેળે ડગ નહિ ખસે જો ન ખસીશું પોતે,
પ્રભુને સૌ વાતે મન, ચિત ધરો પ્રાર્થના એ તમોને.

*પ્રભુ વહાલો કોઈ કદી નહિ, કરે કોઈનું યે અશુભ,*
*પ્રભુને સૌ ભાવે જીવન વરવા રાખજો મગ્ન ચિત્ત,*
*પ્રભુ વિના ખાલી ડગલું ભરવા ના કરો કૈં, ઉધામા,*
*પ્રભુને સૌ કર્મે હૃદય જીવતો રાખવો ને મથો ત્યાં.*

*પ્રભુને ભૂલીને કંઈક કરતાં ખાઈશું સર્વ ખત્તા,*
*પ્રભુને જીવાડી મન, ચિત, હૃદે છો પ્રવેશે ગમે ત્યાં,*
*ગમે તે કર્તવ્યે પણ સ્મરણને જીવતું રાખવાને,*
*કૃપાથી માગું હું ધગધગ થજો જાગૃતિ ખંત હૈયે.*

*પ્રભુમાં દિલ રાખીને તમોમાંનું બધું જે તે,*
*પ્રભુને આપતાં રે'તાં તમારું જાય છે શું તે ?*
*લૂંટાઈ ના જવાના છો પ્રભુને આપતાં રહેતાં,*
*કમાવાઈ જવાનું છે પ્રભુને આપતાં રે'તા.*

*વિચારી, લાગણી વૃત્તિ ઊઠે જે વાસના સઘળી,*
*સ્મરી સ્મરીને ઊંડું હૈયે પ્રભુને આપજો હરખી.*

• • •

## આધ્યાત્મિકતાનો અર્થ

॥ હરિઃૐ ॥

પ્રિય..., ખાર, તા. ૩૦-૧૨-૧૯૪૪

તમારો તા. ૨૬-૧૨'૪૪નો કાગળ મળ્યો છે. તમે તે કવિતાની બે નકલ સાયલા...ને અને એલિસબ્રિજ મોકલી દીધી હશે એમ માનું છું. તમે મૌન નથી લીધું તે જાણ્યું છે. અને તમારી પોતાની જ પ્રકૃતિનું પ્રતિબિંબ છે. કાળજી રાખીને

દવા કરાવશો અને શક્તિ આવે એટલે મૌન શરૂ કરશો. અથવા દવા લેતાં લેતાં પણ મૌન ને નામસ્મરણ રાખી શકાય. જે કહેવાનું હોય, તે લખીને આપી શકાય અને દવા લેવા માટે દાક્તરને ત્યાં પણ જઈ શકાય; અને ભગવાનનું નામ બને તેટલું હૃદયની ભાવનાથી લેવાનું કેળવ્યાં કરશો. નિયમસર ધ્યાન-ત્રાટક શરૂ કરી દેશો.

આપણામાં અનેક જાતના ઘોંઘાટ છે. તે ઘોંઘાટો દૂર કરીશું તો બહારનાં ઘોંઘાટ અદૃશ્ય થઈ જશે. આધ્યાત્મિકતાને કશા સાથે સંબંધ નથી એવું નથી, બધાં સાથે સંબંધ છે. **કૃપા કરીને તમારું પોતાનું પૂરેપૂરું પૃથક્કરણ કરતાં રહેશો અને આપણી જાતને સાચી રીતે તપાસી રહ્યાં કરીને, જેવા હોઈએ તેવા જ ભગવાનના ચરણકમળ આગળ ન્યોછાવર થયાં કરીને, ભગવાનની ભાવનામાં જીવંત રહેવાને માટે જે તે કંઈ યજ્ઞ રૂપે કરીએ એનું જ નામ આધ્યાત્મિકતા છે.** માટે આપણે આપણી જાતને પૂરેપૂરી તપાસવી. ભગવાનની આગળ સર્વ પ્રકારે ખુલ્લા થયાં કરવું. એવા ખુલ્લા થયાં કરવામાં હૃદયની સંપૂર્ણ નિખાલસતા અને પ્રામાણિકતા સાચવ્યાં કરવી. જે રીતે ભગવાનની કૃપાથી તેણે આ જીવાત્માને મથાવ્યો છે, તે રીતે જ સૌ કોઈને હું તો બતાવું છું. આ પ્રકારના ઉદ્‌ગારો ‘હૃદયપોકાર’માં પણ છે. અને બીજી એવી પ્રાર્થનાઓ છપાશે ત્યારે તેમાં પણ તેવો હૃદયનો સૂર—આર્તનાદ આપણને સૌ કોઈને જણાયા વિના રહેશે નહિ. ત્યાં રહ્યા છો તો તેટલા વખતમાં આપણું બધું બધા પ્રકારનું ઠીક થયાં કરી તેની યોગ્યતામાં આવીને બહાર નીકળીએ તો જ ભગવાનની પરમ

કૃપા માટે જે કંઈ કરો તે, જે કંઈ વિચારો તે, તે સંબંધમાં પૂરેપૂરી જાગૃતિ, ખંત ધગધગતાં રાખ્યાં કરજો અને લખવામાં હાથ ધ્રૂજે છે, એ બધી ભ્રમણા છોડી દેજો. તમે લખો છો એ ખોટું છે અથવા તો અમસ્તું લખો છો એમ મારું કહેવું નથી. **પરંતુ ભગવાનને જેને વરવાનું છે એવાએ તો મૃત્યુનીયે પેલી પાર જવાની ઉમળકાભેર તૈયારી સેવવી પડશે. તેવા જો હિંમત, સાહસ, ધીરજ, બળ ના હોય અને ઉત્સાહ ના હોય તો આપણે જ્યાં હોઈએ ત્યાં જ સારા છીએ.** માટે કૃપા કરીને આપણે સર્વ પ્રકારે ભગવાનનો પ્રામાણિક, વફાદાર ને ભક્તિપૂર્વક જ્ઞાનભાવે એને જ માટે જીવવાનું છે, એવો જીવતો ખ્યાલ રાખ્યા કરીએ અને જે કોઈ મળ્યાં કરે તેમનામાં સદ્ભાવ ને નમ્રતા કેળવ્યાં કરીને તેમના તેમનામાં પ્રભુનો ભાવ જ કેળવવાનો જીવતો અભ્યાસ રાખ્યાં કરીએ તો પ્રભુનું દર્શન કંઈ આઘે નથી. તેનો જીવંત સ્પર્શ જેમાં તેમાંથી આપણને થયાં જ કરવાનો છે, તે નક્કી જાણશો. આપણને આપણું બધું પ્રભુને સોંપી દેવાની કાળજી આવડતી નથી હોતી. નહિતર એ તો આપણું બધું જ સંભાળ્યા કરે. **આપણામાં હૃદયની સાચી ભક્તિ નથી. અને ભગવાન આપણને કચરામાંથી કે કાદવમાંથી ઉઠાવવાને માટે હાથ ઝાલીને પ્રત્યક્ષપણે મોકો આપે છે, ત્યારે આપણે તેનો હાથ તરછોડીને ભાગી જવાનું કરતાં હોઈએ છીએ. એવી આપણા બધાંની મૂઢતા છે. માટે કૃપા કરીને જીવતાજાગતા રહેજો** અને તમારામાં જીવાડવાની મને કૃપા કરીને રૂડી તક આપ્યાં કરશો એવી પ્રાર્થના. ત્યાં શ્રી...ને તથા તેમના પત્નીને ઘણાઘણા કરીને સપ્રેમ પ્રણામ કહેશો, ને

બાળગોપાળને રામરામ. નકામી વાતો કરશો નહિ. જીવનની વાતો કરજો. અને તે વાતોની ભાવના આપણા જીવનમાં ઉતર્યા કરે તેવી તૈયારી અને જાગૃતિ અને ખંતભાવના રાખશો. પ્રિય...ભાઈ તથા સૌ...ત્યાં આવેલાં છે. તેમને અમારા બંનેના ઘણા ઘણા કરીને સપ્રેમ રામરામ અને પ્રણામ કહેજો જ. **આ કાગળ મુંબઈની ધમાલમાં બેસીને અમે લખી રહ્યા છીએ. મરીનલાઈન્સ સ્ટેશનની ટિકિટબારી આગળ જ્યાંથી કેટલાય મુસાફરો જતા આવતાં હોય છે. ત્યાં નીચે નિરાંતે બેઠા છીએ.** ખૂબ આનંદમાં રહેજો. અને આનંદનું વાતાવરણ ફેલાવજો. આપણું જીવન ભગવાનને માટે છે અને આપણે માટે નથી. એનો જીવતોજાગતો ખ્યાલ રાખજો અને આપણને ઘડી શકે એવા એવા સર્વ પ્રકારના નિરાગ્રહીપણાવાળા આપણાથી કેવી રીતે રહ્યાં કરાય તે વિશે વિચાર્યા કરશો.

...ના પણ ઘણા ઘણા સપ્રેમ રામરામ.

લિ. તારા ભાઈના સપ્રેમ ઘણા ઘણા રામરામ.

• • •

## પ્રભુનો સાદ

॥ હરિઃૐ ॥

પટેલ એન્ડ કું., નં.૧-ડી ગીરા કમ્પાઉન્ડ,
સિકંદરાબાદ, તા. ૨-૧-૧૯૪૫

(ગઝલ)

*પ્રભુને દિલ જો ચાહો ખરા ઉરના ઉમળકાથી,*
*ત્હમોથી તો ન તે અળગો, ત્હમે અળગા ન એનાથી.*

સ્વભાવે આપણે હોવું પ્રભુને દિલ ના ધરવો,
પછી ફરિયાદ કરવાને રે આપણને કશો હક શો !

પ્રભુને જે ગમે તેવી રીતે ના વર્તવું ધારો,
કરો સૌ ફાવતું, ગરદન પ્રભુને કાં પછી મારો.

પ્રભુમાં જીવ રાખીને પ્રભુની ધારણા જીવતી,
બધાં સૌ કર્મમાં રાખી લઈ જુઓ પરીક્ષા શી !

પ્રભુને સાદ દેવાનું હૃદયના આર્તનાદેથી,
પરોવી ભાવમાં મનને કરી જુઓ, બને છે શી !

વળાંકો મન તણાં ઊઠતાં તમારે તે રીતે જીવવું,
મથામણ કંઈ થતાં હૈયે ન ચેતીને ન વિચારો !

હૃદયમાં પ્રેમભાવેથી પ્રભુમાં એકતારે થૌ,
ન જોડાવાનું રાખો છો, કરે ત્યાં બાપડો શું તે.

ખરેખર ઉરમાં ધરવા તમારી ચેતના સ્મૃતિને
મથે પ્રભુની કૃપાથી તે છતાં કારી ન ફાવે છે.

હૃદયમાં પ્રિય સ્વજનોનાં વિચારો આડફંટા જે,
થતાં આંદોલનો જગવી અમને બેચેન બનાવે છે.

સ્વજન સૌ પાંસરાં રે' જો, પ્રભુને યાદ કરવામાં,
તમારી શક્તિ વાપરજો રહીને જાગૃતિવાળા.

તમારી ચેતના સ્મૃતિની હૃદયની શક્તિ એ મારું
જીવન સૌભાગ્ય માનું હું સદા એથી જીવું છું હું.

*મને ગુંગળાવી મારો છો, ઘણી વેળા ઘણી વેળા*
*નથી ફરિયાદ કરવાની તમે એવાં અમારામાં*

*ન ચિનગારી હૃદય પ્રકટે પ્રકટવાને શું તૈયારી*
*પૂરેપૂરી ન રાખો કાં ઉમળકે ચેતનાવાળી*

*સ્વજન જો હોઈએ સાચા હૃદયની ભાવનાવાળાં*
*સ્વજનને રાખવા જીવતું કૃપા કરજો સદા વ્હાલાં*

*પ્રવેશે છે તમારો જે હૃદયમાં ભાવ મુજ વિશે*
*બોલે છે શક્તિ મારી તે તમોમાં તેથી જીવાયે*

***મને જો રાખવો જીવતો તમારામાં તમારે હો,***
***હૃદયનો પ્રેમનો ભાવ, થતાં કર્મે મને દેજો.***

*તમારામાં હૃદય જીવવા મને તો ભાવના કેવી*
*મળે ઉત્સાહવાળો ના પૂરો પ્રત્યુત્તર સામો*

*પડે બે હાથથી તાળી હવાં ચેતો કૃપા કરીને,*
*જીવન એવું વહ્યું જાયે ન લાગે લ્હાય કાં તમને.*

અહીં દસેક દિવસ રહેવાનું થશે. નકલ થઈ શકે ? ભાઈ ખાર, એલિસબ્રિજ-૩,૪ આશ્રમ એમ મોકલશોજી. એને માટેની ટિકિટ ભાઈ પાસેથી લઈ લેશો. સૌ...ને કહેજો કે નકલ કરી આપશે.

લિ. તમારા ભાઈના સપ્રેમ ઘણા ઘણા રામરામ.

• • •

# મોટાની પ્રવેશકળા

॥ હરિઃૐ ॥

પ્રિય..... ભાઈ, કરાચી, તા. ૫-૧-૧૯૪૫

બધાંને એક સાથે તે હૃદય સંતોષ દેવાને,
મથું હું એકલો કેવી રીતે મુજને તે ન સમજાયે !

સમય નિરાંતનો લેવા પિયરમાં જંપથી ઠરવા,
પલાઠી વાળી જ્યાં બેઠો ખલકના ખેલ ત્યાં ન્યારા.

તમે વ્હાલા હૃદય વ્હાલા, હૃદયથી મુજને કેવા !
તમારામાં પૂરું જીવવા ધરી શી શી અભિલાષા !

તમોએ ચિંતવેલું સૌ હતું મારા વિશે જે જે,
રહ્યું મુજ લક્ષમાં તે કર્યો ના હોત તમ વિશે.

તમોમાં જીવવા કાજે પૂરેપૂરી રીતે હૃદયે,
...છે ઝંખના કેવી શકું બતલાવી શી રીતે !

હૃદયમાં પ્રાણ જેને છે હૃદયમાં ભાવ ના જેને,
હૃદયમાં ખેંચવા એને ગ્રહે આધાર જાણે તે.

હૃદયમાં ભાન જોડાઈ રહેવા જો ન રે' પૂરું,
કરી ત્યાં શું શકું એવું જણાયે છે સહજમાં સૌ.

રિસાવાનું ન મારે છે રિસાયે સૌ સ્વજન મુજથી,
મને શો વેગળો મૂકી સ્વજન કેવાં રમે મનથી !

મને જો હૃદયમાં લગની જગાડીને પૂરી મૂકો,
પછી જો થાય ના કૈં તો મને હડસેલી સૌ મૂકજો.

*કરી જુઓ અખતરોયે હૃદયની ભાવ શક્તિથી,*
*હૃદયમાં ઊતરી પૂરાં હૃદય એને ભરી રાખી.*

*નિરાશા ન કશી મારે નિરાશામાં પડેલાં જ્યાં,*
*સ્વજનને જોઈને કેવું તડપતું દિલ ફફડે ત્યાં !*

*છતાં ફરિયાદ કરવાની અમારે કોઈને ના છે,*
*...છાંયને કેવું શમાવાનું કૂવામાં છે.*

*તમારો સાથ મળતો ના તમારો ભાવ મળતો ના,*
*તમોને શી રીતે પૂરતી મદદ પહોંચાડી શકવી ત્યાં ?*

*છતાં શ્રદ્ધા હૃદયમાં છે, મને વિશ્વાસ પૂરતો છે,*
*પ્રભુના ભાવનું કામ થયા વિના ન તે રહેશે.*

*કૃપા કરજો કૃપા કરજો હૃદયનો પ્રેમ સૌ ધરજો,*
*કદી આપી શકાવાનું બને ના તો ક્ષમા કરજો.*

લિ. તમારા ભાઈના સપ્રેમ ઘણા ઘણા રામરામ.

• • •

## નિવેદનની અગત્યતા

॥ હરિઃૐ ॥

પ્રિય...ભાઈ, તા. ૬-૧-૧૯૪૫

તમારું તા. ૨૪-૧૨-૪૪નું પી.સી. આજે અહીં મળ્યું છે. આશ્રમે ગયું, ત્યાંથી મુંબઈ ગયું ને ત્યાંથી મલબારહીલ ગયું ને ત્યાંથી અહીં આવ્યું. તમને તાવ આવે છે ને આવતો હતો. હવે શી હાલત છે તે કોઈની પાસે લખાવતાં રહો તો

આ જીવને ટાઢક વળે ને ? શ્રી...ને એવું મારા વતી કહેજો તે બે આંકડા તમારી તબિયતના મને જણાવશે.

અહીં મારું રહેવાનું તારીખ ૧૬-૧૭ સુધી થાય તો થાય. કશું નક્કી નથી.

લિ. ભાઈ

• • •

## મનનું વિશેષ લક્ષણ તથા *મોટા*નું સામર્થ્ય

॥ હરિઃૐ ॥

પ્રિય...,                    સિકંદરાબાદ, તા. ૮-૧-૧૯૪૫

તમારું તા. ૫-૧-૪૫નું પી.સી. મળ્યું. તેમાંનું ભજન અને ભાવ બંને મને ઘણાં ગમ્યાં.

**ભાઈ ! મનડું ચંચળ તો હોય છે. પણ એને કશામાં નેહ લગાડી દઈશું તો મનડું પછી ચંચળ રહેશે નહિ.** જેમ મનડાને કંઈક કશાની લત લાગી હોય છે તો મનડું તેમાં ને તેમાં રમ્યાં કરે છે. એટલું જ નહિ પણ આંખને પણ ત્યાં ઠારે છે અને વૃત્તિને પણ ત્યાં દોરવે છે. એ તો તમે અનુભવેલી વાત છે. એવી લત મનને લાગી જાય માટે પ્રભુનું નામસ્મરણ પ્રેમભાવથી, એકનિષ્ઠાથી કરવાનું કૃપાથી રાખો ને મનને મારા પર પ્રેમ કરતું કરી દ્યો.

**જો હું બૈરી હોત તો તમને સકંજામાં જલદી લઈ શકત, કારણ કે એ રૂપે મરદ કે જુવાન જલદી પકડી શકાયા હોત. મારે તમને એવા રૂપે હવે જણાયા કરવું છે. કે જેથી દિલની એ બાબતની સર્વ વૃત્તિઓ નિર્મળ બની શકે.** પણ તમારા

એકલાની તો કશી ઇચ્છા જ હોતી નથી. એ તો સામેથી જેવી ઇચ્છાનાં પ્રાણ, ચેતના, બળ, પ્રેરણાત્મક ઉત્સાહ વગેરે પ્રકટ્યાં કરે એના પર બધો આધાર રહેલ છે.

અહીં આવીને તા. ૩૧-૧૨-૪૫થી શરદી, થોડોક તાવ ને ઉધરસથી શરીર પટકાયું હતું. તે આજે ઠીક છે. તમારે ભાઈસાબ સુખ છે. તમે હાથ જોડી રહી બેસી રહી શકો.

અમને તેવું હોય તોય જંપવાળો નથી હોતો. કામ કરવું જ પડે પણ કંઈ તમારી સ્પર્ધા કર્યે કંઈ થોડું જ ચાલે ?

પ્રભુની ભાવના આપણા ત્યાંના રહેઠાણથી કોઈકનામાં પણ જાગે તો ત્યાં રહેવું ધન્ય માનીશ બાકી તો ઠીક. હવે મૌન લેવાનો વિચાર શો છે ?

એક મહિનાનું મૌન લેવાયા વિના છૂટું પડી શકાવાનું નથી. માટે એ તો જ્યારે અનુકૂળતા લાગે, ત્યારે લેવાનું જરૂર રાખશો.

કદાચ આવતી કાલે સાંજે અહીંથી નીકળવાનું કરું, તેથી હવે કંઈ લખો તો કાગળ ખારના સરનામે લખશો. મુંબઈ દશેક દિવસ થશે એટલે તા. ૨૧-૧-૪૫ સુધી મુંબઈ હોઈશ.

તમારા વિશે મનમાં મને તાલાવેલી લાગે છે. હું તે કેવો પામર છું કંઈ ન કરી શકું. હાથપગ બેડીથી બંધાયેલા આગ લાગેલી જોઉં પણ ઓલવી ના શકાય. કંઈક થતું ખ્યાલ આવે પણ આડો હાથ ના દેવાય. આ તે કેવી નિરાધારી ને સ્વજન વ્હાલાં વ્હાલાં એટલે એક બાજુ જીવ જાય ને બીજી બાજુ રામ તારી માયા ! જે સ્વજન વ્હાલાં છે તે પણ પ્રભુના ભાવ

માટે કે એવું વ્હાલ રાખવાથી એમનામાં જો કંઈ તેવું જાગી શકવાનું હો તો જાગી શકે.

સૌ...ને મારા વતી પગે પડીને કહેજો કે *મોટા*ને હવે બહુ દુઃખ ના દેશો. હવે તો સહન નથી થતું. તમારે પાલે પડ્યો છું, તે કદી સુખ નથી વળ્યું. દુઃખ, ક્લેશ, સંતાપ એવું જ પ્રસાદી રૂપે મળ્યાં કરેલું છે. નિરાંતે ઝંપાયું નથી. હવે તો દયા કરો. બહુ થયું. પથ્થરને પણ સહન કરી લેવાની મર્યાદા હોય છે. હું કંઈ ધમકી આપતો નથી. મારી ધમકીને ગણકારે પણ કોણ ? પણ ભગવાન ખાલી હાથે વધારે વાર બેસી રહેશે નહિ. ***મોટા* ખાલી તાબોટા પાડનાર વ્યંઢળ નથી. એટલે કૃપા કરીને જીવનના ધર્મમાં જીવ લગાડીને એક ભાવે થઈ જાઓ, તો સૌ રૂડાં વાનાં થશે. હવે નથી જીરવાતું. મારો ગુલામનો ગુલામ થઈ રહીશ, જો તમે બધાં પ્રભુના ગુલામ બનીને મળેલા ધર્મમાં એકભાવે વર્ત્યા કરશો તો.** તમારું મેં કશું બગાડ્યું છે ? હા ! થોડુંક ઐહિક કશું બગાડ્યું હોય તો હિસાબ પતવી લ્યો, જે કહો તે રકમ ભીખ માગીને મોકલી આપું. સૌ...ને કહેજો કે *મોટા* તમારી પર રિસાયા છે. એટલે હમણાં કાગળ નથી લખવાનો. જ્યાં સુધી દિલમાં સાચો પશ્ચાત્તાપ જાગે નહિ ને પોતાના સ્વભાવને યોગ્યતામાં લાવવાનું સાચું મન ના કરે, ત્યાં લગી ને એ મને જણાવે નહિ ત્યાં લગી કાગળ નથી લખવાનો. આખરે કશાથી જ્યાં કારી ન ફાવવાનો વારો લાગશે તે વેળા ઘર આંગણે ધા નાંખતો નાંખતો કશુંક એવું કરી બેસશે કે તેથી આપણને બધાંને જગતમાં હોહા કરી નાંખશે. કૃપા કરીને મને ત્યાં

લગી મર્યાદા સુધી ન દોરાવી જશો. તમારી સાથે જીવ બંધાયો છે. જે રમત રમવા કે મોજ કરવા બંધાયો નથી પણ જીવનના સાચા ધર્મની પરખ થવા, પણ તેમાં તો હજુ આપણે ઘોર્યા જ કરીએ છીએ. હવે તો આંખમાં કશું ભોંકાયાં કરે છે. દિલ ફાટે છે. સહેવાતું નથી. તમારે પગે પડું છું. જે ગરીબને જરા ધા વહાવો એટલી પ્રાર્થના છે. આટલું હૃદયથી ભક્તિભીની પ્રાર્થનાથી એમને કહેજો ને કાગળ આપજો. પ્રિય...ને પણ હમણાં કશું લખતો નથી. સર્વને મન 'આવું લખવું એમાં શું એમ છે.' કે એવું તો બધા લખે. હશે ભાઈ ! પ્રભુ જાણે કે દિલ જાણે *'ક્યા ક્યા હમારે દિલમેં હૈ.'*

• • •

## પ્રભુ પ્રત્યે પ્રેમ

॥ હરિઃૐ ॥

સિકંદરાબાદ, તા. ૯-૧-૧૯૪૫

(ગઝલ)

*કરી તેં પ્રેમ જાણ્યો ના હૃદયની ભાવનાથી જો*
*જીવનમાં પ્રેમને કેવી રીતે જન્માવી શકશો તો...* ૧

*થવા દ્યો કામ નિજ સર્વે સચેતન ભાવનાથી જે,*
*પ્રભુનો ભાવ કેળવવા તણું ત્યાં ભાન રાખીને.* ૨

*પ્રભુને પ્રેમથી પાડો હૃદયથી સાદ જ્યાં ત્યાંયે,*
*બધે સંસાર વ્યવહારે પ્રભુનો ખ્યાલ ધારીને.* ૩

*પ્રભુની સાથ જો પ્રેમ હૃદય લગની હશે લાગી,*
*પ્રભુ વિના કશે ડગલું ભરી શકશો નહિ ભાગી.* ૪

પ્રભુ વિના કશું બીજું ન ક્યાંયે જીવતું દેખો,
પ્રભુ સર્વથી અનુભવવા હૃદયથી સર્વમાં પેખો. ૫

પ્રભુની ઝંખના હૈયે સચેતન ભાવનાવાળી,
હૃદય પ્રકટેલી રાખીને કરો જે તે ભલે છોને. ૬

પ્રભુ પ્રકટાવવા જીવન તણો નિર્ધાર કીધો છે,
ભલા નિર્ધાર નિશાની બતાવો કૈંક તો જીવને. ૭

પ્રભુ જીવન તણું માપ જીવનમાં કંઈ કશું જેના,
જીવનને કેવી રીતિથી શકીશું જાણી સારું ત્યાં. ૮

જીવન સ્વછંદપણું ના છે જીવનનો રંગ ન્યારો છે,
છતાં ત્યાં ભાન ને સાન જીવનનાં ઓર જુદાં છે. ૯

જગત અજ્ઞાની છો ને તે છતાં માની ન લેશે તે,
કશુંયે એમનું એમ હૃદયથી જાણી લેજો તે. ૧૦

ભુલાવામાં પ્રભુને કો કદી રાખી મૂકો છો ને,
ભુલાવામાં છતાં કો'થી રહી શકતું જગત ના તે. ૧૧

જગતની આંખમાં વ્હાલા બિરાજેલાં રહ્યો ગૂઢ,
જગતને પ્રભુ કેરા નવા શા ઢંગ ને રંગ. ૧૨

જગત કેરા પ્રભુનાંથી જીવનને એકધારો જે,
ચઢાવે છે નિશો કોઈ પ્રભુ ત્યાં નીરખે છે તે. ૧૩

જગત વ્યવહારમાં છો ને પ્રપંચો વૃત્તિઓ રમતી,
તમારે શી પડી છે. ત્યાં સદા ખેલો કરી મસ્તી. ૧૪

પ્રભુના ભાવમાં જેઓ સદા નિજ પ્રાણ રાખીને,
કરે વ્યવહાર તેવાને કશી ગડભાંજ ના હૈયે. ૧૫

ભલે મુશ્કેલીઓ આવે બીજા તે તે રીતે જુએ,
પ્રભુના ભક્તને કિંતુ ન ત્યારે તેવું લાગે છે. ૧૬

જગત મુશ્કેલીમાં જે કૈં જુએ એનાથી ન્યારી કૈં,
બીજું તે ભાવથી દેખે જુદું ત્યાં દૃષ્ટિબિંદુ છે. ૧૭

જીવનનાં દૃષ્ટિ ને વૃત્તિ વલણ જેવાં રહે હૃદયે,
બધું તેવી રીતે સૌમાં હૃદય ત્યાં આપ નિરખાશે. ૧૮

કૃપાથી દૃષ્ટિ ને વૃત્તિ વલણ તેથી પ્રભુ કેરાં,
જીવનનાં સર્વ પાસામાં કરોને કેળવ્યાં ઊંડાં. ૧૯

જીવન પથ આવતું જે તે જીવનદૃષ્ટિથી નિહાળો,
વિના તે કો બીજી વૃત્તિ વલણ ના અન્યથા ભાળો. ૨૦

જીવનને જો જીવન રીતે બધે જ્યાં ત્યાં નિહાળીશું,
જીવનને સર્વમાંથી તો હૃદયથી કેળવી શકશું. ૨૧

• • •

## ખુમારી

॥ હરિઃૐ ॥

પ્રિય ભાઈ..., ૩૭૦, લિંકિંગ રોડ, ખાર, મુંબઈ,

તા. ૯-૧-૧૯૪૫

(ગઝલ)

ખુમારી જો જીવનમાંથી જીવન કેરી ન પામો તે,
મઝા શી જીવવામાં છે, ભલા કોઈ બતાવો તે. ૧

બધાં જેવું જીવે તેવું જીવનને જો તમે જીવો,
બધાંનામાં તમારામાં રહ્યો શો ફેર ત્યાં પછી તો... ૨

બધાં જેવા તમે તેવા પછી કેવી રીતે જુદા,
પ્રભુને પામવા કેરી ન કેડી એવી ખપની ત્યાં... ૩

બધાંનાથી જુદા કોઈ અને કોઈ રીતે તમને,
તમારું જીવવું ન્યારું કદી લાગે જીવન તો તે... ૪

બધાં સૌ માનવી જેવું જગે વર્તે તમે તેવું,
સ્વભાવેથી કરો વર્ત્યા જુદાપણું બેઉમાં ત્યાં શું... ૫

અમારાં કર્મમાં ભાવ પ્રભુનો નીતર્યો રે છે,
જુદાપણું સર્વથી ન્યારું અમારું એવું એવું તે... ૬

હૃદય પર હાથ રાખીને પ્રમાણિકતાભર્યા થઈને,
તમે જો કહી શકો એવું જીવન ન્યારું ગણો ત્યારે... ૭

પ્રભુનો જીવતો ખ્યાલ હૃદયની ભાવનામાંથી,
વહેતો કર્મે જે રાખે સ્વભાવે તે જુદો મનથી... ૮

સમોવડીયા થવા ચાહો સદા મુજ સુખ ને દુઃખે,
તપાસો સૌ પહેલાં તો તમે જે જે કરો છો તે... ૯

સ્વભાવેથી થતું જે તે થવા દ્યો તે ન તે રીતે,
સચેતન જો હૃદે પૂરા રહો તો કામ બનશે તો... ૧૦

તમારાં વર્તનોથી શા હૃદય આઘાત લાગે છે,
બદલવા તે છતાં પૂરી ન ત્યાં તૈયારી લાગે છે... ૧૧

*હૃદય જેને તમે મનથી જીવન સર્વસ્વ માન્યું છે,*
*છતાં એને દુઃખ તમથી થતાં યે, ન જણાયે છે... ૧૨*

*પછી શું માનવું મારે તમારી માન્યતામાં તે,*
*હજી ના પ્રાણ પ્રકટ્યા છે હજી એવું ન ચેતન છે... ૧૩*

*ઊતરતાં પ્રાણ ચેતન સૌ તમારી માન્યતામાં તે,*
*કરાતાં દુઃખી તમથી તે તમોને સર્વ સમજાશે... ૧૪*

*જીવન જેને તમે માન્યું જીવન પલટાવવા કેવું,*
*અમોલું દિવ્ય સાધન ત્યાં છતાં કાં પ્રાણ ન દ્યો શું... ૧૫*

• • •

## ભાવના પ્રગટાવવાની રીત

॥ હરિઃૐ ॥

પ્રિય ભાઈ...,                ખાર, તા. ૧૫-૧-૧૯૪૫ સાંજે

તમારા ૩૧-૧૨, ૧-૧, ૨-૧, ૪-૧, ૫-૧, ૯-૧, ૧૦-૧, ૧૧-૧, ને ૧૨-૧ એમ નવ કાગળો આજે મને મળ્યા છે. આજ બપોરે ૧-૩૦ વાગે ઘેર આવ્યો છું. આશ્રમથી કાગળો ૧૫મીએ આવવાનો છું એમ ધારીને તથા વચગાળે પણ અહીં આવું એવો સંભવ હોવાથી, ટપાલ બધી અહીં જ રાખેલી હતી. કાગળોના જવાબ વિગતવાર અત્યારે આપી શકું તેમ નથી. અને તા. ૩૦મીથી તમે મૌન લીધું છે, તે હકીકત જાણી છે. સાધકને કહેલી વાતો તેને પોતાને યાદ નથી રહેતી, એ દુઃખની વાત છે. અને તેને પોતાને પણ તેનું ભાન રહેતું નથી. એટલે તેને કેવા પ્રકારનું ને કેવું ને કેટલું

દુઃખ થતું હશે એ તો તે પોતે સમજે ત્યારે ખરું. ત્રિચિ દુકાને તમને વાત કરી હતી પણ તેનો તમને ખ્યાલ ન રહ્યો એ પણ મારે મન તો મોટી વાત છે. ધ્યાનમાં બેસતાં કશુંક જોરથી દુઃખે અથવા તો બીજી કંઈ પણ હેરાનગતિ થાય તો તેથી ચળી ન જવું પણ ભગવાનનું નામ મોટેથી બોલીને બને તેટલું સ્થિર થવાનો પ્રયત્ન કર્યા કરવો.

હૃદયની સામે ત્રાટક કરતાં નવા પ્રકારનો આભાસ થાય છે. તો તેમાં મન લગાડવું નહિ, પરંતુ આપણે બધાંથી અલગ છીએ અને કશાયની સાથે મનનો સંબંધ નથી. પરંતુ હૃદયના ઊંડાણના ઊંડાણવાળા તળમાં જવાયાં કરાય અને એકાગ્રપણે ભાવનાયુક્ત અને તેની સમજણ રહે એવું ચિત્ત તે વખતે ત્યાં અગાડી કેન્દ્રિત રહ્યાં કરે તેવું આપણે કરવાનું છે.

એકાંતમાં રાત્રે ભજન મોટેથી નહિ પણ માનસિકપણે ગાઈ શકાય. તમે તા. ૧૨મીએ જે કવિતા લખી છે, તે મેં વાંચી છે.

કવિ ન્હાનાલાલની *'આવો આવોને સખીઓ આજ રસતાળી પાડી'* એ ઢાળનું ગરબીનું ગીત તા. ૧૨-૧-૪૫નું લખેલું મને ઘણું ગમ્યું છે. પણ આવાં ગીત લખીએ તે વખતે જેનામાં આપણે ભાવના કેન્દ્રિત કરવાની છે, તેનામાં ચિત્ત રાખીને તેને હૃદય સમક્ષ પ્રત્યક્ષ કરીને તેની સામે તે ગાઈએ અને એ રીતે ભાવનાનો ઉદ્રેક પ્રકટાવીએ પણ એ જે ભાવના પ્રગટે, તે ભાવનાને જીવનના પ્રત્યેક ધર્મના યોગ્ય કર્તવ્યમાં નક્કર ન બનાવી શકીએ, ત્યાં સુધી તે ભાવના એ માત્ર ધૂમાડામાં બાચકા ભરવા જેવી છે. તમે જો કોઈકને તમારો

જીવનનો ગુરુ માનતા હો તો તે આપણા પોતાના કયા કર્તવ્યથી રાજી થશે કે દુઃખી થશે તેનો ખ્યાલ, તેના વિશેનો પ્રેમ આપણને પ્રકટાવ્યા વિના રહી જ ન શકે અને જો સાચો તેના પ્રત્યેનો પ્રેમ જાગે તો તેવો પ્રેમ જીવનધર્મના યોગ્ય કર્તવ્યમાં આપણને મૂક્યા વિના પણ રહી શકે નહિ, તે જાણશોજી. એટલે ભાવના કે કાવ્યો એક સાધન રૂપે ઘણાં જરૂરનાં છે અને તેટલા પૂરતો જ તેનો અર્થ હોઈ શકે. તમને તા. ૯-૧-૪૫ના રોજ સિકંદરાબાદથી લખેલી કવિતામાં સમજણ ન પડી એ વાંચીને ઘણી નવાઈ લાગી છે. એમાં પ્રેમ વિષે જ લખેલું છે. પ્રભુ-જીવનનું માપ જીવનમાં જો કંઈ પણ કશા પ્રકારનું ન જ હોય તો આપણે સાચા જીવનને કેવી રીતે જાણી શકવાના છીએ ? જગત ભલે અજ્ઞાની હોય છતાં તે એમ ને એમ કશું માની લેવાનું નથી, તે હૃદયથી નક્કી જાણશોજી, ભગવાનને ભૂલાવામાં કોઈ રાખી મૂકે છતાં જગત ભૂલાવામાં કોઈનાથી રહી શકવાનું નથી. જગતની આંખમાં ગૂઢ બિરાજેલો વહાલો તે જરૂર તેના રંગ, ઢંગ ભલે નવા નવા હોય તેમ છતાં જગતનાં તે પ્રભુમાંથી જીવનને એકધારો કોઈ ઓર નશો જે ચઢાવે છે, તે જ પ્રભુને નીરખી શકવાનો છે. જગતના વ્યવહારમાં પ્રપંચી વૃત્તિઓ ભલેને રમતી હોય, તમારે ત્યાં શી પડી છે ? આપણે કદી પ્રપંચ કરવો નહિ ને પ્રપંચમાં ભાગીદાર થવું નહિ ને પ્રપંચી વૃત્તિ જન્મવા દેવી નહિ અને સદાય ભગવાનના ભાવમાં મસ્ત રહીને ખેલ્યાં કરવું. જેઓ પ્રભુનાં ભાવમાં સદા પોતાના પ્રાણ રાખીને વ્યવહાર કરે છે, તેવાને હૈયે કશી ગડભાંજ થતી નથી. ભલે મુશ્કેલીઓ આવે.

અને બીજા મુશ્કેલીઓને તે રીતે જુએ, પરંતુ પ્રભુના ભક્તને ત્યારે તેમાં તેવું તે વેળા લાગતું નથી. જગત મુશ્કેલીઓમાં જે કંઈ જુએ છે. તેનાથી ન્યારી કંઈ બીજી ભાવના મુશ્કેલીઓમાં તે જુએ છે. અને તેનું દૃષ્ટિબિંદુ જ ત્યાં જુદું હોય છે. કૃપાથી દૃષ્ટિ, વૃત્તિ ને વલણ પ્રભુનાં જીવનનાં સર્વ પાસામાં આપણે કેળવ્યાં કરવાનાં છે. જીવનનાં દૃષ્ટિ, વૃત્તિ ને વલણ જેવાં હૃદયમાં રહેશે તેવી રીતે બધું સૌમાં આપમેળે હૃદયમાં નિરખાશે. જીવનના પંથમાં જે જે આવે છે, તેને જીવનના ધ્યેયની દૃષ્ટિથી જોવાનું રાખો. તે વિના બીજું વૃત્તિ કે વલણ કે અન્યથાપણે ત્યાં રાખશો નહિ. જીવનને જો જીવનની રીતે જ્યાં ત્યાં બધે નિહાળીશું તો સર્વમાંથી જીવનને હૃદયથી કેળવી શકીશું.

તમારામાં—સૌ કોઈનામાં—પોતે કંઈક છે એવું બતાવવાનું જરૂર હોય છે જ. એટલે તમે તેવી વૃત્તિમાં ઘણી વેળા તણાવ છો. અને એટલે મારી તો તમને પ્રાર્થના છે કે કૃપા કરીને તે વૃત્તિનું જોશ સાધનામાં એકાગ્ર થવાપણામાં વાપરો તો તે વૃત્તિનો રચનાત્મક ઉપયોગ યોગ્યપણે થવાશે. માટે કૃપા કરીને જે જીવનનું ધ્યેય ભગવાને કૃપા કરીને આપણને બતાવ્યું છે, તેમાં જ સાંગોપાંગ આપણે પાર ઊતરીએ ને તેમાં જ લક્ષ રાખ્યાં કરીએ તથા **જીવનમાં મળતા પ્રત્યેક પ્રસંગનો યોગ્ય ધર્મ આપણે ભાવનાપૂર્વક જ્ઞાન સાથે આચરતા થઈ જઈએ અને એવાં આપણા દૃષ્ટિ, વૃત્તિ ને વલણ તે તે પ્રસંગના ધર્મના આચરણની વેળાએ રહ્યા કરે એનું જ નામ આધ્યાત્મિકતા.** ભાવનામાં જો વધારે પ્રાણ અને શક્તિ રેડો

અને તેમાં જ તમારી વૃત્તિને કેન્દ્રિત અને એકાગ્ર કરો તો જરૂર જીવનનો પલટો થયેલો પ્રત્યક્ષપણે અનુભવમાં આવ્યા વગર રહેશે નહિ.

તમે જે ખુલ્લા દિલે બધું મને જે આવે છે, તે લખવાનું રાખો છો, તેથી એક રીતે આનંદ પણ થાય છે. અને બીજી રીતે આપણું માનસ કેટલા નીચા સ્તરનું છે, તેનું દર્શન ભગવાન મને કરાવ્યા વિના રહી શકતો નથી. એટલે તમે જે સર્વ પ્રકારે ખુલ્લા થતા જાવ છો, તેથી મને કશું ખોટું લાગતું નથી. પરંતુ ભગવાન જે કૃપા કરીને સ્પષ્ટપણે આપણા માનસનાં, આપણા સ્વભાવના નગ્ન રીતે જે દર્શન કરાવે છે, તેનો જો જ્ઞાનપૂર્વક આપણે સ્વીકાર કરવાનું રાખીએ અને તેનાં તેવાં વલણો ઊઠે, ત્યારે ત્યાં ન જકડાઈ જઈએ તો જ તે આપણને થયેલું ભાન સાચું ગણાય. ભાન થયાનું તે એક સચોટ માપ છે એમ ગણશો.

જરૂર તમે શ્રી...ને મળવાની ભૂલ કરી છે. તે નક્કી જાણશો અને તમારી ભૂલ તમને સમજાઈ છે તે જો કે સારું છે. પરંતુ એ ઉપરથી પ્રત્યેક આવી પડેલા પ્રસંગમાં કેવી રીતે વર્તવું એની આપમેળે જે સૂઝ ઊગી જવી જોઈએ, તે આપણને ઊગી નથી, તે આ પ્રસંગ ઉપરથી જણાઈ આવે છે. વળી આમાં તો દીવા જેવું ઉઘાડું હતું કે તમારે ત્યાં અમુક રીતે રહેવાનું છે, અમુક અમુક જાણીતાઓની નજરે તો ચઢવાનું જ નથી, જે તે દીવા જેવું દેખીતું હતું, તેમ છતાં મને દોડધામ કરી તે આપણી અવળચંડાઈ જ ગણાય. પરંતુ તમે તેનાથી ચેત્યા છો, ને ભવિષ્યમાં જીવનના મળતા પ્રસંગોમાં એવા જ

પ્રકારના નહિ પણ કોઈ બીજા પ્રકારના પ્રસંગોમાં તે પ્રસંગોના યોગ્ય ધર્મ ને હેતુ કૃપા કરીને જીવતોજાગતો હૃદયમાં રાખવા જાગૃતિ ને ખંત રાખશો એટલી તમને પ્રાર્થના છે.

મેં ઉપવાસ કરેલા તે જ તારીખોએ ત્યાં તમારે ઉપવાસ હતા. તથા મને જે તારીખે તાવ વગેરે આવતું તે તારીખે તમને પણ હતું તે હકીકત અને તેની મહત્તા જો સાચેસાચી રીતે તમારા દિલમાં ઊગી ગયાં હોય તો સાચો પ્રેમ પ્રગટાવવામાં તે એક મોટામાં મોટું પ્રભુકૃપાનું નિમિત્ત છે. એમ હું તો માનું છું. મને કોઈ એમને એમ સ્વીકારે એમ મેં કદી કહ્યું નથી. પરંતુ આવા પ્રકારના નક્કર અનુભવો દ્વારા ભગવાનની ભાવનાના અસ્તિત્વને આપોઆપ સિદ્ધ કરાવે છે. એ જ એક મોટામાં મોટો પુરાવો છે.

તમારી કવિતા તા. ૨-૧-૪૫ *'આવ્યાં વળી વળીમાં કહીં ચાલી જાતા, વિશ્વે બધાં જ ફરતાં નવ ઠામ રે'તા'* એ કવિતામાં પણ તમારા હૃદયની ભાવના ઊતરી છે. અને એ ભાવના તમારા અંતરમાં છે એની ના નથી. પરંતુ એ ભાવના તેવાં તેવાં સ્વજનોની સાથેના વર્તનમાં નક્કરપણે આકાર લેતી જાય એ કામ આપણે કરવાનું છે, તે એનું મહત્ત્વ આપણા દિલમાં પૂરેપૂરું રહ્યાં કરે, જીવતુંજાગતું રહ્યાં કરે, એનો આપણે ખ્યાલ રાખવાનો છે, તે જાણશો.

અહીં એકાદ અઠવાડિયું કદાચ રહેવાનું બનશે. કશું નક્કી નથી. કદાચ તેટલું ન પણ રહેવાનું થાય. કારણ કે સાયલા જઈને સૌ...ને થાળે પાડીને તરત જ કરાચી જવું છે. કરાચી ગયા વિના શરીરનું થાળે પડવાનું બનવાનું નથી. અને જ્યારે

જ્યારે ગયો છું, ત્યારે વજન વધ્યું છે. તેથી ત્યાં જઈ જઈને આરામ અને શાંતિ પૂરેપૂરી લેવી છે. એટલે જેટલું બને તેટલું જલદી હવે કરાચી જવાનું બનશે તે જાણશો. હું જ્યાં સુધી લખું નહિ, ત્યાં સુધી મૌનની મર્યાદા અમુક જ છે એમ જાણશો નહિ.

**પ્રશંસાની લોલુપતા ભલભલાને સપડાવે છે. અને આપણે તેમાંથી જ્ઞાનપૂર્વક છટકવાનું છે. એટલે એવી વૃત્તિમાં બને તેટલું જાગૃત રહેવું એ આપણો ધર્મ છે.**

...ભાઈનો કાગળ મેં વાંચ્યો છે ને મેં લખ્યું છે તે યથાર્થ છે. અને તે કાગળ મને ગમ્યો પણ છે. તેમને તે મેં મોકલી આપ્યો છે, તે જાણશો.

નિશ્ચિંતભાવે સાધનામાં એકાગ્ર થવાનું મન રાખશો અને તમારી સાથે કોઈક છે એવા અનુભવને પૂરેપૂરો પાકો થઈ જાય તો જ તમારા વિશે મારાથી નિશ્ચિંત થઈ શકાય તેમ છે, તે જાણશો. માટે એમાં જ મન, ચિત્ત, બુદ્ધિ, પ્રાણ અને અહંકારને પરોવી દઈને જે તે બધું કરવાનું રાખશો તો આનંદ થશે.

વધારે તો હવે શું લખું ? એટલે કૃપા, મહેરબાની રાખશો અને તમારામાં પ્રત્યક્ષપણે કોઈક ભાગ લઈ રહ્યું છે, એવા અનુભવને જીવનના સંગાથીરૂપે આપણે બનાવી શકીએ તો જ તેવા અનુભવો આપણને પ્રેરણારૂપ બની શકે છે. તે વિના તેવા અનુભવોનો કશો હેતુ પણ નથી સરતો અને અર્થ પણ નથી સરતો, તે જાણશો. બસ એ જ. ત્યાં બધાંને સપ્રેમ પ્રણામ.

તમારા ભાઈના સપ્રેમ ઘણા ઘણા રામરામ.

• • •

# સદ્ભાવનું મહત્ત્વ

॥ હરિઃૐ ॥

પ્રિય...ભાઈ, સિકંદરાબાદ, તા. ૧૮-૧-૧૯૪૫

તમારો તા. ૭-૧-૪૫નો કાગળ મળ્યો છે. તમે તા. ૧૭-૧૨-૪૪ના પ્રજાબંધુનો લેખ મેળવીને તે કાપલી જરૂર... ભાઈને મોકલવાનું રાખશો. એ કામ ભાઈ...ને સોંપશો તો પણ ચાલશે.

તમે મૌન લીધું, તે મને તો ઘણું જ ગમ્યું છે.

(ગઝલ)

*હૃદયની ભાવનાને જે જીવન ઉતારવામાં તે,*
*...છે એક ભાવેથી જરૂર તે જીતશે અંતે.* ૧

*બધા વ્યવહાર - વર્તનમાં હૃદય સદ્ભાવ જે રાખે,*
*કશાનામાં કશું એને પછી ના અન્યથા લાગે.* ૨

*જીવનદૃષ્ટિ અને વૃત્તિ વલણ જેનાં જીવન કેરાં,*
*બદલતાં જે જુએ અંતર જીવનને મેળવે તેવાં.* ૩

*કશી સગડગ કશા પ્રત્યે ન જેને જાગતી હૈયે,*
*જીવનમાંહીં પ્રવેશાવા થયો તૈયાર જાણે તે.* ૪

*પૂરો સદ્ભાવ સૌ પ્રત્યે ખરેખર ઉર કેળવજે,*
*વિના સદ્ભાવ ને પ્રેમ કશું ના મેળવી શકશે.* ૫

*જીવનમાં પ્રેમ જાગ્યો ના જીવન કેવી રીતે સાચું,*
*શકીશું પામી ઉરમાં તે વિચારીને જુઓ ઊંડું.* ૬

*તપાસો આપ પોતાને પૂરેપૂરી રીતે પ્રેમે,*
*જીવન જન્માવવા યોગ્ય થવા દેવું બધું ભાવે. ૭*

*જીવન તો આપમેળે જ પ્રગટવાનું નથી હૈયે,*
*કૃપા, પુરુષાર્થ ને શ્રદ્ધા જરૂર તે કાજ સાધન છે. ૮*

*તમારામાં મને જીવવા રૂડી તક આપજો વ્હાલાં,*
*બતાવેલું ગ્રહાવા તે હૃદય સૌ રાખજો કીરપા. ૯*

*તમોને જે કહેવાનું બને નાહક નથી એ તો,*
*કહેવાનો મને શોખ થતો મેળે નથી એ તો. ૧૦*

*ખસેડાવા પ્રભુ વ્હાલો કરાવે છે કરામત તે,*
*મને શો સોગટું બનાવી મને કેવો ફગાવે છે ? ૧૧*

*કૃપા કરજો કૃપા કરજો ત્મહારે હું પડ્યો પાલે,*
*નિભાવી રાખજો વ્હાલાં પ્રભુના પ્રેમના કાજે. ૧૨*

*નકામો હું બધી રીતે કદી રંજાડતો લાગું,*
*મને ત્યાં માફી આપીને જીવાડી રાખજો હૃદ શું. ૧૩*

*ચરણમાં પ્રાર્થના એવી કરીને જે પ્રભુને હું,*
*'સ્વજન જીવનતણા કામે પૂરો ઉપયોગ કરજે તું.' ૧૪*

એ જ લિ. તમારા ભાઈના સપ્રેમ ઘણા ઘણા રામરામ.

• • •

## કવિતા : ભાવનું વ્યક્તરૂપ

॥ હરિ:ૐ ॥

પ્રિય વ્હાલુડા ભાઈ..., કરાચી, તા. ૧૯-૧-૧૯૪૫

તમારો તા. ૧૯-૧-૪૫નો કાગળ મને મળ્યો છે. તથા ૧૫-૧-૪૫ની કવિતા પણ વાંચી છે. તેમાં શિખરિણી વૃત્તમાં ઘણી ભૂલો થઈ છે. શિખરિણીનો અક્ષરદેહ નીચે પ્રમાણેનો છે.

પહેલા છ અક્ષરે અટકવાનું ને તેમાં પહેલો અક્ષર લઘુ ને બાકીના પાંચ ગુરુ, બીજા પાંચ લઘુ, પછી બે ગુરુ. પછી ત્રણ લઘુ ને છેલ્લો ગુરુ. એમ સોળ અક્ષરનો તે છંદ બને છે. કેટલીક લીટીમાં વધારે અક્ષરો આવી ગયા છે. તમારામાં કલ્પનાશક્તિ છે. એને કવિતામાં ઉતારવાનું ભાન રાખવાનું છે. મારું અનુકરણ એ બાબતમાં તમારે કરવાનું છે. તમારામાં કેટલીક વખત સારી કલ્પનામાં તાદશ્ય ચિત્રો કવિતામાં ઊતરી શકે એવી સ્પષ્ટ દૃષ્ટિ છે. એનો ઉપયોગ કરતાં રહેવું એટલે તે કળા ખીલી શકે. **કવિતા એ તો ભાવનો વ્યક્ત દેહ છે. એ ભાવનું યોગ્યપણે પરિશીલન થતાં ભાવનું પણ સુંદર આકલન તમે કરી શકશો. કાવ્ય પણ કળા છે.** ચિત્રકળાની શક્તિ તમારામાં છે. એ બધું કેમ ખીલી શકે, એવો પણ કદી કદી મને વિચાર આવે છે પણ ટકી શકતો નથી. આમથી તેમ જ કૂધ્યાં કરે છે. ને મારું તે વળી કંઈ ઠેકાણું છે ?

તમને તા. ૯-૧-૪૫ની કવિતા વિશે તમે લખો છો તે સાચું છે. જે વખતે જેવો તમારો mood (મુડ) રહ્યો તે વિષે તે લખાયું હોય, તે વેળા એની જે અસર પડી શકે તે જ સાચી. બાકી તે mood (મુડ)જતો રહ્યાં બાદ એની સમજણ તેવી રીતે તો ન જ પડી શકે એ તો સમજાય તેવું છે.

જો મૌન રાખવાથી જ વાતાવરણમાં યોગ્ય રીતે રહી શકવાનું બની શકતું હોય તો એના જેવું બીજું શું ઉત્તમ !

તમારે દરેક કાગળમાં કવિતારૂપે કશું ને કશું કલ્પના-શક્તિનો યોગ્ય ઉપયોગ કરીને મને લખતાં જ રહેવાનું છે. એમાં કશો સંકોચ રાખવો નહિ. સર્વ દોર ખુલ્લા મૂકી દઈને લખવું, ક્યાંયે ખટક રાખવી નહિ. નહિતર નહિ લખી શકાય. એવી કવિતા લખવાનું રાખવું કે જે રચનાત્મક ભાવ પ્રાર્થનાવાળી હોય, કે જે જીવનમાં ભાવને ઊંડા લઈ જવામાં પ્રેરણા—મદદ દેનારી હોય.

કોઈ વાતે ઉધામા થવા દેશો નહિ. માનવી પોતાની જાતે જ પોતાના પગમાં કુહાડી મારતો હોય છે પણ એનું એને ભાન હોતું નથી. આપણામાં શુંનું શું થઈ ગયું ને ક્યાંના ક્યાં ગયા એવા તરંગે કદી પણ ચઢવાનું નથી. તમને મૂકીને આવતો રહ્યો-છટકી આવ્યો તે તમારી ફરિયાદ તો હૃદયમાં વાગે છે, પણ હું શું કરું ? પરિસ્થિતિ જેણે ઉપજાવી તેનો હેતુ સફળ સર્વભાવે સર્વરીતે થઈ શકવામાં જે કંઈ થઈ શકે તેટલું કરવાનું હોય છે, એવી મારી તો કેટકેટલી લાચારી ને નિરાધારી હોય છે, છતાં પણ *'નિર્બળ કે બળ રામ'* ભક્ત તુલસીદાસનું પદ હૃદયમાં પ્રેરણા પ્રેરાવ્યા વિના રહેતું નથી. જેને પ્રભુનામાં શ્રદ્ધા વિશ્વાસ ઊગી ગયાં છે, એ તો સર્વ વાતે નિશ્ચિંત ને સર્વ સ્થિતિ પોતાના જીવનકલ્યાણ માટે ઘડાવા મળેલી છે, એમ જ માનીને વર્તશે. કૃપા કરીને આનંદથી આનંદ આપવાનું કરશો એટલી પ્રાર્થના છે. ધ્યાન ત્રાટકમાં બને તેટલું પૂરતું યોગ્ય લક્ષ કેમ આપી શકતા નથી ? જરા કૃપા કરો તો સારું.

• • •

## 'મોટા'નો પ્રેમ

॥ હરિઃૐ ॥

વ્હાલા વ્હાલા..., અમદાવાદ, તા. ૨૩-૧-૧૯૪૫

તમારો ૧૮-૧-૪૫નો કાગળ મળ્યો છે. તા. ૧૯મીની સવારે આવ્યો. ૨૦મીએ સાયલા ગયો. ૨૧મીએ ત્યાં રહ્યો. ૨૨મીએ ત્યાંથી નીકળ્યો. ને સાંજે અહીં આવ્યો. તા.૨૫-૧ની સવારે કરાચી જવા નીકળીશ તે જાણશો.

(શિખરિણી-મંદાક્રાંતા)

*ગમે તે કાર્યં છો કંઈ પણ કરો તોય મારા હૃદેથી,*
*તમે ના કેમેય મટી જઈ શકો. વ્હાલ સોયા, કૃપાથી.*

*ભલે જે કંઈ ઈચ્છો ત્યમ ડગ ભરી દુઃખ આઘાત દેજો,*
*સહીશું તે પ્રેમે પ્રિય સ્વજનની જાણીને ભેટ એ તો.*

*શિશુ લાત મારે નિજ જનનીને તો ય મા તો કદિયે,*
*શિશુને અંકેથી મૂકી નવ શકે, એવી મારી દશા છે.*

*ભલેને પ્રત્યક્ષે જીવન તમને પ્રેરણા આપનારો,*
*જણાતો ના હોઉં, પણ તમે પ્રતિ જોઉં તે તાત જાણે.*

*મનાવાને કાજે કંઈ કંઈ કરું પ્રેમથી શા પ્રયત્ન,*
*તમોને લેવાને મુજ હૃદયમાં શા હું પાડું સાદ.*

*પ્રભુ મ્હારો વ્હાલો કદિક તમને ઉર ચેતાવીને તે,*
*તમોને ઠેકાણે જરૂર કરશે દિલ વિશ્વાસ મારે.*

*તમે છોને ભાગો જઈ જઈ કહીં ક્યાં જવાના તમે છો,*
*તમારું ને મારું સગપણ કર્યું તે ન મિથ્યા થવાનું !*

*હું તો મ્હારે નિત્યે મુજ હૃદયની ભાવના પ્રેમ કેરી,*
*વહાવ્યાં ખંતે શું કરીશ તમમાં જે થવું હોય બને છો.*

*જવાયે છો ભૂલી કદિક મુજને સાવ એવું તમોથી,*
*છતાં મારાથી તો નહિ થઈ શકે તેવું કોટિ ઉપાયે.*

*તમે મારામાં છો, થઈ નવ શકો કો ઉપાયેથી જુદા,*
*રહેવાના ત્યાં છો, જીવનભરમાં થાય ભેટો ભલે ના.*

*તમોને દેવાને બળ, રસ, હૃદે ઉપયોગી બનું હું,*
*કઈ રીતે એની સમજ મુજને પાડશો ભીખ માગું.*

*તમોને જોવાતા મુજ થકી નથી દુ:ખી એવા થયેલા,*
*મને શું શું ત્યારે થઈ ગયું હશે, શેં બતાવી શકું તે.*

*તમારી સંગાથે તમ દુ:ખ મહીં દુ:ખ હું ભોગવું છું,*
*તમારી સંગાથે સહન કરતો હું રહું તે બતાવું.*

*તમારાથી કેવા હૃદય મુજને થાય આઘાત ઊંડો,*
*બતાવાથી એને વધુ શું વળશે ? સામું જો જો વ્હાલા.*

● ● ●

## ભાવનાનો ઉપયોગ

॥ હરિ:ૐ ॥

પ્રિય ભાઈ..., કરાચી, તા. ૨૯-૧-૧૯૪૫

તમારો તા. ૨૦-૧-૪૫નો પોસ્ટકાર્ડ મળ્યો છે. માનવી પોતાની જ ઝંખનામાંથી-આરો આવી શકવાનો વખત પાછું ઠેલતું હોય છે. એનો એને ખ્યાલ પણ હોતો નથી, તે જાણશો.

બધું મૂકીને એની ભાવનાની જ્યોત જીવનમાં જાગતી જલતી થઈ શકે એમાં જ લક્ષ પરોવી દેવાનું રાખશો, તો જીવનની જ સમસ્યા સર્વ પ્રકારની ઉકેલાઈ જવાની છે તે જાણશો. કુંભકોણમ્‌ના મૌનએકાંત કરતાં આ વખતનું મને તો ઘણું છીછરું લાગ્યા કરે છે. જો કે ભાવનાને કવિતામાં ઉતારવાનું શક્ય બનતું જાય એ પણ મને ઠીક લાગે છે. પણ એના પર જોર ના આપી દેવાય તે જોશો. ભાવનાથી જીવનને આકાર આપવાનો છે, એટલે એ રીતે જ એનો સુયોગ્ય—ઉપયોગ બન્યાં કરે તે જોવાનું છે. ગમે તેવી સ્થિતિ ઉદ્‌ભવતાં—વૃત્તિ એક જ ભાવમાં રમ્યા કરે તો પરિસ્થિતિનો ઉકેલ તો આપમેળે એની કૃપાથી થયાં જાય, એવી સહજ સ્થિતિ એ આપણો આદર્શ છે, તે જાણશોજી. પ્રભુ આપણને એવા જીવનનું સર્વ લક્ષ એ પ્રતિ પ્રેરાવો એ જ પ્રાર્થના. તમારા ત્યાંના જીવનથી સહુ કોઈને કશી અગવડ કે અન્યથાપણું ન પ્રકટે તે જોશો. **આપણે નમ્રતા કેળવવાની છે ને સદ્‌ભાવ કેળવવાનો છે, તે આપણા પોતાના વિકાસ માટે. તેમાં કોઈને મહત્ત્વ આપવાના હેતુથી નહિ પણ જીવનને મહત્ત્વ આપવાના લક્ષથી તેમ કરવાનું છે તે જાણશો.** આનંદ મસ્તીમાં રહીને જીવાડવાનું કરજો એ જ તમને પ્રાર્થના.

લિ. તમારા ભાઈના સપ્રેમ
ઘણા ઘણા રામરામ.

• • •

# સાવધાન

॥ હરિઃૐ ॥

પ્રિય વ્હાલુડા આત્મન્, કરાચી, તા. ૨-૨-૧૯૪૫

તમારો તા. ૨૭-૧-૪૫નો કાગળ મળ્યો છે.

(ગઝલ)

*ભલે અળખામણો લાગું, ભલે ના કોઈને ગમતો,*
*છતાં વ્હાલા મળેલાં જે ગમે કેવા હૃદય એ તો !* ૧

*મારો વાંક શો કાઢું ? બધોયે વાંક મારો છે,*
*બધુંયે ઢોળજો તો તો બને જે સારું નરસું યે.* ૨

*ભલે જે જે થતું તેમાં વિચારો જે ઊઠે તેમાં,*
*હૃદય ભાવનાથી તે કરી પ્રત્યક્ષ અર્પો ત્યાં.* ૩

*કશું કંઈ પાસ ન રાખો બધું યે ઠાલવી દેજો,*
*સદા ખાલી પૂરા રે'જો પછી ચિંતા ના કૈં ધરજો.* ૪

*તમારા ખ્યાલને હૈયે ઊંડો ચાંપી લઈને હું,*
*સમર્પણ તે થવા પાદે પ્રયત્ને ભાવ આરોપું.* ૫

*થવું કે ના થવું એની કશી ના ચાહના ધરતો,*
*પ્રભુને કોઈ આશાથી ન વળગું કોઈ રીતે હું.* ૬

*થતું જો ભાંડવાથી હો હૃદય હળવું તમારું તો,*
*સુખેથી ભાંડજો મુજને હૃદય શું લાગશે વ્હાલું.* ૭

*ઊંડી વૃત્તિ વિના કોઈ શકે ભાંડી ન કોઈને,*
*મને તો 'ભાંડવામાં યે' સ્વજનનો પ્રેમ લાગે છે.* ૮

સ્વજનની રીસ હૈયાની મહીં શી પ્રેમની છાયા,
થતા ઘા પ્રેમના ભાવે હૃદય સત્કારતું તે ત્યાં. ૯

હૃદયનો પ્રેમનો ભાવ મૂકી દેશે ન કોઈને,
ભલે કોઈ મૂકી દેશે છતાં ત્યાં પ્રાણ રાખે તે. ૧૦

હૃદયનો પ્રેમ જે કોઈ જુદાં જુદાં નથી રૂપો,
કરી પોતા રૂપે એને મથાવા ઈચ્છતો તે તો. ૧૧

વલણ મનનું ફરી જાતાં ગણો જે તે નઠારું તે,
નઠારું તે ન લાગે છે સ્વરૂપ બદલાય છે તેને. ૧૨

સ્વરૂપ મનનું બદલાવામાં મથામણ આકરી કેવી ?
પડે જ્યારે, થતી અમુંઝણ થતી કળી હું શકું તેવી. ૧૩

છતાં સાહસ અને હિંમત તણી જે શક્તિ હૃદયે છે,
પૂરો ઉપયોગ કાં ના લો ભલા એ તો તમે કામે. ૧૪

પડેલી કલ્પના મનમાં અનેરી મુજ વિશે જે જે,
સળંગે ને સમગ્રે ત્યાં ન રંગત એકધારી છે. ૧૫

ફસાવાનું બન્યું છે જો ફસવશો ના કદી મુજને,
તમારું કોક જાણીને હાશ જીવાડજો એને. ૧૬

પ્રભુને ફોસલાવાનું બનેલું આપણાથી જે,
નડે જીવન મહીં કેવું હવે સમજણ પડે છે તે. ૧૭

રવડતું મૂકવામાં શું તમોને એકલા એવા,
સ્વજનને શું થતું એની તમોને કલ્પના શી ત્યાં. ૧૮

*થયેલી જે પરિસ્થિતિ ઊભી એનાથી શી રીતે*
*બીજી રીતે શકું વર્તી અહા ! લાચારી કેવી છે ! ૧૯*

*કરેલું ભોગવ્યાં વિના ન ક્યાંયે છૂટકો કોનો,*
*ભલા ક્યાં ભોગવો એને રિબાઈને શું મેળવશો ? ૨૦*

*હૃદયમાં રામ રાખીને સચેતન હામ ધારીને,*
*કૃપાથી રો' હૃદય વળગ્યાં પ્રભુને પ્રાર્થના કરીને. ૨૧*

*મળેલો જે જીવનમાં છે પૂરો એકાંતનો કાળ,*
*ફરી એવો ન તે મળશે વિચારી સર્વ લ્યો કામ. ૨૨*

*પ્રભુને પ્રાર્થના કરજો હૃદયની ભાવનાથી તે,*
*પ્રભુને હામ દેવાને પ્રભુની સ્હાય માંગો જે. ૨૩*

લિ. તમારા ભાઈના સપ્રેમ ઘણા ઘણા રામરામ.

• • •

## 'મોટા'નો આંતરપ્રવેશ

॥ હરિઃૐ ॥

પ્રિય આત્મબંધુ, કરાચી, તા. ૬-૨-૧૯૪૫

(ગઝલ)

*કરીને ખાલી કરવામાં સ્વજનને યાદ શું રહે છે,*
*કમાવાનું રહ્યું તેથી ? સમજમાં બેસતું ના તે. ૧*

*સ્વજનને જ્યાં હૃદય-કમળે સ્મૃતિપટ માંહે આણું છું,*
*સ્વજન બેફામ ત્યાં પૂરા પડેલા વ્યસ્ત શાં દેખું. ૨*

*જીવનના મધ્યબિંદુથી વલણ ને દૃષ્ટિ ને વૃત્તિ,*
*જીવન-વ્યવહાર સંબંધમાં ન ચેતેલાં રહે હૃદયથી. ૩*

પૂરાં બેભાન જાણે શાં અધોમૂખે સ્વજનને ત્યાં,
હૃદયમાં જોઈને ત્યારે વળે ના જંપ તેઓમાં. ૪

જીવન સંબંધમાં જ્યાં જ્યાં મળેલાં તે વિશે હૃદયે,
બનીને એકરૂપે ત્યાં જીવો છો, કાં ન તે ભાવે ? ૫

જીવન આનંદની લ્હેરે જીવન છોળો ઊછળવાને,
જીવનની મસ્તી ભરતીમાં નિરખવા દ્યો જીવન મુજને. ૬

પરસ્પરનો હૃદયનો મેળ મળે ત્યાં શી ખુમારી છે,
હજારો બાદશાહતની ખુમારીને ટપી જાયે. ૭

કવિની કલ્પના ના તે નથી આકાશના ઘોડા,
હકીકતમાં બને તેવું જીવી જે જાણશે થોડા. ૮

જુવાનીના ઉછાળામાં જીવનને ત્યાં ચગાવામાં,
હૃદય મસ્તી ચઢે જેને જીવન જે માણશે તેવાં. ૯

જીવન સૌંદર્ય ને સુરભિ જીવન સુરેખતા દિવ્ય,
કળા નિભાવવા એનું મળ્યું જીવન જગે ભવ્ય. ૧૦

જીવન આદર્શની ઊંડી હૃદયમાં પ્રેરણા સ્ફુરતી,
જગવવાને રમે ખ્યાલે જીવનની મેળવે, શક્તિ. ૧૧

જીવન રસ ભાવ આનંદ તણો લલકાર ! શું ઓછો !
જીવન આકર્ષવાને કે જીવનને વેડફે સ્વજનો ! ૧૨

મળેલ 'ધૂળ-મૂડી' શી જગે જન સાચવી રાખે !
જીવન મૂડી તણી કિંમત ચઢે ના ખ્યાલ કોઈને. ૧૩

*જીવન સંસ્કાર મળિયા જે જીવનને પામવા કાજે,*
*જીવન લગનિ સ્વજન વ્હાલાં છતાંયે કાં ન લાગે છે ? ૧૪*

*નવજીવન વેઠ કે ભાર, જીવન ઉદ્યાન - સુકુમાર,*
*ખિલાવી શી સુવાસેથી થવા મઘમઘ ચ્હો પ્રાણ. ૧૫*

*જીવન અમૃત આનંદ તમો સૌથી જીવન લેવા,*
*તમારે હું પડ્યો ચરણે થજો મન તો કૃપા દેવા. ૧૬*

*જીવનની ભીખ માગીને જીવનનો રોટલો ખાવો,*
*ગરીબની એ જ લહેજ્જતમાં ખુમારીનો નશો કેવો ! ૧૭*

લિ. તમારા ભાઈના સપ્રેમ ઘણા ઘણા રામરામ.

• • •

## કર્મમાં પ્રભુ

॥ હરિઃૐ ॥

પ્રિય વ્હાલુડા...ભાઈ, કરાચી, તા. ૯-૨-૧૯૪૫

તમારો તા. ૪-૨-૪૫નો કાગળ મળ્યો છે. તમને કાગળો નથી મળ્યા, તે જાણી મને તો નવાઈ લાગે છે. મેં તો ઘણાં લખ્યા છે. તમે મને...ના સિરનામે કાગળ વહેલાં મળે એમ લખેલું, તેથી તેના સિરનામે કાગળો લખ્યા છે. માટે તપાસ કરાવશો. મૂંગા ન રહેવું હોય તો ન રહેશો. કશું મારે બેળે કરાવવું નથી. જે કરાવવાનું છે તે વિકાસ, ને તે પણ તમારા વિકાસ માટે કરાવવાનું છે. માટે ન ગમે તો જરૂર મૂકી શકો છો, પણ આ વખતના મૌનમાં-એકાંતમાં-મને તો કશો ભલીવાર ન લાગ્યો, ન રસ પડ્યો મને કે ન પડ્યો તમને.

માટે જે ઘણું કઠે તેવું ન કરશો બાકી એવી અંતરની મરજી તો નથી.

(ગઝલ)

*જીવન સર્વસ્વ માનીને પ્રભુને સર્વ બાબતમાં,*
*નિવેદ્યે જે હૃદય પામે પ્રભુની ગૂઢ નિકટતા.* ૧

*હૃદયમાં ચિંતવ્યાં કરીને મહત્તા એની ધારીને,*
*પરિસ્થિતિ તણો હેતુ ફળાવજો તે કળી લઈને.* ૨

*કહેવા ના પ્રભુ આવે મળેલાં કર્મ અંતર છું,*
*પ્રભુને કર્મમાં પેખી કરે કર્મો, બને પ્રભુનું.* ૩

*હૃદય વિશ્વાસ જે રાખે પ્રભુમાં તે પ્રભુ પામે,*
*પ્રભુને સર્વ વાતોમાં પૂરો આધાર ધારીને.* ૪

*પ્રભુની ભાવના જ્યાં ત્યાં જીવનમાં જે અનુભવશે !*
*પ્રભુ પ્રત્યક્ષ એવાને હૃદયથી આપ પરખાશે.* ૫

***પ્રભુને સાદ પાડીને હૃદયના આર્તનાદેથી,***
***ઊભો પડખે રહેવા જે પુકારે, સ્હાય પામે તે.*** ૬

***પ્રભુને પ્રાર્થના ભાવે લળી લળીને ભીના થઈને,***
***પ્રભુમાં જીવ રાખી જે પુકારે તે મદદ પામે.*** ૭

*હશે ખોવાયેલાં તેને પ્રભુ તો ખોળતો રે' છે,*
*પ્રભુ ખોવાયેલાં કેરી અહા ! સંભાળ શો લે છે !* ૮

*હૃદય ખોવાયેલાંને તો પ્રભુના પ્રેમની ઝાંખી,*
*તણો રે ખ્યાલ સરખોયે કશો આવી શકે ક્યાંથી ?* ૯

ભરોસો પ્રભુ પરનો ગમે તેવી દશા માંહે,
મૂકી દે ના જરી તેને પ્રભુ પડખે ઊભા રહે છે. ૧૦

• • •

## પ્રભુની કરુણા

॥ હરિઃૐ ॥

પ્રિય વ્હાલુડા, કરાચી, તા. ૧૦-૨-૧૯૪૫

(ગઝલ)

પ્રભુને જે ભૂલે છે ના, ભૂલે છે ના પ્રભુ એને,
પ્રભુને માનવી ભૂલે, છતાં સંભાળ શી લે તે ! ૧

મળે સૌ કર્મ પ્રારબ્ધે કહે છે કૈંક જન એવું,
ને મેળવવા કશું લાયક બન્યા હત જો હતે તેવું... ૨

પ્રભુ કર્મને ન્યાયે બરાબર તો જો દે તે,
ન જીરવી તે શક્યા હોત સહેતાં યે ન સહેવાયે. ૩

કરતુકો માનવી કેરાં નકારે શા પ્રભુને તે,
મળે જો કર્મનો ન્યાય ઊભું રે'વાત ના ક્યાંયે. ૪

કરેલાં કર્મ વિચારી મળ્યું જે જે તપાસો તે,
કૃપા તો તો પ્રભુ કેરી હૃદય તત્કાળ સમજાશે. ૫

પ્રભુ કોરો, પૂરો કોરો ખરેખર તે નથી ન્યાયી,
પ્રભુના ન્યાયમાં કરુણા ભળેલી છે ખરે કેવી ! ૬

કરુણાનિધિની કરુણા તણો કૈં ખ્યાલ જીવનમાં,
છતાં યે માનવી હૃદયે ઊઠે ના કોઈ પણ વેણ. ૭

પ્રભુ કેવો કૃપાળુ છે પ્રભુ કેવો દયાળુ છે !
કૃપા એ તો તમારી પર અહા ! વર્ષાવી કેવી છે ! ૮

છતાં ભીનું હૃદય પૂરું અરે કો ના હજી બનતું,
કૃપાએ ભાગ શો ભજવ્યો જીવનમાં, નીરખો-વીનવું. ૯

કૃપા જ્યાં ત્યાં જીવનમાં છે કૃપાથી સર્વ પામ્યાં તે,
કૃપા આધારથી જીવો કૃપાની શી મહત્તા છે. ૧૦

જીવનના સર્વ અનુભવમાં કૃપા પ્રભુની પિછાનો ને,
મહત્ત્વ દૈ કૃપાને સૌ કૃપામાં જાણજો સહુ. ૧૧

કૃપાનું અવતરણ જીવને કર્યા કરો હૃદયમાં તે,
કરો આધાર જે શુદ્ધ કૃપા જે રાખવા કાજે. ૧૨

કૃપા બલિહારી ન્યારી છે કૃપાલીલા અકળ કેવી,
પરમમંગળ પ્રભુ કેરી કૃપા ખેલે રમત કેવી ! ૧૩

કૃપા કલ્યાણ કરનારી જીવનના સર્વ પાસામાં,
કૃપા સારા અને નરસા મહીંયે ન્યારી ન્યારી હા ! ૧૪

પ્રભુને દૃષ્ટિ વૃત્તિમાં જીવન વર્તને વિશે પૂરો,
હૃદયથી રાખી રાખીને, જીવનને ધન્ય તે કરજો. ૧૫

જીવન-સૌભાગ્ય પામ્યાં છો ફળાવજો તે રૂડી રીતે,
ત્હમારામાં હૃદય-શ્રદ્ધા ધરીને આશ જીવું તે. ૧૬

ત્હમારામાં રહેલો જે પ્રભુ કેરી કૃપાને હું,
લળી લળી યાચતો કેવો પ્રભુ જાણે, હૃદય જાણું. ૧૭

*વધારે શું કહું વ્હાલા તમારે હું શરણ આવ્યો,*
*જીવનની ભાખરી દેજો શકું ફાવી જીવાતાં તો. ૧૮*

• • •

## દુઃખ-વિચાર

॥ હરિઃૐ ॥

પ્રિય ભાઈ..., કરાચી, તા. ૧૦-૨-૧૯૪૫

તમારો તા. ૫-૨-૪૫નો કાગળ મળ્યો છે. સ્થાયી રહેવાનું ન હોય અને બધે રખડવાનું થતું હોય, એટલે કાગળ નથી લખી શકાતાં. તા. ૨૩, ૨૪ અમદાવાદમાં હતો. તેમાં કેટલાંક અવાર-નવાર મળવા આવ્યા કરે, ને તા. ૨૫-૧ના રોજ કરાચી જવા નીકળ્યો. બે દિવસ મુસાફરીના ગયા, ને જઈને આરામ લીધો જરાક કે તુરત તમને લખ્યું હતું ને તે પછી લખ્યા કર્યું છે, તે કાગળો તમને મળ્યા હશે.

અંત આપણો આણ્યો આવી શકવાનો નથી. ઝંખના રાખવી હોય તો રાખો, પણ એથી દુઃખ જ થવાનું છે. દુઃખી જાણી જોઈને થવું હોય તો થાઓ, ને ત્યાં ન ગોઠતું હોય તો રજા લઈને ત્રિચિ જાઓ અથવા કુંભકોણમ્ જાઓ. મારા વિશે કોઈ શું માનશે એની ચિંતા તમારે કરવાની જરૂર નથી. તમારા વર્તનથી કરી મને શરમાવાનું ન બની શકે તેટલું જોશો. મારું તો કોઈક બધું સંભાળી લેશે.

તમારે કોઈની મમતા રાખવાની નથી. તેમજ કોઈનામાં ચિત્ત પરોવવાનું નથી. જ્યાં જે પ્રકારે રહી શકાય, જ્યાં જેવી

રીતે રહેવાનું હોય કે રહેવાવાનું યોગ્ય હોય તે રીતે આનંદથી રહેવું.

જગતમાં માનવીનું ધાર્યું થતું હોત તો ગરીબ-તવંગર જેવા ભેદ જ શાને હોત ? **માનવીનું ધાર્યું કદી થતું જ નથી. છતાં માનવી ધારી ધારીને કેવાં કેવાં દુઃખી થયા કરે છે, એ પણ માનવીની બુદ્ધિની બલિહારી છે ને ! બુદ્ધિ આવી છે, એ એની ચિંત્વનાત્મક શક્તિ કેળવવા-ખીલવવાને પ્રેરણાત્મક સ્વરૂપમાં તે પરિણામવાને માટે. એવી બુદ્ધિશક્તિનો ઉપયોગ માનવી કેવો કેવો ઊંધો કરી કરીને પોતે પોતાના હાથે જ પોતાના પગ ઉપર કુહાડો મારી રહેલ છે, જે પોતે જ પોતાના હાથે ખાડામાં પડીને એના માટે પ્રભુને દોષ દે છે.** આપણે એવું ન કરીએ એ જ પ્રાર્થના.

• • •

## કર્મનું વિજ્ઞાન

॥ હરિઃૐ ॥

પ્રિય વ્હાલુડા આત્મન્, કરાચી, તા. ૧૩-૨-૧૯૪૫

તમારો તા. ૭ તથા તા. ૮ એ બે તારીખનો લખેલો પત્ર મળ્યો છે. તે કાગળ મળ્યો. એક પોસ્ટકાર્ડ લખી મોકલ્યું છે, જે મળ્યું હશે જ.

આ વખતનો તમારો કાગળ સંતોષ થાય એવો મળ્યો છે. હૃદયની ભૂખ કદી ભાંગી શકાતી નથી. તમારા તે ભાઈને આપેલા જવાબો વાંચી ગયો છું. જેમાં ઘણી જ સ્પષ્ટતા છે ને કેટલુંક યથાર્થપણું પણ છે.

સંતુપુરુષ કદી ચમત્કાર કરતાં હોતા નથી. માત્ર તેવું તેવું માનવીની બુદ્ધિને ત્યારે લાગતું હોય છે. એ લોકોના કર્મને સમજી શકવાની બુદ્ધિની યોગ્યતા, સાત્ત્વિકતા થઈ હોતી નથી. એટલે માનવી એને ચમત્કાર ગણી કાઢે છે. વળી પ્રત્યેક કર્મ થવાવાને-હેતુ, કારણ-ગતિ-પરિણામ વગેરે જે જુદું જુદું બનતું જોવામાં આવે છે, તે તેમની બાબતમાં તે બધું એટલું બધું ઝડપથી બની જાય છે કે જાણે એમ લાગે છે કે તે બન્યું જ ના હોય. ને તે કાર્યમાં નથી જણાતો કાર્યનો જન્મ, નથી જણાતી કાર્યની ગતિ, જે જણાય છે તે એક માત્ર પરિણામ, ને તે પણ વિચિત્ર રીતે ને વિચિત્ર સંજોગો-પરિસ્થિતિમાં, તેથી માનવમનને તે કળી શકાતું નથી. ભમરડો જેમ ખૂબ ફરતો હોય છે, ત્યારે તે સ્થિર બની જાય છે ને ફરતો દેખાતો નથી. તેમ ચમત્કારમાં કાર્ય, કાર્યનો ભાવ, કાર્યનું કારણ, કાર્યની ગતિ, કાર્યનો જન્મ વગેરે બધું એટલી ઝડપથી બની જતું હોય છે કે થતું કે થયું જ ના હોય એમ આપણને લાગે છે. વળી કાર્ય સ્થૂળ છે એવું કશું નથી, પ્રત્યેક કર્મના અંતરમાં ભાવ જ મુખ્યત્વે હોય છે. કર્મને પરિણામમાં લાવવાને સ્થૂળ કરતાં સૂક્ષ્મ જ વધારે જરૂરનું છે. ને હકીકતમાં પણ તેવું છે. જ્યારે ચમત્કાર જેવા લાગતાં કર્મમાં સ્થૂળ પણ સૂક્ષ્મ રૂપે જ પ્રવર્તતું હોય છે ને સૂક્ષ્મ છે તે તો માત્ર ભાવરૂપે જ ત્યારે અંતરસ્થપણે રહેલું હોય છે ને બધાનો સુમેળ તદાકારપણે અભેદમાં પ્રવર્તતો લાગે છે.

કોઈ પુસ્તકમાં તેવા લોકના ચમત્કાર વિશે લખ્યું હોય તો આપણા માટે રચનાત્મકપણે એટલું માનવું યથાયોગ્યપણે

છે કે એવી શક્યતા ભલે હોય, પણ ચમત્કાર તે ચમત્કાર નથી, પણ એ પણ જીવનનો ભાવ વ્યક્ત થવાપણાનો પ્રકાર માત્ર છે. સંતલોકો પ્રત્યેક સંબંધમાં આવતા માનવી સાથે, એની સાથેના જુદાં જુદાં કર્મ-પ્રારબ્ધ, જે અંગે કરીને તદ્દન જુદી જુદી રીતે વર્તતો હોય છે, તેથી એના તેવા તેવા એકબીજાઓ સાથેના વર્તનમાં કશો ઢંગધડો મળી શકતો હોતો નથી. તેથી પણ બીજા માનવીઓને વિસ્મય થયા વિના રહેતું નથી, ને એવા સંતલોક જેની જેની સાથે જેવા જેવા સંસ્કારથી સંબંધમાં આવતા હોય છે, તેની તેની સાથે કોઈ અકથનીય રીતે ને અકલ્પ્ય ને ન કળી શકાય તેવી રીતે વર્તતા હોય છે—બુદ્ધિથી સમન્વય એમાં શોધવો એ નરી પામરતા છે. આપણા જીવનને એનામાં શ્રદ્ધા, વિશ્વાસ મૂકવા પૂરતાં અનુભવ ને ખાતરી થઈ જતાં એના સર્વ કર્મમાં આપણા અંતરને ઊર્ધ્વીકરણ કરાવવા માટે જ તેમાં સર્વ ઘટના રહેલી છે. એટલે એના કથનમાં-વર્તનમાં પોતાને જ અંતરમુખે જવાની ક્રિયા પ્રયોગરૂપે જોયા કરવી, ને એમ ડૂબકી અંતરમાં લગાવ્યા કરવી ને પોતાની જાતને ત્યાં શોધ્યાં કરી કરીને—જે રીતે તે કર્મ—વચનથી પોતાને ઊંચે આણવા પ્રેરતો હોય તેમ તેમાંથી થયા જવાનું રાખીશું તો જીવનનો ઉદ્ધાર તદ્દન શક્ય વસ્તુ છે, તે જાણશો.

પ્રભુ પોતે પડખે છે, પણ એનો અનુભવ કૃપાથી કરો ને તે હૃદયથી સમજો.

**ખંડિત ફોટો ન રાખશો.** બીજો...પાસે હોય કે...ભાઈ પાસે હોય તો મંગાવી લેશો. મારું નામ લખીને તે મંગાવશો. કાચ મઢાવી લેશો.

હવે મૌન છોડો. હરકત નથી. જો ત્યાં ન ગમે તેવું બને તો ત્રિચિ કે કુંભકોણમ્ જવાનું રાખશો. પૂજ્ય...ને લખી પૂછાવવું ને શ્રી...ની સલાહ લઈને જે તે કરવું ઘટે. ત્યાં સર્વેને પ્રણામ.

લિ. તમારા ભાઈના સપ્રેમ ઘણા ઘણા રામરામ.

• • •

## લાગણીનો ઉપયોગ

॥ હરિઃૐ ॥

પ્રિય ભાઈ..., કરાચી, તા. ૧૪-૨-૧૯૪૫

તમારો કાગળ તા. ૯-૨-૪૫નો મળ્યો છે. તમારું ભજન મને તો ગમ્યું છે. તમે જે અર્થ કાઢો છો તે જ યોગ્ય છે, કમળ જેવાં કુણાં ફૂલ વાવી લાગણીઓમાં મનરૂપી ભમરો જશે તો એનો નાશ જ થવાનો છે, તે નક્કી વાત છે. તમે જે બે વ્યક્તિ વિશે લખ્યું છે, તેમાં ભાઈ કુણી કુણી લાગણીઓ હોય ને તે સ્વજન લાગતાં હોય તો તેમાં પણ મનને પરોવવા દેવું નહિ. ચિત્તમાં પડેલા સંસ્કાર એકાંત કે શાંત પળોમાં કે સાધનાના જીવનમાં વધારે ઉછળતા હોય તેવો સંભવ છે. તે પણ પ્રભુનાં જ સ્વરૂપો છે, તેમ ધારી એવાં પ્રિય સ્વજનની સ્મૃતિ ઉદ્ભવતાં એમાં જે સ્નિગ્ધતાભરી લાગણી જન્મે તે વેળા તે લાગણીનો ઉપયોગ નામસ્મરણમાં કરવાનું રાખવું અથવા તે વ્યક્તિને પ્રભુને સોંપતાં રહેવું ને ફરી તેવું તેનું સ્મરણ ના આવે એવી એને લળી લળીને પ્રાર્થના હૃદયના

ગદ્‌ગદ્‌ ભાવે કર્યા કરવી, પણ મનને તેવા સ્મરણમાં બહેકાવા દેવું તો નહિ જ. તેવું સ્મરણ જરાકે યોગ્યતાવાળું હોતું નથી, તે જાણજો.

વિષય-વિકારની બાબતમાં જગ જગત ન્યાય છે. તે જાણી આનંદ થાય છે. પણ જે જે વૃતિ ઊપજે તે તે વેળા જાગૃતિ, ભાન, ખંત, ખબરદારી રાખીને હૃદયમાં તે વ્હાલા વ્હાલા પ્રભુનું સ્મરણ કરીને તે તે બધું એને લઈ લેવા કૃપા કરી પ્રાર્થના કરવાનું રાખવું. જીવન સમગ્ર ને સળંગ સાધનારૂપે છે. **ગમે તે કરતાં હોઈએ તેમાં માત્ર પ્રભુની જ ભાવના રહે એવું મનને કેળવવાનો અભ્યાસ હૃદયની ભાવનાથી પાડ્યા કરવાનો છે, એનું જ નામ સત્સંગ છે.** એવો સત્સંગ મને સતત આપ્યા કરવાની કૃપા કરશો.

જીવનને વાળવાની પ્રભુની રીત-રસમો ન્યારી હોય છે. એની અદ્‌ભુત કરામતને કોણ જાણી શકે ? એ જ મહાનમાં મહાન છે. આપણે તો સાચે જ માટીનાં ઢેફાં છીએ. એનાં જ ગુણગાન ગાયા કરીએ, ને મનને એની ભાવના વિના બીજો કોઈ પણ તરંગ ના ઊઠે એવું મન થઈ જાય. એટલે તો બસ ગંગા નાહ્યા. એવું તમારું બની જાય, એમ મને તો હૃદયમાં ઝંખના રહે છે, ત્યારે જ મને તો નિરાંત-જંપ વળે. એવું જીવન મને તો ખપે ને તો જ પ્રભુના જીવનધ્યેયને યોગ્ય થઈ શકીએ. માટે કૃપા કરીને મદદ કરતા રહેજો. ગમે તેવું મનનું વાતાવરણ થઈ જાય તોય એનો કેડો મૂકશો નહિ એટલી જ પ્રાર્થના.

લિ. તમારા ભાઈના સપ્રેમ ઘણા ઘણા રામરામ.

• • •

# સ્મરણશક્તિ

॥ હરિઃૐ ॥

પ્રિય ભાઈ..., કરાચી, તા. ૧૫-૨-૧૯૪૫

(ગઝલ)

*જગત સંબંધ વ્યવહારે હૃદયની ભાવના પ્રેરી,*
*બધામાં ધારણા પ્રભુની સહજ તે કેળવો વૃત્તિ-* ૧

*જગતના માનવીઓ જે બધાં સામાન્ય જીવે છે,*
*જુદું જીવવાનું તેથી કૈં બને, ત્યાં શક્તિ એની છે.* ૨

*ધીરજ, સાહસ, હૃદય-હિંમત, સહનશીલતા બધું જોમ,*
*જીવનના ધ્યેય વર્તનમાં ઉતારે તે મેળવે પ્રાણ.* ૩

*પ્રભુને જો ગણો વ્હાલો જીવનમાં સર્વથી ન્યારો,*
*સ્મરણ એનું થવા દઈને ગમે ત્યાં છો પછી ઊડો.* ૪

*દિવસ ભરના વિચારોમાં પ્રભુમાં પ્રેમ રાખીને,*
*તમારું ઠામ ઠેકાણું પૂરું પાડો ન કાં હૃદયે ?* ૫

*જીવન કિંમત તણી સમજણ કૃપાથી તે જગવવાને,*
*પ્રસંગો શા કરી ઊભા મથાવ્યા છે હૃદયે તમને-* ૬

*હૃદય પ્રવેશ ના સમજણ પ્રભુએ બાકી રાખ્યું ના,*
*કર્યું સૌ નિજનું એણે હવાં કરી તમ બતાવો ત્યાં.* ૭

*સ્ફુરંતી વૃત્તિઓ કેવી હૃદય અકળાવતી કેવી ?*
*લીલા હેતુ પ્રભુ કેરો પૂરો લ્હેવો ઘટે મનથી.* ૮

*પ્રભુને જો વળગવું હો હૃદયનાં પ્રેમ ને ભાવ,*
*પૂરેપૂરાં સમજાવા કરો સૌ મસ્તીથી યત્ન.* ૯

હૃદય સદ્‌ભાવના ખાલી જતી ના કોઈની દેખી,
જીવન પરિણામમાં તે તો ફળવ્યા વિણ ના રે'તી. ૧૦

પ્રભુએ તો લીધો શરણે પતિતમાંયે પતિત જનને,
હૃદય લેશે પછીથી તે શરણમાં કાં ન આપણને ? ૧૧

પ્રભુપદ પ્રેમ હૈયાનો થવા જ્યાંથી જરા લાગે,
ગમે તેવા ભાઈ છીએ સ્વીકારી લે છે તે. ૧૨

પ્રભુ જોવા ન બેસે છે કરેલાં કર્મને એ તો,
પ્રભુ તો માત્ર નિરખે છે હૃદયનો પ્રેમ એ પરનો. ૧૩

પ્રભુ પર પ્રેમ હૈયાનો સતત વર્ષાવિતા રે'જો,
પ્રભુને દોષ દેવાનું બધું ક્ષુલ્લકપણું ત્યજજો. ૧૪

પ્રભુ રાજી થતો પ્રેમે ન કંઈ તે જ્ઞાન માગે છે,
પ્રભુ પર જાગતાં પ્રેમ સહજ ત્યાં સર્વ પ્રકટે છે. ૧૫

પ્રભુ શો પ્રેમનો ભૂખ્યો ! પૂરો તે આપજો એને,
પ્રભુના પ્રેમમાં જે તે સમાયેલું બધું યે છે. ૧૬

કશું બીજું ગમે તેવું ભલે અણમોલ તે હોય,
નકારે તે પ્રભુ વ્હાલો ખજાનો એહનો પ્રેમ. ૧૭

દીધેલ પ્રેમ વિનાનું ખપે છે ના કશું એને,
પ્રભુની દીધેલી પ્રેમલીલા તો પ્રભુને વ્હાલી લાગે છે. ૧૮

હૃદય-પ્રેમ વિનાનું દીધેલું સર્વ ફોકટ છે,
હૃદય-રસથી ભર્યું થવાનું પ્રભુને ઘેલું લાગ્યું છે. ૧૯

*હૃદયમાં એને જઈ વારી પ્રભુને આપજો,*
*પ્રેમ ધરો વિશ્વાસ કે કરશે જીવનનું સર્વ તે ક્ષેમ. ૨૦*

• • •

## સદા સંગાથી 'મોટા'

॥ હરિઃૐ ॥

પ્રિય ભાઈ..., તા. ૧૯-૨-૧૯૪૫

(ગઝલ)

*અટુલા એકલા શાને તમે માન્યા કરો તમને,*
*તમારા જીવને ગૂઢ લઈ રહ્યું ભાગ કોઈ તે- ૧*

*તમે વ્હાલા હૃદય લાગો, અનુપમ ઓર કેવો તે !*
*કહી બતલાવવા પાસે ન ભાષા કોઈ એવી છે. ૨*

*તમારાં સ્વપ્ન સેવું છું તમોને ઝંખતો કેવું !*
*તમારા તો વિચારોમાં ફરું મન-ચિત્ત ક્યાંયે હું- ૩*

*તમારી સાથ રે'વાને પળેપળ ઝંખના મારી,*
*તમારામાં થવા ત્યારે હૃદય પ્રત્યક્ષ ઈચ્છા શી ! ૪*

*ડગેડગ ચાલવા સાથે હૃદયમાં હોંશ મુજને છે,*
*છતાંયે ક્યાંય તરછોડી તમો તો ભાગતા જીવને. ૫*

*રખડતો 'હ્યાં મૂકી મુજને અને અથડાવતા રો'છો,*
*છતાં હું ઠોકરો ખાઈ રહેવા પૂઠણે દોડું. ૬*

*તમારી અંતરે જે જે ઊઠે ને જે ચઢે છે તે,*
*પરોવાઈ ભલે જાઓ ન ત્યારે કાં ન ચેતાયે ? ૭*

પ્રભુ વ્હાલો તમારો છે, ભરોસો રાખી એના પર,
પ્રભુને લઈ હૃદય સાથે થવાનું સૌ કરો કામ. ૮

ઊથલપાથલ થતાં કેવી મથામણ ચિત્ત જાગે છે,
મથામણમાં બધી વૃત્તિ રમે કેવી જણાયે તે- ૯

તા. ૨૧-૨-૧૯૪૫

હૃદયમાં રાખી તમને શા હુલાવાને ફુલાવાને,
કરું શું સૂક્ષ્મ યત્નો ત્યાં ફળે ના, તો કરું શું તે ? ૧૦

પ્રભુની જે કરામત હો ફળાવવા એકલો પૂરો,
સમર્થ તે બધી વાતે - સમો આવ્યે કરે સૌને. ૧૧

ધીરજ, હિંમત, હૃદય શ્રદ્ધા, પૂરો વિશ્વાસ એના પર,
મૂકી હું કરું નિરખ્યાં, ધરાવી ભાવના તમ પર. ૧૨

થવાનું જે હશે બનતું હૃદયની નેમ જેવી હો,
હૃદયના ખંતથી જીવતાં મળી ના શું શકે - ધારો. ૧૩

તમોને એકલા રે'વા નથી દેવા કશે મારે,
ન ચાલે જ્યાં કશું મારું, કરી ત્યાં શું શકું ત્યારે. ૧૪

તમારું જો ન વિચારો પૂરેપૂરું ઊંડું હૈયે,
પ્રભુમાં તત્પર રે'જો હૃદય દર્પણ નીરખવાને. ૧૫

પ્રભુ અનુભવ કરાવો કે જીવનમાં કોઈ એવું છે,
લઈ રસ જે રહ્યું તમમાં તમારાથી વધુ હૃદય- ૧૬

વધારે શું કહું તમને જીવન આનંદ પ્રેરવવા,
મથું કેવી રીતે મુજને પડે છે સૂઝ ક્યાંયે ના. ૧૭

• • •

## રૂપમાં ‘જીવ’ રાખવો

॥ હરિઃૐ ॥

પ્રિય ભાઈ..., તા. ૨૦-૨-૧૯૪૫

જત તમારાં ત્રણ પાકીટ આજે મળ્યાં છે. તે પહેલાં તમને કુંભકોણમ્ કે ત્રિચિ, જ્યાં ગમે ત્યાં જવાનું લખ્યું જ છે. તમારામાં આ મૂઢાનંદનો જીવ રહે છે એવી યથાર્થતાની અસર એથી થવાની હો તો થાઓ. બાકીની પ્રભુમાં જીવ રાખીને જ્યાં હો ત્યાં આનંદભાવે કલ્લોલ કરતા રહેજો ને બધામાં પ્રભુની ભાવના કેળવ્યા કરવાનું ધ્યાન લક્ષ રાખ્યાં કરશો, એ જ વિનંતી ફરી ફરીને છે.

લિ. તમારા ભાઈના સપ્રેમ
ઘણા ઘણા રામરામ.

• • •

## માતૃભાષાનું મહત્ત્વ

॥ હરિઃૐ ॥

પ્રિય ભાઈ..., કરાચી, તા. ૨૦-૨-૧૯૪૫

ત્હમારો તા. ૮-તા. ૯- તા. ૧૧નો એક કાગળ તથા તા. ૧૫-૨-૪૫નો ત્રીજો તથા ત્રીજામાં એક અંગ્રેજી કવિતા મળી છે.

અંગ્રેજી કવિતામાં ભાવો સારા છે, પણ Spelling (સ્પેલીંગ) ઘણા જ Hopeless (હોપલેસ) છે. જે ભાષામાં જે કંઈ લખવું હોય તો બને તેટલી શુદ્ધિ જાળવી શકાય તેવો પ્રયત્ન હોય તો ઉત્તમ. તમારાથી તેટલી મહેનત ન થાય તો

ગુજરાતીમાં જ તેવા ભાવ કૃપા કરીને ઉતારશો તો મને ઘણું ગમશે. અંગ્રેજી નથી ગમતું એમ નથી, **પણ અંગ્રેજી આપણી માતૃભાષા નથી, એટલે કે જન્મની ભાષા નથી, એટલે તેમાં ભાવો યોગ્યતાથી રેડાવાના સર્વકાળે શક્ય નથી હોતું.** આ ભાવોને તમે અંગ્રેજીમાં તો સારી રીતે મૂકી શક્યા છો એનું કારણ તમારા હૃદયની ભાવનામાં ઉત્કટપણું હતું. પથ્થરમાં ભરાયેલા પાણીમાં નીકળવાનું જોશ જ્યારે પ્રકટે છે, ત્યારે તે કઠણ પથ્થરને પણ તોડીને તેમાંથી તે વહેવા માંડે છે. તેથી તેવા ઉત્કટપણાને અંગે તમે અંગ્રેજીમાં લખી શક્યા. બાકી તમારું અંગ્રેજીનું શબ્દભંડોળ પણ કેટલું નજીવું તેવું તે વખતે તે જ ભાવોને જો ગુજરાતીમાં ઉતાર્યા હોત તો ગુજરાતીમાં પણ તે સારું લખી શકાત. તમારે કવિતામાં ભવ્ય, રમ્ય કલ્પનાઓ હકીકત સાથે ઉમેરાતી જાય તે જરૂરનું છે. જે ઢાળની કવિતા લખો તે ઉપર મને તે કયા ઢાળ ને જ્ઞાન પણ પરથી બનાવી છે તે પણ જણાવવું જોઈએ, કે જેથી મને તે ગાતાં આવડી શકે. મને તો કવિતા બધી ગમી છે. તમારી માનસિક ભાવના આવી રીતે કેળવાતી જાય છે, કોને આનંદ ન થાય ?

તમને હું જે કંઈ લખું છું, તે મારી ફરિયાદ રૂપે નથી લખતો. પણ સાધકે કેવી રીતનું વલણ જાગતું રાખવું જોઈએ, તે સૂચવવા પણ લખતો હોઉં છું. ને પ્રભુના પ્રેમની રીત ન્યારી ન્યારી હોય છે. કોઈક પ્રત્યે તે, ભાવ ન મળતો હોવા છતાં પોતે લાતો ખાતો હોય છતાં, ત્યાં તે ભાવ પણ રાખે છે, બીજે કોઈ લખી લખીને એના પર મરી જતું હોય ત્યાં લક્ષ

પણ જાણે ન આપતો હોય એવો તે દેખાતો હોય છે, ને પેલાને તે ઘાતકી, ક્રૂર પણ લાગે છે. તેવી રીતે મારી પોતાની જાત પર આવું તો સંકોચ વિના લખી શકું છું કે કોણ કોણ મને કેવાં કેવાં વ્હાલાં છે ! લાત પણ ખાવા તૈયારી છે. પણ તે લાત મારવામાં પણ હૃદયથી નીતરતો પ્રેમ મારે તો જોઈએ છે. જે તમે કાગળમાં લખ્યું છે, તે બધું ગળે ઉતારું છું. તમારા હૃદયનો પ્રેમ મેળવી શકવા પ્રભુકૃપાથી ભાગ્યશાળી થઈ શકું તો શું એ કંઈ ઓછું નાનુંસૂનું છે ? મારે મન તો એ જ ભગવાન જીવતા થયા જેવું છે.

તમે કુંભકોણમ્ કે ત્રિચિ જ્યાં જવું ઠીક લાગે, ત્યાં જવાની બાબતમાં લખી દીધું છે જો કે એનું કારણ ગમે તે આપ્યું હોય, પણ તે જણાવી તો દીધું છે જ માત્ર શ્રી...ની સલાહ લેવાનું જણાવ્યું હતું, ને તે મળી છે, તે જાણી આનંદ થયો છે. તમે જરૂર જશોજી. એ જ આનંદ કલ્લોલમાં રહેશોજી.

લિ. તમારા ભાઈના સપ્રેમ
ઘણા ઘણા રામરામ.

• • •

## મોટાનું વ્હાલ

॥ હરિઃૐ ॥

પ્રિય વ્હાલુડા...ભાઈ, કરાચી, તા. ૨૩-૨-૧૯૪૫

તમારું પાકીટ તા. ૧૬-૨-૪૫નું મળ્યું છે. મૌન નથી તે જાણ્યું છે. તમને તે છોડી દેવાનું લખી જ દીધું છે. જે મળ્યું હશે. તે પોસ્ટકાર્ડની તારીખ કઈ છે, તે મને જરૂર લખજો.

મને તેમાં જરાકે ઓછું આવતું નથી. તમે મને એટલા ને એટલા જ વ્હાલા લાગો છો ! તમને તમારી સ્મૃતિને હૃદયમાં લઈને ચાંપવાનો પ્રયત્ન તો કરું છું, પણ એનો તમારા જીવનમાં નક્કર ઉઠાવ થાય, ત્યારે જ એની પૂરી સાબિતી મારે મન તો પુરવાર થઈ શકે, ત્યાં સુધી જંપ જરાકે ના વળે. તમારી સાથે મારે તટસ્થતા રાખ્યે પાલવી શકે તેમ નથી.

(ગઝલ)

*નવી પરિસ્થિતિ જેમ ઉદ્‌ભવે તેમ આપથી,*
*ઉદ્‌ભવે છે, નવું તેમ, જુદા જુદા પ્રકારથી.* ૧

*એકમાંનું વહેવાનું બોલાતાં તેવા તણું,*
*એકધારું ન કો રીતે રહેવાતું નથી કશું.* ૨

*કહ્યું એક ભલે આજે, બીજું તે કેવું ઊપજે !*
*એમ ને એમ બીજામાં ફેર જોવા જનો કરે.* ૩

*પોતાનામાં થયો ફેર તે કોઈ માનવી હૃદે,*
*બેસે વિચારવા ના તે, ને તે દે દોષ અન્યને.* ૪

*જે જે મળે ઊંડો તેમાં, પ્રભુનો હેતુ હોય છે,*
*હેતુ ફળાવવા જેઓ મથે તે ન્યાલ થાય છે.* ૫

*કોઈથી ઊપજાવેલું કશું ના બનતું જગે,*
*સર્વ જે જે બને તેમાં પ્રભુનો ગૂઢ હાથ છે.* ૬

*તેથી જે જે બને તેમાં પ્રભુનો હાથ જોઈને,*
*જીવને વર્તવા તેવું આપણો યત્ન હો હૃદે.* ૭

*જીવને માત્ર જો ખ્યાલ આપણે ધરતાં હશું,*
*કોઈને કંઈ કેવાનું પછી રે'શે ન આપણું.* ૮

*થયેલું કોઈથી કૈંક આપણાથી ઊભું થયું,*
*આપણામાં શમાવાને આપણા કાજ તે બન્યું.* ૯

*આપણું સૌ થવા કાજે બીજા કો ના સમર્થ છે,*
*આપણા કર્મથી જે તે, પ્રસાદી રૂપ તે.* ૧૦

*આણશો ના બીજું વચ્ચે, જે તે સૌ આપણા વડે,*
*વિચારી તેમ તે સૌ સ્વીકારો તે રીતે હૃદે.* ૧૧

*મળે પરિસ્થિતિ જે સૌ વિકાસાર્થે મળી ગણી,*
*એ રીતે જીવને એમાં શ્રદ્ધાનિષ્ઠ થવું ચહી.* ૧૨

*સ્વીકારી લ્યો મળે તે, તે, જીવને જન્મ આપવા,*
*કોઈક ગૂઢ શક્તિને, એને દ્યો ભાવ પોષવા.* ૧૩

*ખોઈ ખોઈ વધારે શું ખોઈ બેસશો ભલા !*
*પ્રભુમાં સર્વ વિશ્વાસ જો હશે તો ન કૈં તમા.* ૧૪

લિ. તમારા ભાઈના સપ્રેમ
ઘણા ઘણા રામરામ.

• • •

## સંતનું કાર્ય

॥ હરિઃૐ ॥

પ્રિય...ભાઈ, કરાચી, સાંજે તા. ૨૫-૨-૧૯૪૫

તમારો તા. ૨૦-૨-૪૫નો કાગળ સાંજે મળ્યો છે. કશું મનમાં ન રાખવા દેવું. કોઈ કશું જે કરે છે, તેને જીવનના કલ્યાણના હેતુને દૃઢાવવામાં વાળ્યાં કરવું ઘટે. તમારે મનમાં

કશું લગાડવાની જરૂર નથી. મનથી મનને જ ઉભળવાનું જે કોઈ કરે છે તેના મનના તાંતણા શમતા નથી, પણ ઊલટા વધારે અમળાવાનું થયા કરે છે. ને એમ થતાં મનના આમળા વધે છે, તે જાણશો. કશું કોઈ આપણને કરતું નથી. તા.૨૩-૨-૪૫ના રોજના કાગળમાં પત્રની છેવાડે જે કવિતામાં લખ્યું છે તે મનન કરજો, એટલી જ પ્રાર્થના છે.

**પ્રેતયોનિમાં જીવાત્માનો ઉદ્ધાર થઈ શકવો શક્ય નથી. પ્રેતયોનિમાં જે વૃત્તિઓ કરીને તેમાં રહ્યા કરવું પડે છે, તે વૃત્તિથી બીજી કોઈ વૃત્તિ તે યોનિમાં મહત્ત્વપણે રહી શકવાની ભૂમિકા જ તેમાં નથી. તે યોનિમાં તાટસ્થ્ય રહી શકવું જ શક્ય નથી. હા, એવા કેટલાક જીવાત્મા ત્યાં છે, જેઓને આવો પ્રેમરસ ગમે છે, પણ તે પ્રેતયોનિમાં ના કહી શકાય. પ્રેતયોનિને નામ લેવરાવવાનું કામ આપણું નથી. એમાં હું ઝાઝું કશું તથ્યાંશ નથી જોતો.** ભાવનાને આકાર દેવાને જીવાત્માના સંબંધની જરૂર અવશ્ય રહે છે. જીવાત્માનો સંબંધ હૃદયના સદ્ભાવથી જ્યાં બંધાયેલો રહ્યા કરે, તો જીવનનો પલટો થતાં વાર નથી લાગતી. સાધક હોય તેણે તો આવા કશામાં જ ન પડવું ઘટે. જો તે એવું કરવા જઈ શકે, એટલું શક્તિ-સામર્થ્ય એનામાં જો હોઈ શકે, તો તે પ્રભુના પ્રેમભાવમાં ને એના યંત્ર થવાના રસમાં જ ડૂબ્યા કરવાનું એને સૂઝ્યા કરે. પ્રભુના આદેશ પ્રમાણે તેવા સંતલોકને અનોખું અનોખું કામ મળતું હોય છે. એટલે સાધકને માટે તો એકલું કામ માત્ર પ્રભુની ભાવનામાં જ કેમ કરીને પૂરું રંગાયા જવાય તે એકલું કામ તેને માટે શ્રેયસ્કર છે.

મંત્રોચ્ચારથી ઉત્તમ અસર થાય છે. મન-ચિત્ત-પ્રાણમાં સુમેળ પ્રગટાવવામાં તે ઘણી જ મદદ કરે છે. આપણો મંત્ર 'હરિઃૐ' છે. હ-હૃદયથી, રિ-કંઠથી ને ૐ-તાળવાથી ઉપરનો ભાગ છે. ત્યાંથી માત્ર હૃદયથી તે બોલાતો હોય ને ત્યાં ત્યાં તે અક્ષર જાણે સ્પર્શ થયાં કરતો હોય ને ધ્વનિ સૂક્ષ્મપણે નીકળ્યાં કરતો હોય તો તે ઉત્તમ. 'હરિઃૐ'-હૃદયના ધબકારા સાથે ઉત્તમ.

એક લયમાં ને એક ગતિમાં બોલાયાં કરાય તે પણ ઉત્તમ. ને એકધારો તે રહેતાં ને એકની એક જ લયગતિમાં ને એકના એક સપ્તકમાં.

આપણે કોઈના ઉપકાર નીચે નથી. તેઓ જ તેમના ઉપકાર નીચે છે. આપણે તો તેમના ઉપકાર નીચે છે. આપણે તો તેના મોકલેલા, ત્યાં રહેલા છીએ, તે જાણશો.

પ્રભુની ભાવના જીવનમાં નીતરે તે રીતે બધાં સાથે રહેશો. કોઈ કોઈનું કશું સાંભળે નહિ, ને સાંભળો તો તેમાં રસ ના લેવો તો મને જણાવતા રહેવું. ન સાંભળો તો પણ જણાવતાં રહેવું. પ્રભુ-વાર્તા, સત્સંગ કર્યા કરવાનું જ માત્ર જે તે સાથે બને તે જોવું. ત્યાં બધાંને ઘણાં ઘણાં કરીને ઘણાં ઘણાં પ્રણામો ને રામરામ.

લિ. તમારા ભાઈના સપ્રેમ
ઘણા ઘણા રામરામ.

• • •

# તરંગોમાં જીવનવિચાર

॥ હરિઃૐ ॥

પ્રિય...ભાઈ, કરાચી, તા. ૨૬-૨-૧૯૪૫

તમારો તા. ૨૧-૨-૪૫નો કાગળ મળ્યો છે. મનમાં ઊઠતાં તરંગોમાં જે જીવનનો વિચાર કરે છે, તે જ તરંગોને વાળી શકે છે. તરંગો તો ઊઠવાના જ, પણ જે તરંગોને વાળીને એમાંથી પ્રાણ મેળવી શકે છે, તે જ જીવે છે. જીવનમાં નિરાશાને ક્યાંયે સ્થાન નથી. નિરાશાથી જે ઘેરાઈ જાય છે, એને પછી ક્યાંયે જીવનમાં અજવાળું મળી શકવાનો સંભવ રહેતો નથી. જીવનથી હારેલા માનવીને ખુદ ઈશ્વર પણ મદદ આપવા આવતો હોય છે, તો યે એનું રહસ્ય એનાથી સાચું કદી પણ ગ્રહી શકાતું હોતું જ નથી. જીવનની જો હોડ બકી છે તો પછી જીવન વિનાના તરંગોમાં તણાવું એ તો અક્કલ વિનાનું ગણી શકાય. આપણે તો કુશળ નાવિકની માફક જીવન-હોડીના સઢમાં ગમે તે બાજુથી વાને ભરી લેવાનો હોય છે. ગમે તે બાજુનો વા હોય પણ નાવિક એ જ હોડી ઝપાટાભેર હંકારવાના વેગમાં જ એનો ઉપયોગ કરી લેતો હોય છે. મદદ કરનાર એક તો પણ તે જ કરે છે. માનવી તો પણ તે જ કરે છે. માનવી તો માત્ર એનાં પેંદા છે. એટલે તેવાં તેવાં જીવનનિમિત્તનાં માનવીમાં પ્રભુની જ છાયા ભાવ આપણે તો ધારણ કરવાનો છે, તે જાણશોજી. બાકી ભગવાનનું સ્મરણ કરતાં રહેશોજી. ત્યાં બધાંને ઘણા ઘણા હેતથી બોલાવશોજી.

લિ. તમારા ભાઈના સપ્રેમ ઘણા ઘણા રામરામ.

• • •

# નિરાશા વેળાએ

॥ હરિઃૐ ॥

પ્રિય...ભાઈ, કરાચી, તા. ૧-૩-૧૯૪૫

તમારો તા. ૨૩-૨-૪૫નો કાગળ મળ્યો છે. તમારા જીવનમાં તમને કેવી રીતે પ્રાણ પૂરાવી શકાય એ પ્રશ્ન તો મનમાં રહ્યાં કરે છે. જીવનની એવી એવી નિરાશા વખતે જેને જીવનમાં મળ્યાં છીએ, જેનામાં જીવનને ભેળવવું-એની ચેતનાશક્તિમાં હૃદયના પ્રેમભાવે ભળવાનું એકાગ્ર, કેન્દ્રિત ને એકાંગીપણું બની શકવાનું ભાન-જ્ઞાન કેમ નથી જાગતું એ મને તો મૂંઝવે છે ! એવી વેળા એવાના સ્હાય-ભાવ-હૂંફ-સહાનુભૂતિ-પ્રેરણાત્મક બળ મેળવી સાચા પ્રયાસ આપણાથી બની શકે તો એવામાં આપણો જીવ રહી શકતો નથી, જો એવું બનતું હોત તો આપણાં રોદડાં રડવાના રહી જ ના શકે અને અનુભવ મેળવવાની ઝંખના પણ કરે. માટે હવે તો કૃપા કરો, એ જ તમને પ્રાર્થના છે. નામસ્મરણ પ્રેમભાવે સતત લેતાં રહેશો. મળેલો જીવનનો સાચો સુંદર મોકો શું કામ એળે ગુમાવો છો ? પ્રભુ સદ્‌બુદ્ધિ પ્રેરો એ જ પ્રાર્થના !

મારા વતી...ને પ્રેમભાવે ભેટજો ને ખૂબ હૃદયનો ભાવ કેળવી મને એમનામાં ધાર્યા કરી મળતા રહેશો.

લિ. તમારા ભાઈના સપ્રેમ

ઘણા ઘણા રામરામ.

• • •

# પુરુષાર્થનો મર્મ

॥ હરિઃૐ ॥

પ્રિય...ભાઈ, કરાચી, તા. ૬-૩-૧૯૪૫

તમારો તા. ૨૫મીએ શરૂ કરેલો ને તા. ૨-૩-૪૫ના રોજ લખેલો કાગળ મળ્યો છે. સૂકાઈ જાઓ એ તો ભલા કેમ ગમે ? કવિતાનો ભાવ તો હૃદયમાં ઉલ્લાસ વગર કેમ કરીને સ્ફુરે ? તમને જેમ લખવાનું સૂઝતું નથી તેમ મને પણ સૂઝતું નથી. હું તો સૂકા લાકડાનો કકડો છું. મારામાં તો કશું જ નથી. તમે જેટલો ઉલ્લાસ, પ્રાણચેતના પ્રગટાવે તેટલું તે પ્રકટી શકશે. એનો હૃદયથી હૃદયમાં જીવનસાધનાના કામમાં જેટલો ઉપયોગ કરો, તેટલો તે ખપમાં આવી શકે. જો તમે જ સમજવો. ભક્ત તેવા ભગવાન એ તો જાણીતી વાત છે. એટલે કૃપા કરી તમારે એવું રહે કેમ પાલવે ભલા ભાઈ ! માટે મારી પણ દયા તમારે જાણવી ઘટે. મને એવું એવું રોતલપણું કે મરવાપણું જરાકે રુચે ખરું ? એ તો મરવા જેવું લાગે ને આપણાંથી તે વળી મરાતું હશે ? કશું જ મરતું નથી તો આપણે શાને તેવા હોઈએ કે બનીએ ? એ તો ખાલી મનની ભ્રમણાને લીધે જ એવા લાગીએ છીએ, એ આ મરણ જતાં રહેતાં જ આપણને આપણે સાચા કોણ છીએ, તે સમજાયા વિના રહેવાનું નથી. હવે તમે ક્યાં રહેવાનું રાખો છો ? તે જણાવશો. મારું અમદાવાદ પહોંચવાનું તા.૨૬-૩-૪૫ના રોજ થશે. તે જાણશો. એટલે તા. ૧૮મી પછીથી અહીંના સરનામે કશું ના લખવાનું રાખશો. અમદાવાદ શહેરમાં રહેવાનો છું, તે જાણશો. તમારી મને ઘણી ચિંતા થાય છે.

તે હઠાવવાનું દિલ પણ છે. પણ જ્યાં ચિંતા તમારામાંથી ન હઠતી હોય ત્યાં મારો ગજ કશો વાગતો નથી. તમને અનેક રીતે સમજાવવાનો પ્રયત્ન કર્યો, છતાં ખોટી 'ઝંખના છૂટતી નથી' તે પણ એક મોટી મહામાયા છે ને ? પ્રભુ પણ એમ ને એમ કશું નથી સાંભળતો. તમો મને એ બાબતમાં હૃદયથી પૂરતી મદદ આપો તો કામ જરાકે અઘરું નથી પણ જે હૃદયમાં ઉતરી જતું નથી, બુદ્ધિથી તમે એની અનિવાર્યતા સમજ્યા છો, પણ તેમ વર્તવાનું સંપૂર્ણ બનતું નથી. આ બાબતમાં તો ધારો તો જરૂર વર્તી શકાય તેવું છે. માટે કૃપા કરીને એના પર એ બધું સોંપી દ્યો.

• • •

## પરિસ્થિતિના સ્વીકારની રીત

॥ હરિઃૐ ॥

પ્રિય ભાઈ...,                                   કરાચી, તા. ૮-૩-૧૯૪૫

તમારો પત્ર તા. ૩-૩-૪૫નો મળ્યો છે. જેની કશી લાયકાત આપણામાં ન હોય ને તેવું કંઈ જો બની શક્યું તો તેમાં ખરું મહત્ત્વ તો એની કૃપાશક્તિનું છે. તેમાં આપણને ગુમાન ચઢે તો આપણે આપણા માટે શું સમજવું ?

તમારો વિચાર થતાં તમારા વિશે દુઃખી થવાય છે. જે તે દુઃખ આ વાત પ્રભુને સ્મરી સ્મરીને સોંપવાનું કરીને એની કૃપા પ્રેમભાવ શક્તિને જે તે યોગ્ય કરવાનું સંભળાવ્યાં કરવું. જો પરિસ્થિતિનો હેતુ જીવનના ઘડતર માટે હોય એવી જો બૌદ્ધિક સમજણ સાચી આવી હોય તો પછી એને હૃદયમાં

ઉતારવા માટે પ્રત્યેક પરિસ્થિતિમાં તેવો જીવનનો વિકાસ રહેલો છે. એવું ભાન, જ્ઞાન, ભાવ, જો તેમાં કેળવ્યાં કરવાતો જાય તેવો અભ્યાસ નહિ રાખીશું તો કેમ કરી ઊંચા આવી શકવાના છીએ ? આપણે કશું નહિ કરીએ, તો એ પણ કશું કરવાનો નથી, તે નક્કી જાણશો. મરે છે એને તો મરવા દે છે. ને જીવવાનું જે કરે છે, તેને જીવાડે છે, તે પણ નક્કી જાણશો. કૃપા કરીને મળવાનું સતત જાગૃતિપૂર્વક રાખો તો તમારી મહેરબાની !

અમદાવાદ જઈશું, ત્યારે જે સમાચાર લખવાના હશે, તે જણાવીશ. બાકી તો જીવનનો આદર્શ પ્રભુમય જીવન કરવા સિવાય બીજો કોઈ નથી. એની મહત્તા-ગંભીરતા-તાત્પર્ય એ જેટલું ગળે ઉતારી શકાશે, તેટલાં પ્રમાણમાં પ્રયત્નમાં જીવ, અંત, વગેરે આવી શકવાનાં છે, તે જાણશો. **ખાલી ખાલી બુદ્ધિની કોરી કોરી સમજણ કશી જ કામમાં આવવાની નથી. કાચી માટીની આકૃતિ સુંદર બનેલી પણ એના પર પાણી પડતાં તે તો પાછી માટીની માટી જ બની જાય છે. તેવું ખાલી બૌદ્ધિક સમજણનું પણ તેવું જ માનવું. જીવન એટલાથી જ કાંઈ ઘડી શકાવાનું નથી, તે જાણશો.**

લિ. તમારા ભાઈના સપ્રેમ ઘણા ઘણા રામરામ.

• • •

## જપ-ધ્યાન

॥ હરિઃૐ ॥

પ્રિય ભાઈ...,                કરાચી, તા. ૧૧-૩-૧૯૪૫

તમારો તા. ૫-૩-૪૫નો કાગળ મળ્યો છે. જાપ એક જ સૂરમાં, એક જ લયમાં ને એક ને એક જ ગતિથી કરવાનો

છે. સપ્તકનો અર્થ મને યોગ્ય રીતે સમજમાં ન હતો, તેથી તેવું લખ્યું હતું. તમને તેથી સમજણ ના પડી. તેથી તેમાં વાંક મારો જ છે. **જેટલા જે જેવા અવાજથી તે જાપ કરીએ, તે જ બધી વખત કાયમ રહી શકે ને એની ગતિ ને લય એટલા જ રહ્યાં કરે તો જ તેનાથી એક જાતની 'રીધમ' સુમેળ પ્રકટ્યા કરે છે. એની છાયા કામમાં પડે છે. એટલે તે રીતે જાપનો પ્રયત્ન કર્યા કરશો.** ત્રિચિ રહેવાનું થયું છે તે જાણ્યું છે. એ તો આપણને એમ મોટો પદાર્થપાઠ શીખવવા તેમ બન્યું છે કે સાધકે કંઈ કશા વિશે મડાગાંઠ બાંધી ન લેવી જોઈએ. ને બાંધી હોય તો તે તોડવાનું પણ યોગ્ય છે. પણ એવો હેતુ તેમાં છે એવું જ્ઞાનભાન આપણને તાત્કાલિક પ્રગટી શકતું નથી. પ્રસંગની અંતરમાં રહેલો ભગવાનનો—જીવનનો હેતુ જ એનો શુભ આશય તેથી જીવનમાં આપણને ઊતરી શકતો નથી.

તમારી ભ્રમર ઉપરની કવિતા વાંચી, તેથી તેવું ભમવામાં જો પ્રભુને ચરણકમળે એવી એવી પ્રસાદી ધરવાનો જ જો એકમાત્ર ખ્યાલ જીવતોજાગતો રહી શકે તો આપણું કામ પાર પડ્યું સમજવું. તેથી મનને તેવી રીતે ભાવનામાં દઢાવવા તેવી રીતે પાકું થવા આવાં આવાં પદો લખવાં ને એવાં પદો રચવાનું હૃદયની ભાવના કેળવવા માટે સાધન તરીકે જ રાખવાનું છે. ખાલી રચ્યાં કરવામાં તો કશો માલ નથી. પણ તેથી તેવી ભાવના દઢાવાતી જતી અનુભવાય તો જીવાત્મા તે સાધનામાં યોગ્ય રીતે વર્તી શકતો હોય છે, એમ જાણવું.

ધ્યાનમાં તમે જે જોયું તે સાર્થપણે છે. તમારામાં જે વૃત્તિ પ્રધાનપણે છે, ને તેમાં પાર્થિવનો ઘણો અંશ છે, એ જ હવે

તો ઊર્ધ્વ પ્રમાણમાં કરાવવાની મર્યાદા—હદ આવેલી છે. તો આપણી ચેતનાનો વેગ છે, તે રૂપાંતર પામવામાં મદદકર્તા થઈ શકે તેમ છે. એ ચેતવવા, પ્રાણ—ચેતના—ભાવ તેવી રીતે જગાડવા જે એની શક્યતા પૂરેપૂરી છે જ એવું દઢાવવા તેમ બનેલું લાગે છે. આધ્યાત્મિક જીવનનો અભ્યાસ ચાલુ રાખ્યા કરવાનો અર્થ તે ધ્યાનમાંના વિઘ્નો વિશેનો વધારે યોગ્યતાવાળો છે. પણ જ્યારે ઠામે પડ્યાનું સ્થૂળ અર્થમાં બનશે, તે વેળા અનેક મુશ્કેલીઓ ને ગૂંચ આવવાની છે જ. તે વેળા આપણી સાચી વૃત્તિ કેટલા પ્રમાણમાં જીવનમાં ઊતરેલી છે, એની પરીક્ષા કસોટી થવાની છે, તે પણ તેમાં અર્થ હોવાનો સંભવ રહે છે.

તમારા શરીરમાં તાકાત હોત ને એવી શક્તિવાળું શરીર હોત તો જરૂર તમને સાથે હિમાલય લઈ જાત. મને એવો વિચાર આવેલો પણ તમારા શરીરની સ્થિતિ જોતાં તેવું યોગ્ય લાગતું નથી. તમે જ્યાં હો ત્યાં પ્રભુ તમારું સર્વ રીતે કલ્યાણ કરો એ જ પ્રાર્થના છે. **જ્યાં હો ત્યાં કૃપા કરીને મારા જેવાને યાદ કરશો,** જે તમારું કોઈ અંગનું સાચું સ્વજન છે. એટલું કરશો તો મને મોટી રાહત મળશે. તમારું કામ મારાથી ન બની શક્યું હોય તો મારો તેમાં વાંક દોષ ન જોવા કરતાં એમાં આપણી કેટલે અંશે જવાબદારી છે, તે જ વિચારવાનું રાખશો તો સાચો હેતુ પણ સમજાશે જ. પોતે ક્યાં ઊભા છીએ, તે પણ સમજાશે. પ્રત્યેક પરિસ્થિતિ આપણને આપણામાંનું સાચું ભાનજ્ઞાન પ્રકટાવવા મળેલી હોય છે. પ્રભુ કેમ તેવું કરતો નથી એવું આગ્રહીપણું સાધક ના રાખી શકે

પ્રભુને જે કહેવું હોય, તે બધું પ્રેમભાવે જીવનહૃદયને લળી લળી એ જ પ્રાર્થના કર્યા કરશો. એ જે કરે છે, કરાવે છે, તેમાં ક્યાંય માનવીનું પાર્થિવપણું ન હોય કે ન રહે તેવી ભૂમિકાથી તેવું તેવું ન થયાં કરે એવી કાળજી રાખીને તેમાં માત્ર એક પ્રભુની ભાવના પ્રકટાવવાનું જ ધ્યાન લક્ષ રાખ્યાં કરે છે, તે ગમે તેવું થતાં જીવતો જ રહેવાનો છે. તે કદાપિ પણ ના ભૂલશો. પ્રભુ તમારું રક્ષણ કરો. પ્રભુ તમને સંભાળતો રહે એ જ પ્રાર્થના. ભાઈ...તથા ભાઈને મારા વતી ઘણું ઘણું પ્રેમભાવ વ્હાલ કરતા રહેશો ને સારી સારી ધર્મની વાર્તાઓ કહેશો. એના જીવનને અત્યારે એની ઘણી જરૂર છે. પણ એ સાંભળવાની એનામાં જિજ્ઞાસા જગાડીને તેમ કરવાનું છે, તે જાણશો. ભાઈને મારા વતી સપ્રેમ રામ રામ કહેશો.

લિ. તમારા ભાઈના સપ્રેમ ઘણા ઘણા રામરામ.

• • •

## મનનો વિરોધ

॥ હરિઃૐ ॥

પ્રિય...,  કરાચી, તા. ૩-૧૯૪૫

તમારો તા. ૮-૩-૪૫નો કાગળ મળ્યો છે. મેં પણ ભાઈને લખ્યું છે. તે બનશે તેટલું કરશે. તમારી વ્યથા સમજી શકું છું, પણ ધીરજ રાખશો. હું પણ તા. ૨૫-૩-૪૫ના રોજ જવાનો છું, ત્યારે પ્રયત્ન ખરેખર કરીશ, તે જાણશો. જો દુકાનમાં, તમને જણાવેલું તેમ, રહી શક્યા હોત તો આટલું સાલતે નહિ. નવરા માનવીનું મન કદી થાળે પડી રહેવું શક્ય બનતું નથી.

આપણા લખાણમાં શરૂઆતમાં ભગવાનની ભાવનામાં પરોવાવા ઈચ્છનારને જે લખાણ ઉપયોગી થઈ શકે તેવું હોય તે...ભાઈને સરનામું મોકલી સિકંદરાબાદ લખ્યા કરવાનું કહેશોજી.

જે થશે, ઠીક જ થશે એમ લખવાનો પણ હવે તો અર્થ રહ્યો નથી. માનવી મન જ જ્યાં તેવા હેતુ ગ્રહી શકવાની ભીનાશવાળું ન હોય, ત્યાં તેવું લખવાનું બનતાં તે ઊલટું વિરોધ કરે છે. એ જ.

લિ. તમારા ભાઈના સપ્રેમ

રામરામ.

• • •

## પ્રસંગોમાં પ્રભુ-હાથ

॥ હરિઃૐ ॥

પ્રિય...,                                   કરાચી, તા. ૧૭-૩-૧૯૪૫

તમે કદાચ નીકળી પણ ચૂક્યા હો, જો નીકળ્યા ના હો તો હવે નીકળજો. મુંબઈમાં ખૂબ આનંદ-મસ્તીમાં જીવન ગાળજો, ને પ્રભુને ના ભૂલશો એટલી જ પ્રાર્થના છે. તમારા ભાઈ ભેગા વેપાર ધંધામાં ભળવાનું બને તોયે શો વાંધો છે ? બધું એનું નામ લેતાં લેતાં કરવાનું છે. જે જે પ્રસંગો મળે એનાથી એનો હેતુ જો જીવતો કરી શકાયો તો પ્રસંગોમાં પ્રભુનો હાથ જણાયા વિના રહેવાનો નથી. હવે તો કશી ઝંખના નથી રહેવાની. તેથી પૂરી નિશ્ચિંતતા રહ્યા કરશે. નિશ્ચિંતતાની ભૂમિકા વિના શાંતિની ભૂમિકા વિના કશું કળી શકતું હોતું

નથી. તો કશું નાસી ગયું નથી. હવે તો કૃપા કરજો ને નવી દુનિયામાં જતાં તમારું કોઈક તમારાથી વિખૂટું પડેલું-તમને હૃદયમાં ઝંખતું હોય છે. એને ના ભૂલી જશો. **તમારે ત્યાં બધાને કશું પણ મારા વિશે ન કહેવા પ્રાર્થના છે. મને પ્રખ્યાત કરવો હોય તો તમારા જીવનથી કરજો.**

લિ. તમારા ભાઈના સપ્રેમ ઘણા ઘણા રામરામ.

• • •

## ઉછીના લીધેલા પૈસાનું લખાણ લખી આપો

॥ હરિઃૐ ॥

પ્રિય ભાઈ..., ત્રિચિનાપલ્લી, તા. ૫-૧-૧૯૪૬

તમારો ભાઈ...ભાઈ સાથેનો કાગળ મળ્યો હતો. તેમાંની બધી વિગતો જાણી છે. હવે તો અહીં મળવું શરૂ થયું હશે, ને કામકાજ શરૂ થયું હશે. પેલી દુકાન બંધ કરવાનું સૂઝ્યું છે, તે પ્રમાણે અમલ કર્યો હશે. નહિતર, પૈસા બધા નહિ તો, થોડાવત્તા પ્રમાણમાં ચવાઈ જશે, જે જે નુકસાન થશે તે ભરપાઈ કરવામાં મહામહેનત થશે. **પારકા પૈસાનું જતન પ્રાણની પેઠે કરવું ઘટે.**

વળી તમારી Sincerity of purpose and honesty **એ બાબતમાં પૂરતી જણાઈ આવી નથી. એ દુઃખ સાલે છે. હજી ભાઈશ્રી...ને તે બાબતનું લખાણ કરી આપ્યું છે કે નહિ એની પણ ખબર નથી. એ ભાઈ પણ અજબ લાગે છે. પૈસાના વ્યવહારની બાબતમાં વળી જ્યારે એ પૈસા એમ પારકા પાસેથી લીધા છે, તેવા સંજોગોમાં તે આટલા બધા નિરાંત**

**જીવવાળા રહ્યા કરે છે, તે જરાકે યોગ્ય નથી. માટે હજી પણ જો તમે તે લખાણ ન કરી આપ્યું હોય તો કરી આપવાની તૈયારી કરજો. તમારી સહૃદયતા, સરળતા કે પ્રમાણિકતાની પ્રત્યક્ષ અનુભવથી જીવની પાકી ખાતરી એને કરી આપવામાં આપણો ધર્મ છે.** એ જોખમ ઉપાડ્યું છે. એને પવિત્ર ભાવનાવાળા આપણને ભગવાન રખાવે એવી પ્રાર્થના છે.

અહીં દક્ષિણના શહેરોમાં ભાઈ...સાથે ગુજરાત હરિજન સેવક સંઘના ફાળા અર્થે ફરવાનું બન્યું હતું. કુલ્લે ચૌદ હજાર જેટલો ફાળો થયો છે. **હવે માત્ર સિલોન જવાનું બાકી રહ્યું છે. તે બનતાં સુધી આઠમી સોરા જવાનું બનશે. મદ્રાસ, કોચીન, કાલિકટ, કેનેનોર, મેંગ્લોર, બેંગ્લોર, કોઈમ્બત્તુર ને તીરૂપુર એટલાં સ્થળો ફરી આવ્યા છીએ. સિલોનમાં તો ભાઈ...ને પણ લઈ જવાના છીએ. એ તમને કદી કદી યાદ પણ કરે છે.**

ભાઈ...ને મારા સપ્રેમ ઘણા ઘણા રામરામ કહેશોજી. તમારા માતુશ્રીને, પિતાશ્રીને મારા ઘણા ઘણા સપ્રેમ પ્રણામ. તમારી પોળના પેલા બ્રાહ્મણ જુવાન ભાઈ ઘણું તમારી સાથે આવતાં હતા. એમને પણ મારા વતી ઘણું કરીને યાદ કરશોજી. અમદાવાદમાં એપ્રિલના પહેલા અઠવાડિયા સોરા આવવાનું થશે. મદ્રાસમાં પૂ. મહાત્મા ગાંધીજીના વાતાવરણનો લાભ ભાઈ...ને મળે એ હેતુથી ભાઈ...તથા સૌ... ત્યાં જવાનો ઈરાદો રાખે છે. તમે કુશળ હશો. તમારી હકીકત જણાવતા રહેશોજી.

લિ. તમારા ચૂનીલાલના સપ્રેમ ઘણા ઘણા રામરામ.

**॥ હરિઃૐ ॥**

● ● ●

॥ હરિઃૐ ॥

# શ્રીમોટા પત્રાવલિ-૨

## (પૂજ્ય શ્રીમોટાના પત્રો એક સાધક દંપતીને)

: સંપાદક :

**શ્રી રજનીભાઈ બરમાવાળા**

(ટ્રસ્ટી, હરિઃૐ આશ્રમ, સુરત)

॥ હરિઃૐ ॥

**કશામાં મને રસ રાખતો કરાવવાનો હોય તો તે બાબતની પ્રત્યેક હકીકતથી વારંવાર મને માહિતગાર રાખવાનું બને તો તેમ થઈ શકે.** બાકી મન જરા બગડેલું છે. જે હકીકતોમાંથી રસ જતો રહે તો પછી તેમાં મન લાગતું નથી. એટલે તે તે હકીકતોને અથવા તે બાજુની મનની સાંકળ સંકળાયેલી રહ્યાં કરે તો જ તે તેમાં પ્રવૃત્તિ કરવાનું કરે છે, બાકી નહિ. બાકી એ તો કશામાં વિચારતું નથી. માત્ર એમાં જ્યાં problem આવી પડે તે વાર જ લાગ્યાં કરે, ત્યારે વળી વાત જુદી. બાકી તો રામરામ જેવું છે. પૃથ્વીતત્ત્વમાં આપણને કંઈ સમજ પડે નહિ ભાઈ !

• • •

## આધ્યાત્મિક પ્રગતિ માટેની રીત

॥ હરિઃૐ ॥

પ્રિય ભાઈ... ત્રિચિ, ૪-૩-૧૯૪૩

શ્રી...ને આપણી સોબતથી જો આપણે ઊંચા ન લઈ શકીએ તો પછી આપણું એમનું સાથેનું જોડાવવાનું પ્રભુએ બનાવ્યું તે હેતુ જ માર્યો જાય. તમે નમ્રતા રાખો છો તે ઠીક છે પણ ફૂલની વાસ જેમ આવ્યા વિના રહી શકે નહિ તેમ જીવનના સંસ્કારોની છાપ પણ પડ્યા વિના રહી શકતી જ નથી. એટલે જીવતરનું ઘડતર જેમ જીવન આપી આપીને જીવન મેળવવામાં કરાય છે તેમ જીવનને યજ્ઞરૂપે જીવવાથી જ થયાં કરવાનું છે. જ્યાં જ્યાં જે જે જીવનો આપણને સ્પર્શ

થાય, ત્યાં ત્યાં એમના સ્વભાવને પારખી એમનામાં એમની રીતે ભળીને એમને જાણીને—એમ છતાં એમનાથી પાછા તટસ્થ રહીને જે કંઈ થયા કરવાનો બને તે આપણે કરવું જ જોઈએ. અને સેવા જેમ એકાંગી નથી તેમ તેમની સાથેના જીવંત સંપર્કથી તેમના જીવનની રહેણીકરણીમાં આપણે લીધે કંઈ કશું ન બની શકે તો મારા જેવા ફૂટેલાં તુંબડાંના જેવું તમારું પણ થયું ગણાય. આપણે એવી આશા રાખીને તેમનામાં પ્રવેશવાનું ન કરીએ, પરંતુ તેમનામાં કંઈક પણ જીવનની સંસ્કૃતિ પ્રવેશે તો જ તમારી M.A. સુધીની કેળવણી અને શાસ્ત્રોનો અભ્યાસ એ બધું યથાર્થપણે થયું ગણાય.

પ્રાર્થના, ધ્યાન કે એવી કશી સાધનાની રીતો જ્યાં સુધી અભ્યાસ તરીકે સતત દૃઢપણે ન સેવાયાં કરાય, ત્યાં સુધી તેનો ચીલો પડી જવાનું શક્ય બનતું નથી. **વળી સાધકની 'chain of consciousness' હૃદયની ચેતનાની સાંકળ તેના આધ્યાત્મિક ચિંતન કરનારની સાથે સતત જોડાયેલી ન રહે તો પેલો બિચારો માથું કૂટીને મરી જાય તોયે તેનું પરિણામ આવવું શક્ય નથી.** જો કે પેલાને કશું ન્હાવા નિચોવા જેવું કશું નથી રહેતું. કારણ તે તો તેમાં પોતાનો જ ખ્યાલ રાખીને જે તે કંઈ કરતો હોય છે.

પરંતુ સાધક પોતાના હૃદયની ઊંડી ઉત્કટ ગ્રાહ્યવૃત્તિ ન રાખે અને ઘડાવાની જિજ્ઞાસાને જળસિંચન ન કર્યા કરે, તો પોતે કશું મેળવી શકે નહિ. જેમ બાળક જન્મે છે, ત્યારે એનામાં વિવેકશક્તિ નથી હોતી. પરંતુ predominently વાતાવરણમાંથી જે તે ગ્રહણ કરી લેવાની વૃત્તિ ખૂબ જ તીવ્ર

પ્રમાણમાં રહેતી હોય છે, તેથી જ તે થોડા વખતમાં પોતાનામાં સુષુપ્ત પડેલા બીજરૂપના સંસ્કાર—વૃત્તિઓને સતેજ કરી શકે છે. **તેવી જ રીતે સાધકે જો આત્મનિષ્ઠ થવું હોય તો, એવો grasping power હૃદયની નમ્રતા, ભાવવાળો ને તે સાથે પોતાના ચિંતન કરનારના હૃદય સાથે એકાત્મભાવ સાધ્યા કરે તો એને—એવા સાધકને, પોતાના જીવન અંગેના સૂક્ષ્મ સૂચનો મળ્યાં કરતાં રહે છે.**

પરંતુ ત્યાંયે બાળક જ્યારે મોટું થાય છે, ત્યારે વાતાવરણના અનુભવમાંથી વિવેકશક્તિનું જ્ઞાન જાગ્રત કરે છે. અને પોતાના વર્તનમાં તે ઉતારતું હોય છે, એવું સાધકે પણ કરવાનું રહે છે. એવાં મળી રહેતાં સૂક્ષ્મ સૂચનોમાં ક્યાં ક્યાં પોતાના સ્વભાવનો વળાંક રહેલો છે, તે તેને સમજાયા વિના રહેશે નહિ. આ તો જ બની શકે કે જ્યારે સાધક નિશ્ચિંતતાવાળો હોય, પોતાનાં કર્તવ્યો, વિચારો, વૃત્તિઓ એ બધાને વિશે તટસ્થપણે અવલોકન કરી શકતો હોય. એવા સાધકમાં નિશ્ચળપણું અવિરતપણે પોતાના ધ્યેયની સિદ્ધિ અર્થે મંડ્યા કરવાનું સતત વલણ રહ્યાં કરશે. તે વિના સાધકની આધ્યાત્મિક પ્રગતિ થવી શક્ય નથી.

**જીવનની સાધના એ કંઈ રાંડીરાંડોના ખેલ નથી.** ને તમારા મનમાં એવું છે એવું મ્હારા કહેવાનો ઉદ્દેશ નથી. પરંતુ જીવનમાં જેને સાચી સમજ ઊગી છે, શાસ્ત્રોના અભ્યાસથી જેને જીવનનું અંતિમ ધ્યેય શું હોવું જોઈએ એના વિશેનો મનમાં ચોક્કસ દૃઢ ખ્યાલ છે, તેવાને મ્હારે કંઈ કહેવાનું તો હોય નહિ. પરંતુ તેવાથી પણ જો તેના જીવનની

યોગ્ય દિશામાં વહેવાયાં ન કરાતું હોય તો એને શું નડે છે, કેમ તેવું થતું નથી, એ પ્રશ્ન એને ડંખવો જ જોઈએ. એવાને મૂઢપણું કેમ આવી શકે એ મને સમજાતું નથી. જ્યાં સુધી પોતાને કાંટો ક્યાં વાગ્યો છે, એની વેદના પૂરેપૂરી થતી નથી ત્યાં લગી, એને કાંટો કાઢવાનું દિલ થવાનું નથી. એટલે આપણને જીવનનું ધ્યેય જો સમજાયું હોય અને જીવનનું અંતિમ લક્ષ્યબિંદુ આત્મનિષ્ઠ થવાવામાં જ પરિણામવાનું હોય, તો એને કેટકેટલી ઉત્કટતાવાળું રહેવાવું જોઈએ તે સાધકને સમજાયા વિના રહે નહિ.

ભગવાનની ચેતનાશક્તિ કોઈનાયે પાસે પણ કંઈ પણ બળાત્કારે કશું કરાવી શકવાની નથી. **એ તો આપણે એ જાગ્યાં કરવાનું ને તેમાં ચેતન રાખ્યાં કરવાનું મથ્યાં કરીશું તો જ તે શક્તિ આપણી પડખે ઊભી રહેવાની છે.** સ્વભાવની ઠંડક ત્યાં રાખે પાલવે નહિ. જે કોઈ સાધક સ્વભાવની ઉપરવટ જવા મથતો નથી, તેનામાં કશું કોઈ કરી શકવાનું નથી. **ઈશ્વરનો સ્વભાવ જ નિષ્ક્રિયપણાનો છે. એટલે તેને કોઈ જો હલાવે તો જ તે હાલે કે ચાલે તેવો છે. વળી તે અત્યંત ગતિમાન હોવાને લીધે તદ્દન સ્થિર જેવો હોય છે. એટલે તેની સ્થિરતામાં જગતના લોકોને જડતા જેવું પણ લાગે, એટલે એવાને તો કુંભકરણની નિદ્રામાંથી જગાડવાની જેટલી મહેનત લેવી પડતી, તેવી બલ્કે તેનાથી પણ ઘણી વધારે મહેનત જિજ્ઞાસુભાવે કર્યા કરવી પડે છે. તો જ તે જાગે છે બાકી એ પોતે તો કંઈ કશું કરાવતો નથી.**

પ્રાર્થના એ તો આપણા જેવા મરેલાને માટે 'મૃત સંજીવની' જેવી છે. વળી જીવતાં જીવતાં જે સાધક બધાયે વિષયોમાં મૃત્યુ અનુભવે છે, તે જ જીવનને પામી શકે છે. એટલે સાધકે પોતાના જીવનનાં સર્વ કર્મોમાં એના જ અર્થે તે જો કર્યાં કરવાનું રાખે તો જ તે તે કર્મોમાં તેની આસક્તિ કે રાગ ઘટતાં જવાનું બને. સર્વ કર્મોમાં, જીવનના સર્વ વહેવાર કે સંબંધોમાં તેણે ક્યાંયે આસક્તિપૂર્વકનું વલણ ન હોય તે તપાસવું રહ્યું. તે સાથે તે તે બધાં સાથે સુષુપ્ત કે જડ જેવો પણ ન હોય. **કારણ કે સાધકના જીવનનું મુખ્ય લક્ષણ એ એની પ્રસન્નચિત્તતા છે.** એ તો જેને તેને બધાને નરી આંખે તેનામાં દેખાવી જોઈએ. એવો પ્રસન્નચિત્ત સદાયે રહેતો સાધક સ્થિરચિત્ત પણ રહી શકે. પરંતુ સાધકનામાં એવી પ્રસન્નચિત્તતા એમ ને એમ આવી શકતી નથી. તેના માટે જે જે મનથી ભૂમિકાઓ થવી ઘટે તે તે ભૂમિકાઓ તો સાધનાના અભ્યાસની ભાવનાથી યુક્ત થઈને તેના યોગ્ય પરિશીલનથી જ ઉદ્‌ભવાવી શકાય. એટલા જ માટે જેને સાધક થવું છે, તેણે અત્યંત ધીરજ રાખીને અભ્યાસ કરવાની જરૂર છે. **અભ્યાસ એ જ આધ્યાત્મિક જીવનની નિસરણી છે.** સાધકના જીવનની તે પાંખો છે. એટલું જ નહિ પરંતુ તે એના પ્રાણરૂપે છે.

• • •

## સ્વજનને યાદ કરવાની કળા

॥ હરિઃૐ ॥

પ્રિય ભાઈ, કેરાપટ્ટી, તા. ૨૩-૩-૧૯૪૩

તમારો તા. ૨૧-૩-૪૩નો પત્ર મળ્યો છે. તમે અમારા પર મહેરબાની કરવા માંડી છે, તે તમારો પરમ ઉપકાર.

થોડા દિવસ રાત્રે ૧૨ થી ૩ અને ઊંઘ આવે તો ૪ થી ૭ એકાગ્રચિત્તે બેસો છો તથા પ્રયત્ન કરો છો અને વધારામાં આકૃતિદર્શનનું પણ સાધન રાખ્યું છે ને દિનપ્રતિદિન ઉત્સાહનો ઉદય થતો જતો તમને દેખાય છે, તે જાણીને આનંદ થાય છે.

જ્યારે જગતમાં પોતાના આત્માનું સ્વજન તેને ભાવથી વ્યક્ત કરે છે, ત્યારે તેના જેવો મારા તેના પેલા સ્વજનને સમજી ન શકાય એવો થયા કરે છે. તેવું આત્મીય સ્વજન કોઈ ગૂઢ કર્મ પ્રારબ્ધસંજોગો કરીને યોગાનુયોગ આપણને મળે છે. તેને હૃદયના પ્રેમથી સતત વળગ્યાં કરવાનું બને—તેનાથી દૂર રહીએ કે તેની પ્રેમભરી યાદ પણ ન કરીએ—એ મારા જેવાને તો ઘણું અસહ્ય લાગે. ભગવાને મને મારાં સ્વજનોનું કોઈ ને કોઈ ગૂઢ રીતે સતત સ્મરણ રહ્યાં કરે, એવી રીતો તેણે મને  શીખવી છે. ને તેથી જ ઘણીવાર જ્યારે તમારી યાદ ખૂબ કરવાનું મન થાય, ત્યારે તમારું પ્રેમથી આપેલું પંચીયું રાત્રે પહેર્યાં કરવાનું રાખું છું. તેવી જ રીતે કોઈ ને કોઈ તેવા સ્વજનનું સંભારણું આ જીવની સાથે સંકળાયેલું રાખ્યા કરવાનું જે કળા ભગવાને શીખવી છે, તે કળા વાપર્યાં કરવાનું સતત હૃદયથી બન્યાં કરે છે. ને એ બધાં પ્રેમસંભારણાં વડે જ આ જીવનમાં જો કંઈ પ્રાણ હોય તો તે પ્રાણનો આધાર તે દિવ્ય સંભારણાં જ છે.

પરંતુ ભક્ત માણસને એવાં પવિત્ર સંભારણાંની હૃદયની જે કિંમત—આદર અને પૂજ્યભાવ હોય છે, તે જ્ઞાનીના

હૃદયમાં તે પ્રમાણે નથી હોતું. તમે જ્યારે કંઈ કરવાનું રાખો છો, તે થોડા દિવસ કરીને પાછું નેવે મૂકી દો છો. આપણે જે કંઈ કરીએ, એની સતત ગંગધારા ચાલુ રાખ્યાં કરીએ. તેના અભ્યાસ-બળ વડે આપણા અંતરના જીવનમાર્ગનો ચીલો પાડી દઈએ તો જ તે કર્યું કારવ્યું ઉપયોગનું થઈ પડે. બાકી જે કંઈ યદ્વાતદ્વાપણે કર્યાં કરીશું તેનો કશો અર્થ હોતો નથી. જે કંઈ કરીએ તે ચોકસાઈથી, અંતરના ઉમળકે પોતાના જીવન-વિકાસાર્થે અને તેવી ભાવનાનો ઉદય તેમાં થવા દીધાં કરીને તે તે બધું નિયમિત રીતે કરીએ તો જ તેવા બધાનો અર્થ છે.

ભગવાને કૃપા કરીને તમને બધાંને મને આપ્યાં છે કે જેથી કરીને હું મારા જીવનને તે રીતે વ્યક્ત કરી શકું અને તમારા બધાની ઉપર મને કેટલી બધી આશા રહ્યાં કરતી હશે, તે આપણી સમજમાં તો જરૂર આવ્યાં કરતી હશે ને એ રીતે તમારું જીવન તે મારું જીવન હું ગણું છું. ને તેથી જ અનેકવાર એવા આઘાતો સહન કરવાનું જ્યારે બને છે, ત્યારે ત્યારે તે તે સ્વજનનું સ્મરણ હૃદયમાં ઊંડામાં ઊંડું તે આઘાતની ભાવનાના બળ વડે કરીને લઈ જવાને જેમ મથાય છે તેમ મથું છું. ને ભગવાનને મારા હૃદયનો આર્તનાદ પણ સંભળાવું છું. ભગવાન બહેરો તો નથી જ. તે વાત સાચી છે. કોકવાર તે સાંભળે પણ છે, પરંતુ આપણે પૂરેપૂરા તેનામય થવાને ઝંખતા હોતા નથી, એટલે આપણી બધીયે વાતો તે સાંભળીને તેનો યોગ્ય જવાબ આપતો હોતો નથી. તમારા વિશે મારા દિલમાં જે કંઈ થયાં કરે, તે તમને ભાષામાં જણાવવું તે યોગ્ય નથી. કારણ કે તે તો માત્ર સાહિત્યિક આડંબર જેવું થઈ પડે.

કોઈ મને છોડી દે તેનું મને દુઃખ નથી. પરંતુ મારા હૃદયની ભાવના નિષ્ફળ નીવડવાની અણી ઉપર આવે છે, ત્યારે ભગવાનને પોકાર કર્યા સિવાય રહેવાતું નથી. ને તે પછી એના હાથમાં હૃદયનો વલવલાટ વ્યક્ત કરી દઈને જે તે બધું સોંપી દઈને નિશ્ચિંતપણે પડ્યો રહું છું. કારણ કે કાળ અને કર્મની મર્યાદા-જે આપણા એકબીજાના પ્રારબ્ધના કર્મસંજોગે કરીને બંધાઈ છે, તેની હદનાં દર્શન પણ તે પરમ-કૃપાળુ પ્રભુ કોઈક ધન્ય પળોએ કરાવે છે. તેથી જીવનમાં આત્યંતિક નિરાંત ને હદ વગરની ધીરજ પણ સેવાયાં કરાય છે અને એ રીતે જેને જે કંઈ કરવાનું સૂઝશે અને એનું હૃદય જ્યારે પીગળશે, ત્યારે જ તે પોતાના જીવનના સાચા પંથમાં ખૂંપી જવાનું છે. તે વિના બીજું કંઈ કશા ઉપાયે તે ધૂંસરીએ જોડાઈ શકવાનું નથી એવી ખાતરી હોવાથી તમારા વિશે પણ નિરાંત રહ્યાં કરેલી છે.

• • •

## સાધક જગાડે તો જ ગુરુ જાગે

॥ હરિઃૐ ॥

પ્રિય ભાઈ, કેરાપટ્ટી, તા. ૪-૪-૧૯૪૩

**જે માણસ વિચાર જ કોઈ પરિસ્થિતિ અંગે કરતો નથી તે કાં તો જ્ઞાની કે કાં તો જડ.** સાધકે પરિસ્થિતિ અંગેના વિચારમાં પરોવાઈ ગયા વિના તટસ્થપણે વિચાર તો કરવા ઘટે. એનાથી ગમે તેમ યદ્વાતદ્વાપણે ન થઈ શકે. તમે લોકોએ મને શું કામ હાથમાં લીધો હશે ? ખાલી કોડિયામાં દીવો

મૂકવા માટે જ ? જ્યાં જ્યાં કંઈ નવું કરવાનું હોય કે વિચારવાનું હોય અથવા સાધનાની યોગ્ય સૂઝ માટે પણ સાધકે ગુરુની સલાહ સૂચન લેવી ઘટે, નહિતર પછી ગુરુ તો શોભાના ગાંઠિયા જ ગણાય ! ને કૃપા કરીને મને સ્પષ્ટ કહેવા દેજો કે જે ભવિષ્ય ભાખેલું તે મને ઠીક લાગે છે કે 'you have deserted me' પરંતુ મારા મનમાં તમારું સ્મરણ કેટલું છે, એની સાબિતી કાંઈ દેખીતાં કારણો વડે આપી શકું તેમ નથી. અત્યાર સુધીના જીવનમાં તમે છબરડાં વાળ્યાં છે, ને તેમાંથી શીખવાનો પાઠ મેળવી શક્યા નથી, એ મારે માટે ભારે કમનસીબીની વાત છે. વચ્ચે નવેમ્બર '૪૨ની શરૂઆતમાં તમને મળવાનું મને ઘણું જ મન હતું. પણ બની શક્યું ન હતું. **મને બોલાવવાનું કે આકર્ષવાનું કામ સાધકનું છે, મારું નથી.** તોપણ તમને મળવાનું મન થયેલું ને મળીશું ત્યારે પેટ ભરીને જીવન સંબંધી વાતો કરવી છે, ને તમને સમજવા પણ છે તે જાણશો.

• • •

॥ હરિ:ૐ ॥

ત્રિચિ, તા. ૪-૪-૧૯૪૩

જે પોતાને સાધક ગણાવે છે, તેણે પોતાના વર્તનથી સામું માણસ મુશ્કેલીમાં મુકાશે કે કેમ તે સમજી લેવું ઘટે છે.

**સાધક એટલે જગતના અભિપ્રાયો અંગે તદ્દન બેપરવાહ એવો એનો અર્થ નથી.** પોતાનું સંપૂર્ણપણે સર્વ દૃષ્ટિથી પ્રમાણિકપણે યોગ્ય વર્તન હોય તો પણ સાધકે જગતની અવગણના કરવાની નથી.

• • •

## કર્મ ભોગવવાની રીત

॥ હરિઃૐ ॥

ત્રિચિ, તા. ૧૧-૪-૧૯૪૩

જેમ વિચાર આવે તેમ વર્તી નાંખવાનું યોગ્ય ન ગણાય. આપણને સમજણ ના પડે એમ લખ્યેથી કંઈ દી વળવાનો નથી. જેમ કર્મના સંસ્કાર કે બંધન તે ન સમજવાં છતાં પડ્યાં જ કરવાનાં છે, તેમ કંઈ નહિ સમજવા છતાં તેનું પરિણામ ભોગવવામાંથી આપણે કદી છટકી શકવાના નથી. અને વ્યવહારુપણાનો સ્પષ્ટ ખ્યાલ રાખ્યા વિના ગમે તેમ વર્તીશું તો એમાંથી જીવનનો સુમેળ કદી પણ સાધી શકવાના નથી.

• • •

॥ હરિઃૐ ॥

પ્રિય ભાઈ, સાબરમતી, તા. ૩-૫-૧૯૪૩

તમારો તા. ૨-૫-'૪૩નો કાગળ મળ્યો છે. હું સાયલા તા. ૧૫-૫-'૪૩ પછી આવવાનું રાખીશ. તમારા પિતાશ્રી મા.સૌ. બહેનને ત્યાં મળ્યા હતા. ત્યાં બધાં આવે ત્યારે સૌ સાથે પ્રેમથી વર્તજો. બને તેટલું ખૂબ કામ કરજો. પ્રિય ભાઈ... ને ત્યાં શુભ પ્રસંગ છે તો ત્યાં કૃપા કરીને અતડા રહેશો નહિ. બને તેટલું કામ પૂછીને જાતે માંગી લેવાનું રાખશો.

બધામાં ભળવાનું રાખશો. ભલે બોલવાનું થોડું બન્યાં કરે એનો વાંધો નહિ. નામસ્મરણ કૃપા કરીને વધાર્યા કરશો. **કર્મ કરવાં તે પ્રભુપ્રીત્યર્થે.** સિદ્ધિ-અસિદ્ધિની કલ્પના મનમાં ન રાખવી ઘટે. પણ જે કરવું તે સમતાથી—વિવેકથી બધી બાજુનો વિચાર કરીને કરવાનું રાખવું. કૃપા કરી તમારા હૃદયનો સાથ માગ્યાં કરું છું. મને ત્હમારા બધાનું જીવતું બળ નહિ મળે તો તો હું તો મડદા જેવો છું. તમે કહેશો કે 'હું તો ઠંડો છું. એવાની ઠંડાશ જોઈને બેસવાનું બને તો તો કશો શુક્રવાર વળી શકે નહિ.' પણ ભાઈલા ! જરા તો મારા સામું જોવાનું રાખો. બધાંયના દિલના આઘાત-પ્રત્યાઘાતો સહન કરી કરીને શરીરના શા હાલ થતા હશે ? કર્મ ભોગવ્યા વિના કંઈ છૂટકો હોતો હશે ? **કર્મ ભોગવવું તે પણ એવી રીતે કે જીવનની સાધનાના સાધનરૂપે કે જેથી પ્રત્યેકનું તેમાંથી કલ્યાણ સંભવી શકે.** માટે હમણાં તો મરેલો છું. તો તમારા ઉત્સાહ-પ્રેરણા વડે જીવવાનું છે. તો કૃપા કરશોજી. પિતાજીને મારા પ્રણામ.

લિ. તમારા ચૂનીના સપ્રેમ

ઘણા ઘણા રામ રામ

• • •

## સ્વજનો માટે *મોટા* અમીર છે

॥ હરિઃૐ ॥

આશ્રમ, તા. ૮-૬-૧૯૪૩

નામસ્મરણ માટે તો કશો અવરોધ હોઈ શકે નહિ. એમાં તો કોઈનો યે દોષ કાઢી શકાય તેમ નથી. વળી પ્રત્યેક કર્મમાં

ચેતના સાંકળ જોડાતી રહે, તે પણ થઈ શકે એવું છે તો એ બાબતમાં મહેરબાની કરશો.

• • •

॥ હરિઃૐ ॥

પ્રિય ભાઈ, આશ્રમ, તા. ૧૬-૭-૧૯૪૩

બ્રાહ્મણના રજપૂત બન્યા તો ભલે પણ એ વેશમાં બ્રાહ્મણપણું જ આપણું રહ્યાં કરે તો જ આપણું શોભી ઊઠે. આપણે વાતાવરણથી પર રહેવા મથીએ. વાતાવરણથી લેવાઈ કે લેવાઈ ન જઈએ. જો તેમ થયું તો આપણું પતન થયું જ સમજવું. આપણે મરતાં મરતાં યે પ્રયત્ન કરતાં રહેવું ઘટે. મા.સૌ....બહેનનું દિલ મને મળી શકવા માટે પ્રભુએ તમને આપેલા.

તમારા વિના મા.સૌ...બહેન મારા જેવાને ક્યાંથી મળી શકત ? એ પણ તમારું ઋણ કંઈ નાનુંસૂનું નથી. તમે જ્યાં હો ત્યાંથી અમારા જેવા અભાગિયાને કદી કદી સંભાર્યા કરવાનું કરવા ઘણી ઘણી વિનંતી છે.

તમારી સાથે આવી જવાનું મને મન છે. કરાચી જતાં પહેલાં આવી પણ જાઉં. જોઈતું કરતું હોય તો જરૂર લખી જણાવશો. **ભિખારી ભલે હોઉં પણ સ્વજનોની બાબતમાં હું અમીર છું એટલું સ્પષ્ટ તને લખી દઉં. તો એનો એ રીતે જ્યારે ઉપયોગ કરવો ઘટે, ત્યારે નિઃસંકોચ મને કરવો.** એ જ. પ્રેમભાવ રાખ્યાં કરશો.

• • •

॥ હરિ:ૐ ॥

# આત્માનુભવની શરતો

આશ્રમ, તા. ૬-૯-૧૯૪૩

**જ્યારે મન, ઇંદ્રિયો અસ્વસ્થ રહે, ચંચળ હોય, વિક્ષિપ્ત હોય, ત્યારે આત્માનુભવ ત્યાં ઉદ્‌ભવી શકે જ નહિ.** તે સ્થિતિમાં ઈશ્વરી ચેતનાનું અવતરણ થવું કદી પણ શક્ય નથી. સર્વ પ્રકારની સર્વ બાબતમાં સર્વ ભાવે નિશ્ચિંતતા થવી એટલે કે એવી ભાવવાળી શાંતિ થવી એ એના અવતરણ માટે જરૂરનું છે. કશાથીયે મન વિક્ષિપ્ત થવું ન ઘટે. કશાથીયે વિચારોના વમળમાં ન પડ્યાં કરવું જોઈએ. જે કરવાનું હોય તે સાધનાના પ્રાણ, હેતુ સાથે તેની જીવંત ભાવના સાથે સંકળાઈને બન્યાં કરવું ઘટે. એવી એકાગ્રતા હૃદયસ્થ કેન્દ્રિત થયા વિના જ્ઞાન મળી જ ના શકે. એવી એકાગ્રતાના સતત પરિશીલનથી જ જ્ઞાન મળી શકે છે. શરીર, મન શાંતિમાં રાખવાથી મનોબળ વધે છે. ઘણા કાળે મન તેવું થઈ શકે.

જો સતત તે બાજુનો પ્રભુકૃપાથી જીવતોજાગતો મરણિયો પુરુષાર્થ થયાં કરાતો હોય તો મન વશ થતાં એકદમ તો તદ્દન અંધકાર લાગશે. તે અતિ કારમો હશે. તે પછી તે અંધકાર (આવો અંધકાર) એ અજ્ઞાનવશાત્ નથી હોવાનો. સાધકની એવી દશા થાય છે ને તે પણ દૂર થાય છે ને તે પછી તેજ, શક્તિ, પ્રેમ, આનંદ ઉદ્‌ભવે છે. આપણને એમ જાણે લાગતું હોય છે કે તે જાણે સમુદ્રમાં મોજાં લહરીઓ રૂપે અથવા એવા હલકા હલકા ખાલી ઘડા રૂપે ફરતા ન હોઈએ એવું અનુભવાય છે. એવી દશામાં ચેતના—પ્રભુચેતના પ્રગટી શકે.

• • •

## હૃદયના પ્રેમભાવથી ઝઘડાનો ઉકેલ

॥ હરિઃૐ ॥

પ્રિય ભાઈ, કરાચી, તા. ૨૮-૮-૧૯૪૩

આપણે નમ્રતાભાવે રહ્યાં કરીને એને કોઈનાયે સંતાપથી કચડાઈ જવા ન દીધા કરવી એ આપણો ધર્મ છે. આપણે આપણી મર્યાદા ન છોડવી. તેમ છતાં કોઈના જીવનને જો તે યોગ્ય રીતે ફાલ્યાં ફૂલ્યાં કરતું હોય તો એને અવરોધ કરવાનો કોઈને પણ હક્ક નથી, એવી દૃઢ ભાવના દિલમાં ધારીને જે તે હોય ત્યાં પ્રેમભાવે વડીલ હોય ત્યાં નમ્રભાવે ખડકની જેમ ઊભા રહેવું ઘટે, પણ એટલી ખાતરી દિલમાં પહેલાં કરી લેવી કે આપણા પક્ષે જ સત્ય છે. **સાસુ-વહુના ઝઘડામાં કેટલીકવાર ભાવનાવાળા છોકરાને પતિની વૃત્તિઓનું જેનામાં મેળ થયેલો છે એવાને મુંઝાવાનું બન્યાં કરે, પરંતુ જેને બંને પ્રત્યે ખૂબ હૃદયનો પ્રેમભાવ છે ને જે બંનેમાંથી એક્કેયનામાં માત્ર અંધતાભરી મોહવૃત્તિવાળો બન્યો નથી, એને ક્યાં ખૂંચ રહેલી છે, તે જડ્યા વિના રહી શકતું નથી. એનામાં રહેલી ઉત્કટ પ્રેમભાવના જ એનો ઉકેલ આપણને શોધી આપે છે.**

• • •

## મુશ્કેલીમાં *'મોટા'* ને બોલાવો

॥ હરિઃૐ ॥

પ્રિય બહેન,

હવે તો તું રહેવા જવાની ત્યાં કોઈ જાતના વિચારની ગડમથલમાં પડીશ નહિ. આનંદમાં રહેજે. કોઈ વાતે ભય

રાખવો નહિ. માત્ર ભગવાનનો ભય રાખવો, ને ભગવાનનું નામસ્મરણ કર્યાં કરવાનું રાખવું. વડીલોની મન, વચન ને કર્મથી હૃદયના આશીર્વાદ મળતાં મર્યાદા પાળ્યાં કરવી.

એમના હૃદયના આશીર્વાદ મળતાં આપણું કલ્યાણ થવાનું છે. આપણી સાસુ ભલેને એમને જેમ સૂઝે તેમ તે કહે કે બોલે તોપણ આપણે કશું મનમાં ન આણીએ, **આપણે મનમાં કાંઈ વાતે દુઃખી ન થઈએ, દુઃખી થવાતાં જ દુઃખ વધારે લાગે છે ને દુઃખો જો અડકાવા દેતાં નથી તો દુઃખ ઊભું રહી શકતું નથી, પ્રસન્નચિત્તને કશું અડકી શકતું નથી.** તારી પરીક્ષા થશે. પ્રભુ તારું રક્ષણ કરો. કોઈ વાતે મુંઝાવાનું રાખીશ નહિ.

મુશ્કેલીમાં આવી પડે તો સ્મરણ કરીને હૃદયના ઊંડાણથી 'કોકને' બોલાવજે. 'કોક' આવશે ખરો જ, પણ એવું બોલાવતા આવડવાની કળા આપણે શીખી લેતાં નથી, ત્યાં શું થાય ? તું તો કાગળ પણ લખતી નથી. મ્હારું દિલ તારી સાથે છે જ. તારું ચિંત્વન નથી એમ તો તું નહિ જ કહી શકે. તારે માટે... બધી જ સગવડની ગોઠવણ હતી, પણ હવે લંબાયું તો ત્યાં જે કરીએ તે ચિત્ત, પ્રેમભાવ રાખીને કર્યાં કરીએ ને બધાંની હૃદયથી સેવા કર્યાં કરીએ ને એમાં જ જીવનનું કલ્યાણ રહેલું છે એમ માનજે.

**જગતમાં આપણું કોઈ વેરી નથી. કોઈના તરફથી જો દુઃખ મળે છે તો આપણા પોતાના જ કર્મની છાયા છે, એમ આપણે માનવું પણ સામાના વિશે મનમાં કશું ધારવા કે માનવાપણું આપણે રાખવું નહિ. એમાં આપણા જીવનનું પતન છે. ભગવાન આપણને એવા પતનમાંથી બચાવે એ જ પ્રાર્થના.**

## વર્તન વિનાના વિચારનું મૂલ્ય કોડીનું

॥ હરિઃૐ ॥

પ્રિય બહેન, આશ્રમ, તા. ૧૧-૯-૧૯૪૩

તું મને પણ બહુ યાદ આવે છે પણ હૃદયનો પ્રભુ પરત્વેનો ભાવ જે જે જીવનમાં મળેલાં પરત્વે એકભાવે ગળી ન જઈ શકે તો ભગવાનની ભક્તિ નકામી છે. **અમલમાં મૂકાયા વિનાના વિચારનું મૂલ્ય કોડીનું પણ નથી.** ભગવાનની ભક્તિ નરવીર પરાક્રમી જીવની છે. તેથી આપણે સર્વ પ્રકારના સંકોચ, ભય ને વાડા તોડવા જ પડશે. સાહસ, હિંમત, બધું ય કેળવવું પડશે.

આનંદ મસ્તીમાં રહેજે. ખૂબ સ્મરણ કરતી રહેજે. એને મૂકી ના દેવું, ને ઝંખતા હૃદયની ભાવના જ્યારે પ્રાર્થના સ્વરૂપમાં પ્રકટે છે, ત્યારે તે ઝંખના આકાર લે છે જ. તને એવા અનુભવ જરૂર થશે જ.

• • •

## નિરાશાનું કારણ ને ઉગરવાનો ઉપાય

॥ હરિઃૐ ॥

પ્રિય ભાઈ, ત્રિચિ, તા. ૮-૧૦-૧૯૪૩

તમારો તા. ૨-૧૦નો પોસ્ટકાર્ડ મળ્યો છે. ત્હમને જિંદગીમાં નિરાશા આવતી જતી લાગે છે, તે જોઈ દિલમાં મને ગોઠતું નથી. મરદ જેવા થઈને તે આપણને શોભે ? કૃપા કરીને એવું હતાશ થવું નહિ. આપણે તો જીવન નિષ્ફળ

વહેવા દેવાનું ન હોય ! આપણા કરતાંયે કેટલા પામર માણસો જગતમાં પડેલા છે, તેના તરફ દૃષ્ટિ, વૃત્તિ રાખીને જો જોવાનું રાખીશું તો આપણને નિરાશા પામવાનું કશું પણ કારણ નથી. આપણા સંસારમાં આપણને જીવનમાં રસ પડે એવું વાતાવરણ નથી કે નથી થઈ શક્યું એનું મૂળ કારણ આપણે પોતે જ છીએ. **જે જે પરિસ્થિતિ મળ્યાં કરે છે, તે આપણો પોતાનો જ પડઘો છે ને તે પડઘાના વમળમાંથી આપણે બહાર નીકળવાનું ન કરીએ ને એમાં અટવાયાં કરીએ એટલે આમ થાય છે.**

અહીંથી તે બાજુ આવતા તમારી સાથે આવીને જ કરાચી જવાનું મન છે. તમને જે કોઈ મુશ્કેલી હોય તે ખુલ્લા દિલે લખવાનું રાખો ને પત્રવ્યવહાર ચાલુ કરો તો તેથી જ કંઈ જોશ ચેતના રહેવાનાં હોય તો રહે. વળી તમને સાધનાની બાબતમાં ઝાઝું નહિ લખું પણ સાધારણપણે લખીશ. ને મને તમારામાં પરોવાવાનું સાધન મળે તેટલા માટે ભૂમિકા રૂપે પણ પત્ર લખવાનું શરૂ કરો તો કંઈક અંશે તમારા હૃદયને હળવાશ મળવા કદાચ સંભવ હોય. કોઈ જાતે કે કોઈ વાતે મુંઝાશો નહિ. કોઈ પણ કામ હોય તો બેલાશકપણે લખશો. તમારું કામ કશું પણ મારાથી થઈ શકશે તો મને આનંદ થશે. તમારું કામ મારું જ કામ છે એમ ગણવાને ઈચ્છું છું. કશી વાતે અમુંઝણ રાખવાની જરૂર નથી. આપણે એક જ આત્માના સ્વજનો છીએ. ભગવાને સાથે બૂડતા બચાવ્યા છે તો સાથે જીવીએ મસ્તીથી.

**તમે આ રીતે જો સાધનામાં ટકવાને પ્રયત્ન કર્યો હોત તો નિરાશા જીવનમાં ઊભી રહી ના શકી હોત. ખૂબ મોટેથી 'હરિઃૐ હરિઃૐ' બે ચાર વાર એકાંતમાં જઈને બૂમો મારવાનું દસ બાર મિનિટ જરૂર રાખશોજી.**

## 'મોટા'માં જીવ રાખો

॥ હરિઃૐ ॥

પ્રિય ભાઈ, તા. ૧૫-૧૦-૧૯૪૩

કોઈ વાતનું મને કષ્ટ નથી. **માત્ર મારામાં જીવ રાખ્યાં કરવાનું રાખે ને બીજું કશું નહિ થાય તોયે ભગવાન સંભાળ લેશે.** માત્ર એટલું જ જો થઈ શકે, પણ **તે ચેતના પ્રાણ વડે સતત મારામાં જીવ જીવતાજાગતાપણે રાખી શકાય તોયે કશુંક રચનાત્મકપણે ઊગી આવે જ.** પણ આપણે છોડો એ બધી લપ. તમારે જેમ ફાવે તેમ રહેજો પણ જીવનમાં નિરાશાને તો જરાકે સ્થાન આપશો નહિ. નિરાશા શાને ? એ તો આપણી મરદાઈને જરૂર લાંછનરૂપ ગણાય, ને મારું માથું શરમનું માર્યું ઊંચું પણ થઈ શકતું નથી. માટે કૃપા કરશો. નિરાશાના મૂળને શોધી એનો નિકાલ કરવા શોધીને તેનો ઉપાય યોગ્ય કર્યા કરવાનું રાખશોજી.

• • •

## વિર્યસ્ત્રાવ અટકાવવાના ઉપાય

॥ હરિઃૐ ॥

પ્રિય ભાઈ, ત્રિચિ, તા. ૨-૧૧-૧૯૪૩

તમારો તા. ૨૯-૧૦-'૪૩નો પત્ર મળ્યો છે. પહેલાં તો વિર્યસ્રાવ અંગે લખી લઉં. એ પ્રયોગ તમે કરી જોજો. અને જો એ લાભદાયક હશે તો તેથી બીજાઓને પણ તે બતાવી શકવાના ખપમાં આવી શકે. પરંતુ તે એક હઠયોગનો જ પ્રકાર છે એમ ગણી શકાય. જ્યાં સુધી વિર્યનું ઊર્ધ્વરેતસ્ થવાપણું ના બને, ત્યાં સુધી તેનો સાત્ત્વિક ઉપયોગ થયો ના ગણાય. બીજી કોઈ રીતે વિર્યને અટકાવવા જતાં તેનું જોશ આપણી કોઈ ને કોઈ પ્રકૃતિના વલણમાં બહાર ફરી નીકળવાનું જ. વળી બિલકુલ અટકાવી શકાય નહિ એવું મારું માનવું છે. જ્યાં સુધી સંયમપૂર્વકનો આપણો સમજણવાળો કાબૂ આવ્યો નથી, ત્યાં સુધી તે શક્ય લાગતું નથી. ખાવાપીવામાં તથા બીજી રહેણીકરણીમાં એને અનુકૂળ હેતુપૂર્વકનું ભાવનાવાળું વર્તન જ્યારે બન્યાં કરે છે, ત્યારે તેમાં સરળતા થવી શક્ય બને છે. એમ ને એમ બેળે બેળે કે બળાત્કારે કશું થઈ શકતું નથી. **નિગ્રહ કિમ કરિષ્યતિ ?** એવું અર્જુનને શ્રીભગવાને કહેલું છે. આપણે પ્રકૃતિનો નિગ્રહ કરવાનો છે ખરો પરંતુ બળાત્કારે નહિ. પણ પ્રેમપૂર્વક તેને કલાવી પટાવીને સમજાવી સમજાવીને આપણી ભાવનામાં તેનું વલણ બન્યાં કરે એવી રીતે કરવાનું છે. બળાત્કારે કંઈ પણ કશું કરવા જવામાં તેમાં ન ફવાતાં માનવી સાવ નિરાશામય—સાવ ઢીલો થઈ જાય છે ને એવી સ્થિતિમાંથી ફરી પાછું ઊઠી શકવું ભારે થઈ પડે છે. ને તે પછીનું મન તદ્દન વિચિત્ર દશાવાળું બની જાય છે. આ તો માત્ર સમજણ પૂરતું લખ્યું છે.

કોઈ પણ સારા કામમાં હૃદયના ઉમળકાથી પરોવાઈએ

છીએ, ત્યારે તેમાંથી ચેતના પ્રાણ મળ્યા વિના રહેતાં જ નથી. અને એક પ્રકારની આહ્‌લાદજનક સ્ફૂર્તિ રહ્યાં કરે છે, એ તો દીવા જેવી સ્પષ્ટ વાત છે.

તમે જે વ્યભિચારનો અર્થ કર્યો છે, તે તદ્દન બંધબેસતો છે. મ્હેં પણ એવી જાતની એક પ્રાર્થના ઘણાં ઘણાં વર્ષો પહેલાં ગઝલ રાગમાં લખી હતી. અત્યારે પૂરેપૂરી મોંઢે નથી પણ તેની પહેલી લીટી *'વ્યભિચારી મુજ સમ કો નહિ'* એમ કરીને હતી. સાબરમતી જઈને તમને મોકલીશ. ત્યારે તે ગાતો ગાતો નડિયાદમાં ફરતો હતો, ત્યારે કેટલાયે જાણીતા લોકોએ કંઈ કંઈ વિચારો કરેલા.

## વાસનાની શક્તિને સ્મરણમાં વાળો

ભગવાનનું સતત સ્મરણ રાખ્યાં કરીને જો...સાથે સૂવાનું રાખશો અને તે વખતે હૃદયના ઊંડાણમાંથી ને ભાવનાપૂર્વક હરિસ્મરણ થયાં કરતું હશે તો વાસનામાંથી ઉદ્‌ભવેલી શક્તિ પેલા સ્મરણમાં ખર્ચાયાં કરશે. એથી...ને પણ એક જાતની માનસિક ભૂખ ભાંગશે. એને સંતોષ રહ્યા કરશે. દિલમાં હળવાશ લાગશે, પરંતુ આવી વખતે આપણા મનમાં એક તલભાર પણ ભોગેષણા ન હોવી ઘટે કે ન રહેવી ઘટે. એટલી સાવચેતી આપણે જો રાખીને તેમ કરવાનો અભ્યાસ પાડ્યા કરીએ તો આપણને તેમાંથી બળ જ મળ્યાં કરવાનું છે, તે જાણશો.

આપણા જેવી...કંઈ સાધક નથી. તે તો સામાન્ય પત્ની છે અને જુવાનીના કાળમાં તેને તેવી ઊર્મિ પ્રગટે તે પણ

સ્વાભાવિક જ છે. તે પણ એક જાતની શરીરની ભૂખ છે. એ ભૂખમાં સ્વચ્છંદતા ના આણવા દઈએ એ જરૂરનું છે. એટલે તેની તેવી વૃત્તિને જો સંતોષ ના મળે તો તેવી વૃત્તિ તેના સ્વભાવમાં બીજા કરણ દ્વારા જરૂર વ્યક્ત થવાની. અત્યંત ચીઢિયાપણું, અકળામણ થવી, જરા જરામાં ઓછું આવી જવું તથા એવા બીજાં અનેક કારણો આ વૃત્તિનું બીજી રીતે જે વ્યક્ત થવાપણું થાય છે, તે તેને લીધે હોય છે. જેમ આપણા મનનો અણગમો કે ઉકળાટ કોઈ ને કોઈ રીતે વ્યક્ત થતો હોય છે તેવું આમાં પણ છે.

એલિસબ્રિજ કામ વિના લખવાનું રાખશો નહિ. ને મન ના થાય તો લખવાની જરૂરે નથી. **કોઈ પણ જાતની ઈચ્છા કરવી એ સઢમાં કાણું પાડવા જેવું છે.** એ વાત મને તો મારા જીવનમાં સ્પષ્ટ દીવા જેવી અનુભવાયેલી છે, તો જ સાધક ઈશ્વરાભિમુખી રહી શકે છે. બીજી બીજી ઈચ્છાઓ કરવામાં આપણા મનનું કેન્દ્રિતપણું કે વેગ કે જોશ કે બળ કે પ્રવૃત્તિ જરૂર ઓછાં થઈ જતાં હોય છે. એટલે ભગવાનને પામવા સિવાયની કોઈ પણ ઈચ્છામાં આપણી પ્રકૃતિ કે સ્વભાવ ના કરે અથવા તો પ્રકૃતિના તેવા કોઈ પણ કર્મમાં આપણાં મન, ચિત્ત, બુદ્ધિ અને પ્રાણ આપણને રસ લેવરાવવાનું ન બનાવ્યાં કરે એ બાબતમાં સાધકે ખૂબ ખૂબ જાગૃતિ કાળજીપૂર્વકની સમજણ, સાવચેતી, સાવધાની એ બધું રાખ્યાં જ કરવું પડશે, તે વિના ભગવાનના માર્ગમાં, એ સાધનામાં સંપૂર્ણપણે પ્રવેશાવાનું બની શકવું લગભગ અશક્ય વાત છે.

## સંતોનું હૃદય એ જ શાસ્ત્ર

વર્તમાનનો તમે જે અર્થ બતાવ્યો છે, તે ઘણો જ ઉત્તમ છે. તમે શાસ્ત્રો ભણેલા છો એટલે ધારો તો ઘણી મદદ કરી શકો. મારા જીવનની આ એક જ બાજુની હકીકત તમને બધાને દીવા જેવી સાબિતી આપવાને હું તો પૂરતી માનું છું. શાસ્ત્ર ન ભણેલો હોવા છતાં કે તેમાંનું કંઈ ન જાણતો હોવા છતાં માત્ર સાધનામાં જ જેનું મન પરોવાયેલું રહ્યાં કરેલું હતું ને તે જેમ જેમ પરિણામ પામતું ગયું તેમ અર્થ તો આપોઆપ અંતરમાંથી નીકળ્યાં જ કરવાના ને એટલા જ માટે ઠેકઠેકાણે કહેલું છે કે **સંતોનું હૃદય એ જ શાસ્ત્ર છે. એટલા માટે જીવતા શાસ્ત્રને પ્રમાણ માનવું એમ પણ શાસ્ત્રમાં લખેલું છે.** પરંતુ તેવું તો આપણાં મન, બુદ્ધિ, ચિત્ત ને પ્રાણ તથા હૃદય જેમ જેમ શરણાગતિની ભાવનાવાળાં કેળવાતાં જાય છે તેમ તેમ જ બન્યાં કરવાનું. જેમ જેમ તમારા બધાંની કક્ષા ઊંચે આવતી જાય તેમ તેમ મારાથી પણ ખીલવાનું બન્યાં કરશે જ અને અનેક ગૂઢ રહસ્યવાળું લખાયાં કરવાનું પણ બને ને એવા લખાણમાં અનેક ઠેકાણેથી સામ્ય પણ નીકળી આવવાનું.

• • •

## પહેલાં જપ પછી જ ધ્યાન

॥ હરિઃૐ ॥

પ્રિય ભાઈ, ત્રિચિ, તા. ૪-૧૧-૧૯૪૩

તા. ૨૯-૩૦ના પત્રો મળ્યા છે, જે કોઈને કશાના આધાર વિના ધ્યાન કરવું અશક્ય લાગે, તે જપનો આધાર ભલે લે,

પરંતુ જો આપણે અલિપ્તતા, તટસ્થતા, સાક્ષીભાવ, સમતા આદિ ગુણો કેળવવા હોય તો તેની કુંચી ધ્યાનના અનુભવમાંથી જ આપણને મળી રહેવાની છે. જેમ ધ્યાનમાં અનેક પ્રકારના વિચારો આવતા હોવા છતાં આપણે તેની સાથે આપણે પોતાની મેળે થઈને રસ ધરાવીને તે પ્રકારના વિચારની સાથે વિચારનો બીજો મણકો પરોવવાનું રાખતાં નથી. આ હકીકત જેટલી જ્ઞાનપૂર્વક અને હૃદયના ઊંડાણના ભાવથી થયાં કરશે તો તે જ કળા જીવનના બાકીના વ્યવહાર કર્મોમાં પણ આપણે પરિણમાવી શકીશું. પરંતુ ધ્યાનમાં બેસતાં પહેલાં શાંતિથી ભૂમિકા જમાવવા માટે થોડીવાર જાપ કરીએ તો તે સારું છે. વળી આપણે નિરાલંબ, નિરાકાર, અનિર્દેશ્ય એવા એવા ગુણોવાળાને જ્યાં પ્રત્યક્ષ કરવો છે, ત્યાં આપણે સાધન પણ એવું આધાર વિનાનું હોય તો તે વધારે યોગ્ય. વળી આપણી સાધનામાં કશું એકાંગીપણે નથી. જીવનના એકેએક ક્ષેત્રોમાં અને વ્યવહારમાં અને કર્મોમાં તે તે બધું શરણાગતિની ભાવનાથી ભગવાન પ્રીત્યર્થે તે કરવાનો અભ્યાસ પાડ્યા કરવાથી અને તે સમર્પણ કરવાનું બુદ્ધિ અને ભક્તિભાવપૂર્વક સતત સમજણપૂર્વકની ટેવ પાડ્યાં કરવાથી તથા પ્રત્યેક કર્મ તેના હેતુઓને જ્ઞાન તથા ભાવ સાથે કર્યા કરવાનો સતત જીવંત ખ્યાલ રાખીને જો આપણે ભગવાનને મેળવવાની તાલાવેલી રાખ્યાં કરીએ તો જરૂર આપણને કશીક સમજણ પડે ખરી. ૪ દિવસ ઉત્સાહથી કરીએ અને ૧૫ દિવસ પડી રહે, એમાં કશો ભલીવાર ના આવે. જે કંઈ કરવાનું રાખીએ, તે સમગ્રપણે અને સળંગપણે થયાં કરે તો આનંદ થાય.

# જપમાં સાતત્ય કેળવો

જપની વિધિ તમને બતાવી છે, તેના કરતાં તમને જેમ અનુકૂળ આવે તેમ કરવાનું રાખશો. પરંતુ દરેક ઠેકાણે સરખો નંબર રાખવો. ગમે તે કામ કરતાં જાપ જરૂર થઈ શકે. માત્ર આપણો જીવ રાખતા નથી. ને અભ્યાસ એવો પાડતા નથી. અહીંયાં એક ભાઈ છે, તે લખતાં લખતાં હરિઃૐનો જાપ રાખી શકે છે. તે ઉપરથી કામ કરતાં કરતાં પણ તે રહી શકે એની સંપૂર્ણ શક્યતા તો આપણે પોતે જ અનુભવથી જોઈ શકીશું ત્યારે જ આવશે. જ્યાં સુધી આપણા જીવનના ધ્યેયને કશી તમન્ના કે તરવરાટ આવતાં નથી, પુરુષાર્થમાં કદી પણ જોમ કે પ્રાણ પ્રગટી શકતાં નથી. ભગવાનની શક્તિ તો આપણી પાછળ છાયા રૂપે રહેલી હોય છે જ. તેનું કારણ કે કોઈ ને કોઈક ગૂઢ કારણે તેનું આપણી સાથે તેવું સંકળાવાનું બનેલું હોય છે. પરંતુ તે શક્તિને નકારી નકારીને આપણે દૂર હડસેલી મૂકીશું તેટલા પ્રમાણમાં તેનો આપણી સાથેનો જીવંત સંબંધ આપણે ટૂંકાવી દેવાના છીએ. એ વાત પણ નક્કી માનજો. ભગવાનની પરમ કરુણામય, કલ્યાણમય કૃપા આપણને અનેક રીતે સરળતા જીવનમાં કરી આપતી હોય છે. પરંતુ તે તેની કૃપાનો પ્રતાપ કે પ્રભાવ છે એવું અનુભવવાનું જ્ઞાન, આંતરદૃષ્ટિ કે જીવંત ખ્યાલ આપણને ઊગેલાં જ હોતાં નથી. આપણે તો જે તે બધું આપણી પોતાની હોશિયારીથી, આપણી પોતાની અક્કલ, બહાદુરીથી અને આપણા પોતાનાં કળા-કૌશલ્યથી જે તે બધું મેળવ્યાં કર્યું છે, એમ જ માન્યાં કરીએ છીએ. ને એમ કરીને આપણે આપણો ભાર વધારીએ છીએ. એટલે નામસ્મરણ

જ્ઞાનભક્તિની ભાવના સાથેનું કર્યાં કરવાનો અભ્યાસ પાડ્યાં રાખશો તો ઘણો આનંદ થશે.

## સંસારના પ્રત્યેક સંબંધમાં ભગવાનની ધારણા રાખો

**આ જીવનમાં જે જે સંબંધ લોહીના કે સગપણના થયેલા છે, તે કર્મપ્રારબ્ધના અંગે કરીને છે.** કેટલાક સંબંધો ગયા જન્મોની અસરને લીધે બહુ જ ઓછા પ્રમાણમાં મળતા હોય છે. પરંતુ આપણી વૃત્તિઓને લીધે પછીથી ઘણો વધારી મૂકીએ છીએ. એટલે જે સંબંધ નૈસર્ગિકપણે મળેલો હોય, તે સંબંધને આપણે જો નકારીએ કે તેના યોગ્યપણામાં ન વર્તીએ તો તે કર્મપ્રારબ્ધ કંઈ ફીટી શકવાનાં નથી. પણ તેમાં ઊલટું જોશ અથવા તો બીજી જાતની વિરુદ્ધની લાગણીઓ ઉમેરાઈને ચક્રવૃદ્ધિ વ્યાજ સાથે તે કર્મપ્રારબ્ધ એક યા બીજા રૂપે આપણા જીવનમાં ઊભું રહેવાનું જ છે, તે નક્કી જાણશો. અને આપણે એ સંબંધમાં એટલે કે પ્રત્યેક સંબંધમાં ભગવાનના ભાવની ધારણા રાખ્યાં કરીશું તો જીવનમાં જરૂર રસ પડશે જ. અને તેવી ધારણા રાખ્યાં કરવાથી તે તે સાથેનાં કર્તવ્યોમાં પણ તે તે વ્યક્તિ પરત્વેનો રાગદ્વેષ, મોહ, મમતા વગેરે જરૂર ઘટતાં જવાનાં, એટલે સૌ... બહેન સાથે તમે જે જીવનમેળાપ કરવાનું રાખો છો, તે વાંચીને હાલ તો આનંદ થાય છે.

## મોટાનું દૃષ્ટિબિંદુ : બહેનોના માસિક-ધર્મ અંગે

વળી...ભાઈને માસિક અટકાવ વિશે તમે જે કહ્યું તેમાં હું હોઉં તો શું કહું તે જણાવી દઉં.

‘‘હું એવા સ્પર્શાસ્પર્શમાં માનતો નથી. પરંતુ જ્યાં સુધી લોકવ્યવહારમાં રહેવું છે અને મારે તેવા તેવા લોકો સાથે

કામ છે તો મારા તેવા કોઈ કામથી એમની લાગણી દુભાય તે મને યોગ્ય લાગતું નથી. અને વળી મારી પત્નીને જેની તેની સાથે જે ઠેકાણે વ્યવહાર રાખવાનો છે, તે બધા લોકોથી તદ્દન ઊલટી જાતના વ્યવહારના વર્તનમાં તે પોતે એકલી અટુલી પોતાના આધાર પર ટકી શકે એવા આત્મવિશ્વાસની શક્તિવાળી નથી અને પોતાની માન્યતાને ખાતર જે ઝઘડો થાય, તે ઝઘડાને અંગે સહન કરવાની તૈયારી પૂરતી તેની નથી અને અત્યારે અમે જે બધાં આચરીએ છીએ, એમાં સ્વચ્છંદતા છે. એટલે વ્યવહારની દૃષ્ટિએ નહિ પણ અમે બીજાંની લાગણી દુભાય તેને જ વધુ મહત્ત્વ આપતા હોવાથી એવું પાળવાનું રાખ્યું છે.''

વળી સત્યનું આચરણ અતિ નમ્રમાં નમ્ર રહીને જ થઈ શકે. **હાલ આપણે જે જુવાનીઆઓ સમાજમાં સુધારો દાખલ કરીએ છીએ, તે એવી રીતે કરીએ છીએ કે જેથી અનેકનાં હૃદયો ઊલટાં તેની સામે વધારે અણગમાવાળાં કરી મૂકીએ છીએ. 'માસિક અટકાવની વખતે જ્યાં જ્યાં શક્યતા હોય ત્યાં ત્યાં બહેનોએ પૂરતો આરામ-સ્વસ્થતા, શાંતિ અને એકાંત રાખવું જોઈએ. એ શારીરિક દૃષ્ટિએ પણ ઘણું જરૂરનું છે. અને આપણે લોકો એમ ને એમ કશું માનીએ નહિ. એટલે એની પાછળ ધર્મનું તૂત વળગાડી દીધું હશે. વળી અનેક કામાતુર માણસોને તે રીતે અટકાવવાને માટે પણ તે એક ઉત્તમ સાધનરૂપ છે. આપણા સમાજમાં આ નિયમ જે દાખલ કર્યો હશે, તેની પાછળનાં અનેક ગૂઢ કારણો છે.'**

• • •

# એક યુવરાજને માર્ગદર્શન

॥ હરિઃૐ ॥

શ્રી ૧૦૮ યુવરાજશ્રી ત્રિચિ, તા. ૪-૧૧-૧૯૪૩

જત આપને જ્યારે...ભાઈને કાગળો લખું છું, ત્યારે યાદ કર્યા વિના રહેતો નથી. ને...ભાઈના સ્મરણ સાથે આપનું સ્મરણ પણ તાદશ્યપણે રહે છે જ.

જીવનમાં આપને મળીને મને એક સરળ રાજવીનું સહૃદયી જીવન જોવાની તક સાંપડી એ પણ એક અમૂલ્ય લાભ છે. આપના જીવનમાં ઘણી શક્યતાઓ રહેલી છે. એક સાધારણ માનવી જે ન કરી શકે તેના કરતાં અનેકજણનું-અનેકગણું ભલું કરવાની શક્યતાઓ ને સગવડો ભગવાને આપના હાથમાં મૂકેલી છે. **રાજવીનું—પ્રત્યેક રાજાનું જીવન—ચેતન—પ્રાણ એ તેની પ્રજાનું હૃદય છે.** જે રાજા પોતાની પ્રજાના જીવનકલ્યાણની પરવા ધરતો નથી, તે રાજા ભલે આ જીવનમાં સુખ-સાહેબી મળ્યાં કરે. પણ તેનું કર્મપ્રારબ્ધ ખલાસ થતાં તેના જીવનની અધોગતિ જ થવાની છે. ભગવાને જીવનને દિવ્યમય બનાવવાને માટે આપને જેટલી સરળતા અને સગવડો આપી છે, તેને આપ ધારો તો અનેક દુઃખી જીવનોમાં સુખની ઉષાનાં કિરણો પ્રગટાવી શકો. કંઈ નહિ તોય આપના મુખના બે સહાનુભૂતિનાં વચનો પણ લોકોના જીવનમાં આશ્વાસન જન્માવવાને પૂરતાં થઈ પડે છે. હજુ આ પુણ્યભૂમિમાંથી રાજાની ભાવના રૈયતના હૃદયમાંથી નાશ પામી નથી. પરંતુ હાલના રાજાઓ તેને એટલે કે પ્રજામાંના હૃદયના તે બીજને શેકી

નાખવાનું કામ કરી રહેલા છે. તેમાંથી આપ ભગવાનની પરમ કૃપાથી બચી જાઓ એવી મારા હૃદયની તો નમ્ર પ્રાર્થના છે.

આપને મારા જેવો ભિખારી માણસ શું બીજું આશ્વાસન આપી શકે ? પરંતુ...ભાઈના સ્મરણની સાથે આપનું પ્રિય સ્મરણ ભગવાન રખાવે છે, એ મારે મન આનંદની વાત છે. ગરીબ માણસને કે એક રખડતા ભિખારીને એક મોટા માણસના મહેલમાં પેસવાનું મળતાં જીવનમાં જે મીઠાશ અને લહાવો આપના સ્મરણથી મને પ્રાપ્ત થાઓ એવી હૃદયની અભિલાષા છે.

**જગતમાં ભલે પૈસાની કિંમત હોય. પરંતુ હૃદય હૃદયના મેળાપની—હૃદય હૃદયના સુમેળની ને હૃદય હૃદયની ભાવનાની કિંમત કોઈ આંકી શક્યું નથી.** એવા હૃદયના સુમેળ સાથે ભાઈ...નું જીવન આપની સાથે એક બન્યાં કરો એવી પરમ કૃપાળુ પ્રભુને પ્રાર્થના છે.

## મનની પ્રસન્નતા અને શાંતિની જરૂર

॥ હરિઃૐ ॥

પ્રિય બહેન, ખાર, તા. ૧૭-૧૧-૧૯૪૩

જત તારા શરીર માટે જે ઉપચારો ભાઈ...કરે છે તેમાં શ્રદ્ધા રાખીને, ખંત રાખીને બધું તેને કરવા દેજે. એમાં કશું ઊંધુચત્તું થવા ન દેતી.

ઉત્સાહથી તે બધું થવા દેજે ને કંટાળો આણીશ નહિ. સહુ કંઈ સારાં વાનાં થશે-ભગવાનનું સ્મરણ રાખીને...ને સર્વ રીતે આનંદ રાખ્યાં કરવાનું રાખજે. તારું શરીર તો જરૂર

ઠીક થશે પણ મનમાં પ્રસન્નચિત્તતા ને શાંતિ જો નહિ રાખ્યાં કરે તો ગમે તેવા ઉપાયો પણ ઠીક કરી શકવા સમર્થ નથી તે જાણજો.

• • •

## પતિની જીવંત મૂર્તિ એટલે ?

॥ હરિઃૐ ॥

પ્રિય બહેન..., હરિજન આશ્રમ સાબરમતી,

તા. ૩-૧૨-૧૯૪૩

કૃપા રાખી...ના જીવનમાં એક પ્રેમ રસભાવે ભળી જવા બધું મથી મરજે. જીવનમાં એક રાગ એક રસ પ્રગટ્યા વિના સાચો આનંદ જન્મતો નથી. એનામાં જ આપણા જીવનનું કલ્યાણ રહેલું છે. **પતિની જીવંત મૂર્તિ એટલે હૃદયની ભાવનાનો પ્રત્યક્ષપણે સાક્ષાત્કાર.** એ કંઈ સ્થૂળભાવ નથી પણ હૃદયનો નિર્મળ સૂક્ષ્મભાવ છે. એ ભાવની ઝાંખી તું ઉમળકે કરતી રહે. ને એનામાં હૃદયથી સર્વ પ્રેમભાવે ન્યોછાવર થતી રહે એટલી તને પ્રાર્થના છે.

• • •

## પ્રકૃતિની પકડમાંથી મુક્તિની રીત

॥ હરિઃૐ ॥

પ્રિય ભાઈ, કરાચી, રાત્રે તા. ૩-૧-૧૯૪૪

તમારા તા. ૨૭, ૨૮, ૨૯, ૩૧-૧૨ના કાગળો મળ્યા છે. શરીર સાહેબી અત્યારે તો માગે છે, પડી રહ્યા વિના

એનો આરો નથી. ઝાઝું બેસવા જતાં ઠીક નથી રહેતું. શરીર પાસેથી વૈતરું ઘણું કરાવ્યું છે, એને પૂરતો આરામ નથી આપ્યો. હવે એ વેર વાળે છે.

કોઈને હરાવવું હોય તો એનાથી આપણે વધારે શક્તિ દાખવવી પડે છે. તેમ સાધકે મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ ને અહંકાર એ બધાંને હરાવવાનાં છે. મનનો સ્વભાવ વિચાર કરવાનો છે, એને આપણે વિચાર નહિ કર્યા કરવાનું કરીને હરાવી શકવાના છીએ. બુદ્ધિનો સ્વભાવ પડી ગયેલા અભ્યાસ ટેવ, સમજણ, કલ્પના, માન્યતા, રીતરિવાજ, માપવાનું જે તે બધું-પ્રમાણે વિચારોને ગોઠવવાનું સૂઝાડવાપણું છે. એનો એ રીતે ઉપયોગ કરતાં અટકી જવાનું છે. ચિત્તનો સ્વભાવ જે જે બધું થયાં કરે છે, એનાં સંસ્મરણો ગ્રહણ કરી લઈને એને પાછું યોગ્ય કાળે તેને ફેંકવાનો છે. તો જેટલું થાય તે તે બધું અનાસક્તિપૂર્વક પરિણામના ખ્યાલ થયા વિના થયાં કરે ને પ્રભુપ્રીત્યર્થે થયાં કરે. પ્રાણનો સ્વભાવ કામના છે, તો આપણે કોઈ પણ કામનાને જરાકે સાથ ના આપીએ, અનુમતિ ન દઈએ, ને અહંકારને નમ્રમાં નમ્ર રહીને થયાં કરીને એનો સમૂળો નાશ કરીએ. ને આપણી ચેતનાશક્તિનો આ બીજી દશામાં જ સતત ઉપયોગ કર્યા કરીએ. એ બાબતમાં સતત કાળજી, જાગૃતિ રાખ્યાં કરીએ.

નામસ્મરણ જેટલું સતત સમજણપૂર્વક કર્યા કરીશું, તેટલું આપણે ફાવી શકવાના છીએ તે જાણશો ને **ત્રાટક વગેરે સાધના આપણા બહિર્મુખપણાને કેન્દ્રિતપણે સંકેલવાને માટે શક્તિ મેળવવા માટે છે. એમને સંકેલી લેવાની કળા કંઈ**

**બુદ્ધિથી કે વિચારથી આવી શકવાની નથી. તેમજ શાસ્ત્રોના અભ્યાસથી પણ આવી જવાની નથી. એ શક્તિ તો એકના એક સતત અભ્યાસના પરિશીલનથી જ આવ્યાં કરવાની છે. તે વિના શક્ય નથી. તમારે તો હજી ઘણું કરવાનું છે.**

**નામસ્મરણ એ આપણી સાધનાના મહેલનું આખું યે ચણતર ને પાયો છે તે જાણશો.**

• • •

## ભગવાન નામ-ગુણથી મુક્ત છે

॥ હરિઃૐ ॥

કરાચી, સાંજે છ વાગે, તા. ૨૦-૨-૧૯૪૪

પ્રિય ભાઈ તથા સૌ. બહેન

તમારો તા. ૧૭-૨-'૪૪નો P.C. મળ્યો છે. ભગવાનની કૃપા છે જ. સર્વ પ્રસંગમાં તે સદાયે પાછળ ઊભો જ છે, એની ખાતરી ગળા સુધીની રાખશો. જે કોઈ એની પાસે જવાને હૃદયથી મથી મરે છે, એને માટે સર્વભાવે ન્યોછાવર થવાને ભાવનાવાળો, ઉત્સાહ, પ્રાણ, ચેતનાવાળો રહ્યાં કરે છે. એવાને પ્રભુ સદાય સ્હાય આપે છે, તેથી તો એને કૃપાળુ કહ્યો છે. જે જે સંતભક્તોએ જીવનમાં એનાં અનેક ગુણોના પાસાં અનુભવ્યાં છે, તેથી તો એનાં તેવાં તેવાં નામ તથા ગુણો માનવીના જીવનવિકાસના ઈતિહાસમાં પેઢી દર પેઢી ઊતરી આવેલાં છે. બાકી એ તો નામવાળો પણ નથી ને ગુણવાળો પણ નથી. પણ ભક્ત, જ્ઞાની, યોગીના અનુભવની દૃષ્ટિએ તેવો તેવો છતો થતો હોય છે, એટલે તેવી સ્થિતિમાં

તે જે ભાવમાં તાટસ્થ્ય રાખીને તેમજ કોઈ પણ અનુભવની દશામાં તે પૂર્ણ અનુભવ નથી એમ જ માન્યાં કરવાનું છે.

## પ્રભુકૃપા પ્રાપ્તિ માટે દરેક કર્મ પ્રભુ-પ્રીત્યર્થે કરો

ભગવાનની કૃપા જીવતીજાગતી છે, એવો અનુભવ તેને પોતાના જીવનમાં પ્રત્યક્ષપણે થતો રહે છે. એવાનાં જ આત્મ-શ્રદ્ધા ને વિશ્વાસ જીવંત બનતાં જાય છે. એટલે આપણા જીવનના પ્રસંગોમાં એના કૃપાળુ હાથનો અનુભવ નિહાળવાનો જ્ઞાનપૂર્વકનો આપણો અભ્યાસ કેળવાયેલ હોય તો તેનાં દર્શન જરૂર મળી શકે છે. તે ક્યારે બને કે કર્મમાંથી अहं નીકળી જતું હોય. પ્રત્યેક કર્મનો હેતુ અંતરમાં અંતરથી સમજાતો હોય ને તે પ્રમાણે તે તે કર્મના અંતરમાં તેવી ભાવના પ્રત્યક્ષપણે જ્ઞાનપૂર્વક રખાતી જતી હોય તો એની કૃપા સાક્ષાત્‌પણે પ્રત્યક્ષ તેવું જણાયા વિના આપણને રહેતું નથી. પ્રત્યેક કર્મ આમ તો ગુણોના પ્રભાવથી જ થતું હોય છે, પણ ત્યારે જો સાધક જાગૃતિ રાખીને પ્રયત્નવાન રહે ને ભગવાનની કૃપામદદ માગ્યાં કરીને તે તે ગુણના પ્રભાવમાં અંજાઈ ન જવાનું કરે તો ભગવાન એને જરૂર જરૂર બચાવી લે છે. ને એમ જેને જીવનમાં લાગ્યાં કરે છે, એવો સદાય ઓથવાળો છે. એવો પછી સર્વ વાતે નિર્ભય, નિશ્ચિંત બની જાય છે. એવાની નિષ્ઠામાંથી પછી કોઈ ડગાવી શકતું નથી. માત્ર એક જ પ્રાર્થના આપણા બધાંને કરું કે જાગતાં રહેજો. મનના મેલ તટસ્થ રહીને બરાબર જ્ઞાનપૂર્વક તપાસતા રહીને એના વમળમાં... તે પ્રકારનો હોય એમાં તણાવાઈ જતાં ખડકની જેમ નિડર, નિશ્ચયી, અડગ ઊભા રહેવાનો સતત પ્રયત્ન કર્યા કરજે.

એમાં ભલે કદાચ હાર મળે પણ એવી હાર મળવાથી જ વિજયની માળા ગૂંથાતી હોય છે. સૂક્ષ્મપણે ને એમાંથી સાધકને અંતરના બળની પિછાણ થતી જાય છે. સાધકના જીવનમાં નિરાશા છે જ નહિ. એના જીવતા પ્રયત્નથી મળતી હારમાંથી પણ એને ઘણું શીખવાનું મળતું હોય છે. એવાના જીવનમાં કશુંયે અમસ્તું હોતું નથી. Everything has its own meaning and significance if he has the trained heart behind his all such actions. ભગવાનની કૃપા ઉપર નિર્ભર રહીને જે સતત હૃદયથી મથ્યાં કરે છે ને પ્રત્યેક કર્મમાંથી એની ભાવનાને વધારે પ્રદીપ્ત કરવાની તમન્ના રાખ્યાં કરે છે, એવાને કર્મ કદી બંધનરૂપ થતાં જ નથી. એવાને કર્મ એ તો પર્વતરૂપી એના ભાવની એક પછી એક ઉત્તરોત્તરની શિખરમાળાઓ છે.

## સાધકના જીવનમાં ઝનૂન વિના પ્રગતિ નથી

સાધકના જીવનમાં વાસના પણ નકામી નથી. એ ધારે તો એનાથી પણ પોતાના જીવનપલટાને નવા પ્રાણ ને ચેતના પ્રેરાવી શકે છે. ઝનૂને ચઢેલો માણસ ગમે તેવા હથિયારથી લડે છે. એ મરી જશે એવો ડર ત્યારે એને હોતો નથી. હથિયાર કે સાધન કેવા પ્રકારનું છે એનું પણ એને ભાન નથી. એ તો એના અંતરના પ્રદીપ્ત થયેલા જુસ્સાનો આવિર્ભાવ એકમાત્ર સાધન ત્યારે બની જાય છે. તે સાધન ગમે તેવું લૂલું, પાંગળું હોય તોય એવા સાધનથી તે ઝઝૂમી શકે છે, તેવું આપણામાંનું પણ સમજવું. માત્ર આપણામાં એવું હૃદયનું લાવારસ જેવું ઝનૂન પ્રકટ્યું કે પછી થયું. સહુ કંઈ પતવા

લાગશે ને એવું ઝનૂન ચઢાવવા માટેના તો આ બધાં સાધનોનો ઉપયોગ જ્ઞાનપૂર્વક આપણે કરતાં રહેવાનો છે તે જાણશો.

ભગવાનને ભૂલશો નહિ. એની ભાવનાની જ્યોતને બુઝાઈ જવા ના દેશો, એને કોઈ ને કોઈ રીતે બળતી રાખ્યાં કરશો, પછી બીજું બધું ભગવાન સંભાળતો રહેશે જ. ઉપર આકાશમાંથી કે નીચે પાતાળમાંથી એ ગમે તેવાં સાધનો આપણને ચેતાવવા જરૂર મોકલ્યાં કરવાનો છે. એવી તમન્નાવાળાને કેટલીકવાર જે ઘણાંને મન તદ્દન મામુલી પ્રસંગ હોય તેવા પ્રસંગમાંથી એકદમ કંઈક lightning flash જેવો ચમકારો કે નવી સમજણ કે નવી પ્રેરણા મળી જતી હોય છે. મનમાં મંથનો થવા દેજો. જાગવા દેજો. ક્યાંયે પડી રહેવાનું નથી. પડી રહેવાયું તો જાણજે કે જીવનનો ઉદય થતો બંધ થયો.

• • •

## જે તે કાંઈ સભાનતાપૂર્વક કરો

॥ હરિઃૐ ॥

New E/7, H. U. Benars, તા. ૧૨-૩-૧૯૪૪

પ્રિય ભાઈ...

તમે જાતે એટલી બધી મહેનત કરો ને શરીરને હેરાન-ગતિ પ્રમાણે તે ગમતું નથી. શરીર મંદિર છે. નકામું નથી. મિથ્યા પણ નથી. એને લડાવવાનું પણ નથી તેમ તુચ્છકારવાનું પણ નથી, એની યથાર્થતા જો ખ્યાલમાં ના રહે તો જીવનમાં મળતાં કર્મોમાં તેવી સમજણ ક્યાંથી રહેવાની છે ? કંઈ પણ કરવામાં નાનમ ન લાગવી જોઈએ તે ખરું છે. પણ તે સાથે

શરીરને જે કામમાં લઈએ, તે કામમાંથી જીવન ન મળ્યાં કરતું હોય ને તે તે માત્ર ગદ્ધાવૈતરું જ હોય તો શરીર, જીવનવ્યવહાર એ બધું કશા ઉપયોગનું નથી પણ માત્ર આપણા નિરુપયોગીપણામાં ઉમેરો કરનારાં નીવડે છે. જે કંઈ કરીએ એની પાછળ સભાનતાપૂર્વકની સમજણ જગાડવાનું પ્રેરણાત્મક ચેતનાબળ ન રાખ્યાં કરીએ તો જીવન કેવી રીતે સાંપડવાનું છે, એની મને સમજણ પડતી નથી, તે જાણશો.

તમારી પાસે પૈસા ન હોય તો મને લખવા વિનંતી છે. મારી પાસે નહિ હોય તો મને ભીખ માગતાં સંકોચ થવાનો નથી, પણ શરીરને એવી રીતે કચડી નાંખવાનું નથી. એવું કચડી નાખવામાં પણ જો જ્ઞાનપૂર્વકની જીવનની સમજણ પ્રકટ કરવાની તમન્ના દિલમાં પ્રકટ્યાં કરેલી હોય તો તેમાં કચડવાપણું નથી પણ તે જીવનનો યજ્ઞ છે પણ જેમાં નથી સાચી સમજણ કે નથી કંઈ કશી મહત્ત્વાકાંક્ષા કે નથી કોઈ ઉચ્ચ આશય—આદર્શનું જીવતુંજાગતું સ્મરણ તેવા જીવનમાં મને તો રસ નથી પડતો. માનવીને ત્યાં ઢસરડો તાણવો કેમ ગમતો હશે ? એને કંટાળો જો સાચો આવતો હોય તો એમાંથી ઉગરવાનું કેમ નહિ સૂઝતું હોય ? કે પછી એવા ઢસડાતા જતા જીવનના વ્હેણમાં આંખો મીંચીને તણાયાં કરવામાં ઈતિ કર્તવ્યતા હશે ? કે ઢસડાઈ જઈએ છીએ એનુંયે સભાન હશે કે કેમ ? ક્યાંયે કશાનુંયે ભાન જાગતું હોય તો સારું.

## માનવીની વિશિષ્ટ શક્તિ—કર્મની ઉપરવટ વર્તી શકે છે

**જીવનના વ્હેણના ચીલા ભલે કર્મ સંસ્કારથી પડ્યા હોય પણ માનવીનું જીવન એ કંઈ માત્ર કર્મનાં શુષ્ક યાંત્રિક નિયમોનું પોટલું નથી. માનવી-જીવનમાં ફૂટતાં કે વહેતાં વલણો ભલે કર્મ**

**સંસ્કારના પરિણામે હોય પણ એને રચનાત્મક વળાંક આપવાને એનામાં માનવીનામાં કોઈ અનિર્દેશ્ય-અનિર્વાચ્ય શક્તિ રહેલી જ છે. જેનો આધાર તે પ્રકટપણે લઈ શકવાનું ધારે તો તે કર્મના પરિણામને—જીવનના વ્હેણને ઊંધી રીતે વ્હેતું જતું અટકાવવાને જરૂર સામર્થ્યવાન થઈ શકે છે. કર્મનો નિયમ ભલે અટલ હોય પણ તે કરતાં માનવીજીવનની શક્યતાની અટલતા અનેકગણી ચઢિયાતી છે, તે ખ્યાલમાં રાખજે.**

• • •

## જાગૃતિપૂર્વક ભાવનામાં જીવો

॥ હરિઃૐ ॥

Dt. 11-6-44, **Nandlal Shah**

Crawford Colony, Trichinapally,

પ્રિય ભાઈ,

તા.૫-૬-૪૪ તથા ૬-૬-૪૪નો પત્ર તમારો મળ્યો છે.

મારા શરીર માટે તમો ચિંતા કરો એ જોતાં એક રીતે મને આનંદ થાય છે. **પરંતુ જાગૃતિપૂર્વક જેટલું ભગવાનની ભાવનામાં જીવી શકાય એ જ જીવન આપણને ખપનું છે.** એટલે કૃપા કરીને તે બાબતમાં વધુ ને વધુ લક્ષ આપ્યાં કરશો. ત્રણ કે ચાર મહિના પછી આપણે મળવાનું થાય તેની ભૂમિકા તો અત્યારથી જ રચવા માંડશો કે જેથી તે વખતની ક્રિયાનો ઉઠાવ સુંદર આવી શકે. અહીં આવ્યા પછી કમળો, ખૂજલી વિ. ઘણું ઓછું છે. ઘરનો હિસાબ-કિતાબ બરાબર પાકો રાખજો. કેરોસીનની વ્યવસ્થા થઈ છે, એટલે દરરોજ પ્રેમભાવે

શેક કરવાનું રાખશો. **ભગવાન આપણી કેટલી બધી સંભાળ રાખે છે પણ આપણે તેની રાખતા નથી. એ જ મોટી ખાટલે ખોડ છે.**

## દુઃખમાં તો પ્રભુને યાદ કરો !

પ્રિય બહેન...

*'સુખે સાંભરે સોની ને દુઃખે સાંભરે રામ'* એમ આપણામાં એક કહેવત છે. ભગવાને તને દુઃખ આપ્યું છે. તો યે તું એને સંભારતી નથી. તો તું એને ક્યારે યાદ કરવાની ? બને તેટલું ભગવાનનું નામ લીધાં કરજે. અને આખો દિવસ ઉમંગથી જે તે કર્યાં કરવાનું રાખવું. તારા સાસુ સસરા આવ્યે તેમની હૃદયથી નમ્ર ભાવે અને પ્રેમભાવથી ખૂબ સેવા કરજે. ગમે તેમ કહે તો તે સાંભળી લેવું. મનમાં ઓછું આણવા દેવું નહિ. આપણી પ્રસન્નતાની માત્રા જરાકે ઓછી થવા ના દેવી. એમનો પ્રેમ ને આશીર્વાદ જો તું સંપાદન કરી શકીશ તો મને ઘણો આનંદ થશે.

**શરીરના ઉપાય કરવા ખરા પણ શરીરની ચિંતા ન કરવી...** ઉપર બને તેટલો ભક્તિભાવ રાખજે. એ તારી સેવા કરે કે ન કરે તેની કશી અસર મન પર ન થવા દેવી. આપણે આપણો ધર્મ બજાવવો. જે **પોતાનો ધર્મ આચરવામાં પોતાના મનને કેન્દ્રિત રાખે છે, તે બીજાને આપોઆપ પોતાનો ધર્મ સૂઝાડ્યા વિના રહી શકતો નથી.** કોઈ જાતનો આગ્રહ આપણે એના પર કરવો નહિ. ભગવાનનું નામ ખૂબ લેતી રહેજે.

• • •

# પ્રભુનાં ચરણમાં જ આનંદ

॥ હરિઃૐ ॥

C/0. શ્રી હરખચંદ મોતીચંદ

પ્રિય ભાઈ, ચોરવાડ, તા. ૨૪-૫-૧૯૪૪

તમારો હરિજન આશ્રમ સાબરમતીથી રી-ડાયરેક્ટ થયેલો કાગળ અહીં મળ્યો.

ખરું જીવન નહિ જીવી જાણનાર મુડદા જેવો છે એમ તમે લખો છો તો પોતાનાથી બને તેટલું બધું ભગવાન પર ભરોંસો રાખીને કરી છૂટવાની હિંમત આપણે દાખવવી જ પડશે. આનંદ તો મનગમતી વસ્તુઓની પ્રાપ્તિ થવાથી અથવા મનગમતું મળવાથી મનને મળે છે. પરંતુ તે આનંદની પાછળ દુઃખ જ રહેલું છે. નિષ્પ્રેમીને આનંદ ક્યાંથી હોય ? આવા વેવલાવેડા આપણે મૂકી દેવા ઘટે. પ્રભુનાં ચરણમાં માથું મૂકીને પ્રેમ કરવા માંડીશું તો પછી આનંદ ને આનંદ જ છે. 'જીવન નીરસ છે' એનો અર્થ તો આપણી પામરતા ને અજ્ઞાનતા સિવાય બીજું કશું સૂચવતું નથી. જો કે ઘણીવાર તમે છેક એવા બધા હોતા નથી. તેમ છતાં તેવું લખો છો.

તમારે ત્યાં રહેવું છે તો ખરું પણ ભગવાન શરીરની અનુકૂળતા નહિ કરી આપે તો તમે ધાર્યું છે, તે કામ ન થઈ શકે. કારણ કે તેમાં શરીરથી પણ સતત જાગૃતિ રાખવી પડે છે. હાલ તેવી સ્થિતિમાં શરીર નથી. તેમ છતાં તમારી સાથે રહેવું તો છે જ.

ગઈ કાલે તમારો પત્ર મળ્યો, ત્યારે મનમાં થયું કે સ્વજન વ્હાલું કે શરીર વ્હાલું ! અને ઉત્તર મળ્યો કે 'સ્વજન'. એટલે અહીં રહેવાની લાંબી મુદત નહિ થાય એમ લાગે છે, પરંતુ તમારે ત્યાં બધી સાનુકૂળતા કેવી છે, તે જણાવશો.

• • •

## ભગવાન અશક્યનું શક્ય કરે છે :

॥ હરિઃૐ ॥

પ્રિય ભાઈ, ત્રિચિ, તા. ૭-૭-૧૯૪૪

તમારો તા. ૧-૭-'૪૪નો કાગળ મળ્યો છે. એને મહિના રહ્યા છે એમ ડૉક્ટરોનો મત છે. મારા કહેવાથી શું વળવાનું છે ? ને એકવાર તો લખ્યું છે. હશે, જે થવાનું હોય તે થયા કરે. એમાં પછીથી ચિંતા કરવાની જરૂર ના હોય. એ અનુભવ પણ કોકની આંખ ઉઘાડનારો તો બનવાનો જ. જ્યાં સુધી ગર્ભ છે એમ જાણ હોય તો શેક ના થાય.

પણ જો ગર્ભ હોય તો એને દુઃખાવો કેમ થાય ? ને દુઃખાવો ખૂબ થાય છે એવું એણે ડૉક્ટરોને જણાવેલું કે કેમ તે પૂછી જોશો. વળી એને ગર્ભ રહ્યા પછી બે વાર તો દૂર બેસવા જેવું બનેલું એમ ખબર પડી હતી. ગમે તે હો આપણે હવે કશા વિચારના વમળમાં ના પડવું. મારી પાસેથી એવી જાણવાની ઇંતેજારી રાખવી નહિ. વાજતું ગાજતું સહુ માંડવે આવશે. ત્યારે જણાવાનું જ છે. જે કંઈ બને તે કંઈ અમસ્તું તો બને જ ના. મારે મન તો એમાં પણ હેતુ જ હશે. એટલે બસ ભગવાનની ધારણામાં જીવતા રહી શકાય એવું જીવવાનું કરજો.

સૌ... બહેનની બાબતમાં તમારે હવે તો કશું વિચારવાનું ના હોય પણ એ જેટલું ભગવાનનું નામ લેશે જો ને હશે તો એ રીતે પણ લાભ છે.

મને પણ શંકાવાળું તો લાગે છે પણ ડૉક્ટરો કહે એટલે આપણું કશું જ કહેલું ખોટું જ જાણવું. એ પર આધાર રાખવો બધો વ્યર્થ. **એને બિચારીને બૈરીમાંથી બાતલ ગણી કાઢેલી એટલે આ રીતે આપણને ભગવાને સાબિત કરી આપ્યું, તે પણ ઠીક થયું કે નકામી રીતે એક જીવાત્માના જીવનને તદ્દન બેપરવા રીતે આપણે ફગાવી દેવા તૈયાર બનેલાં** ને આપણી માન્યતા કેટલી અજ્ઞાન ને મૂર્ખતા ભરેલી હતી ને કઈ ભૂમિકા પર રચાયેલી હશે તે તો પ્રભુ જાણે.

## કોઈનું પણ દેવું ન કરો

હવે તમને રૂ. સીત્તેર મળવા માંડ્યા છે તો રકમ બચાવવાનું જરૂર કરશોજી. અડીઓપટી વખતે કંઈ રકમ પાસે ના હોય તો તે શરમ ભરેલું ગણાય. **કોઈનું પણ દેવું કરવું એ મને તો માથાવાઢ જેવું લાગે છે. દેવાથી હું તો સદા ભડકતો રહેતો આવ્યો છું. દેવાદાર માનવી નફકરો કેમ રહી શકતો હશે એની મને તો સમજણ નથી પડતી.** તેથી કોઈનુંયે કશું લેવા વારો ન આવે તેટલા માટે હવે તો ઠીક રીતે બચાવતા રહેશો. મારી તો તમને પહેલેથી તે શિખામણ છે. માનશો તો ઐહિક રીતે પણ ઠીક પડશે. નહિ માનો તો ખત્તા ખાશો.

માનવીનું જીવન અનેક મહત્તાથી ભર્યું છે. પણ એનું ભાન આપણને નથી. આપણે મન જીવન એ જીવન નથી

પણ જાણે રમત પણ નથી. જાણે કંઈ ફેંકી દેવા જેવી કાંઈ ચીજ ના હોય તેમ એને ફેંકી દીધા કરીએ છીએ. તેમાં પણ કશો નથી રસ કે નથી ઉત્સાહ કે નથી ચડસ કે નથી કશી જાતનો આવેગ કે નથી કોઈ પ્રકારનો તનમનાટ. આને વૈરાગ્ય કહેવાતો હોય તો વૈરાગ્યનાં પણ લક્ષણો, માપ, ગણતરી કે સમજણ હોય છે. પણ જે કંઈ કરીએ તેમાં હવે તો ભાવના રસ-ભક્તિ પ્રેમભાવ પ્રકટાવવાનું રાખીશું તે પ્રભુકૃપાથી ફળવાનું છે. બાકી તો રામ તારી માયા. તમારા તરફથી કશો જીવતો પ્રયત્ન આ બાબતમાં નહિ બને તો મારી ગમે તેટલી ઈચ્છા હોવા છતાં પ્રભુ મને કોઈ રીતે ફાવવા દેવાનો નથી. તે પણ નક્કી માનશો.

આ વખતે રહેવું તો હતું જ. નક્કી જ કરેલું. પણ રહેવું જ એણે અશક્ય કરી મૂક્યું. સૌ....થી બિચારીથી આ શરીરની શી સારવાર થઈ શકત ? ને તમારાથી કેમ કરીને બની શકવાનું હતું ? માટે પ્રભુ ફરીથી મેળાપ કરાવે ત્યાં સુધીમાં ભૂમિકા રચવાનું કરી મૂકો તો તમારો મોટો આભાર.

કેટલીકવાર તેવી ગાંઠ હોય તોપણ તે નીકળતી નથી એવું કેટલાંકને મેં જોયું છે. ફરીથી ગર્ભ રહેવાવાને માટે તે નાલાયક બની જાય છે, પણ કોણ જાણે શું યે હોય ! પણ એ બાબતમાં આપણે હવે પ્રભુના હાથમાં સોંપીને એને જ ભજવાનું રાખ્યાં કરીએ એટલે બધું જ સારું થવાનું હશે તે થશે.

• • •

# આર્થિક મુશ્કેલીનો ઉકેલ

॥ હરિઃૐ ॥

પ્રિય ભાઈ, તા. ૮-૭-૧૯૪૪

તમારો કાગળ તા. ૨૭-૬-'૪૪નો મળ્યો હતો. તમે જે ખુલ્લા દિલે કાગળ લખ્યો છે, તે વાંચીને કોને આનંદ ના થાય? આર્થિક મુશ્કેલી તમને નડ્યાં કરે છે ને એથી મન ચિંતાતુર રહ્યાં કરે છે, તે સમજી શકાય તેવું છે પણ એના મૂળમાં ઊતર્યા વિના એનો ઉકેલ કદી પણ થઈ શકવાનો નથી. **આપણી હાજતો જેમ બને તેમ ઓછી ને બને તેટલું કરકસરથી ચલાવવાનું જ્યાં સુધી મન નક્કી નહીં કરી શકે ત્યાં સુધી એવી જાતનું દુઃખ ઊભું રહેવાનું જ.**

## હાલનું શહેરી જીવન પ્રભુભક્તિ માટે અયોગ્ય છે

શહેરનાં જીવન એ તો ફટકીયાં કાચ જેવાં છે. જીવનને ઉધમાતિયાપણું, ખાલી ઠઠેરો, ખાલી ડંફાસ, ખાલી હુંપદ વગેરેનું અનુકરણ કરવાનું એવા જીવનમાંથી જ મળ્યાં કરે છે. આજકાલના શહેરોનું જીવન આપણા આર્ય સંસ્કારોથી તદ્દન નિરાળું ને અધર્મ્ય છે એવું મને તો લાગે છે. એમાંથી પણ જીવનને ખીલવી કે કેળવી ન જ શકાય એવું કહેવાનો મારો ઉદ્દેશ નથી, પણ જ્યાં વાતાવરણમાંથી જીવનને પ્રેરણા ન મળે, જ્યાં જીવનને યોગ્ય સંસ્કાર નથી, જ્યાં જીવનને ઊલટું ગુંગળામણ જેવી સ્થિતિ પ્રાપ્ત કરવી પડે છે, ત્યાંથી જીવન મેળવવાની ઈચ્છા એ તો આકાશકુસુમવત્ છે.

જીવનનું જે ધ્યેય હોય તે ધ્યેયને અનુકૂળ વાતાવરણ

એને ફળવાને માટે જરૂરનું હોય છે. જે ધ્યેય પ્રમાણે જીવનને ગાળવા ઈચ્છો છો એને તથા પૈસાને મેળ કેટલો હશે તે તો તમે જાણો પણ પૈસાના જ વલોપાતમાં ત્યાંનું જીવન તો જીવાયાં જવાનું છે એમ લાગે છે. ને એવા વલોપાતમાંથી કંટાળો-નિરાશા વિના બીજું શું સંભવી પણ શકે ? શું ત્યારે બીજા જે કમાઈ શકતા હશે, એમના જીવનમાં સુખ નહિ હોય ? હોઈ શકે પણ એવાને મન જીવનનો પ્રશ્ન જ નથી. જીવનનું સુખ તેઓ સમજતા નથી. તેઓ તો ઢસરડો ગણવામાં જ બસ મશગુલ છે. એવાને મન જીવનની કિંમત નથી. તમને જો જીવનની જ કિંમત મહત્ત્વની હોય તો જીવન સરળતા ને સાદાઈથી ચાલી નભી શકે એવું સ્થળ શોધવું રહ્યું. પૈસાનો મોહ છોડવો રહ્યો. **ભગવાનને જ વરવાનું ચહીશું-એને જ સર્વ મહત્ત્વ જીવનમાં આપવાનું દિલથી ઉમળકાથી રાખીશું તો એ જીવનને કસોટીમાં, આકરામાં આકરી કસોટીમાં મૂકી તો દેશે પણ એવા કાળમાં જો શ્રદ્ધા-વિશ્વાસથી જીવી ટકી શક્યા તો પછી જીવનનો સર્વ ભાર પ્રભુ આપણો ઉપાડી લેવાનો છે.** એ વિશે તો મારા મનમાં શંકા નથી.

**જીવનમાં લક્ષ્મી ને લક્ષ્મીનારાયણ બેને ભજી નહિ શકાય. જે તે એકને આપણે વરવાનું નક્કી કરવું જ પડશે.** ને તે નક્કી કર્યા પછી એને અનુકૂળ વાતાવરણ મળતાં સુધી જ્યાં હોઈએ ત્યાં એ માટેનો સતત જીવતોજાગતો પ્રયત્ન—સાધન કરવાં જ રહ્યાં. જે બાજુ તે બાજુ જવું છે જવું છે એમ માત્ર ખાલી પોકારવાથી એક ઈંચમાત્ર પણ આપણે આગળ જઈ શકવાના નથી. જીવનમાં સાહસ કર્યે જ છૂટકો છે.

અંધારામાં આમેયે આપણે અથડાઈએ તો છીએ, તો આ જાણીને તેમાં ભૂસકો મારવાનો છે. ગમે તે આવો કે થાઓ તેમાં પ્રભુકૃપા માની મનને પ્રસન્નચિત્ત રાખવાનો જો અભ્યાસ કેળવ્યાં કરીશું તો કોઈ પણ પરિસ્થિતિ આપણને દાબી દઈ શકશે નહિ, આપણે આખરે તો માનવી છીએ. એટલે આપણામાં રહેલો આત્મા સર્વ કંઈથી પર છે, પણ એવો એનો અનુભવ થવા સારું એને યોગ્ય મન, ચિત્ત, બુદ્ધિ, પ્રાણ ને અહંને કેળવવાં જ પડવાનાં. તે વિના જેમ ખારી જમીનમાં અનાજ ઊગી શકતું નથી તેમ તેવો અનુભવ આપણને થતો નથી ને પછી આપણને તેવા જીવનની ખૂબી, રહસ્ય, તારતમ્ય ન જણાતાં એને ન સમજી શકીએ તો તેમાં કશી નવાઈ નથી. એક વસ્તુ ખ્યાલમાં આમ તો એને ખોળી કાઢવા એનું તત્ત્વ સમજવા-પ્રાશ્ચાત્મિક વૈજ્ઞાનિકો કેટકેટલું મરી મથે છે, કેવા એની પાછળ લગાતાર એકધારું મંડ્યા રહે છે, ત્યારે તે એનું સત્ત્વ પામી શકે છે. એવું કરવાની આપણી હિંમત જ્યાં સુધી કામે વળગે નહિ, એવી દાનત જાગે નહિ, ત્યાં લગી જીવન જીવનની બૂમો મારવી એ વ્યર્થ છે. ડૂબતો માણસ બચવાનાં તરફડિયાં મારવાનો જ. એટલું પણ આપણે કરી શકતાં નથી, એ આપણું દુર્ભાગ્ય છે. એ આપણા જીવનની માત્ર કાયરતા જ સૂચવે છે. જીવનની આપણે પડી જ નથી. એમ કહું તો મને માફ કરશોજી.

## સમાજના પતનનું કારણ સ્ત્રી—માતા પ્રત્યેની હલકટ નજર

તમારી પત્ની સાથેનો તમારો કલહ તમારું પોતાનું માનસ સૂચવે છે. **હિંદુ સમાજનો પતિ-પોતાની પત્ની માત્ર એક વૈતરું કરનાર મફતનું મજૂર જેવું સમજે છે કે જેની મારફતે તે પોતાની હવસો પણ સંતોષી શકે. પોતાની સેવા પણ ઉઠાવડાવે, પોતાના ઘરની વ્યવસ્થા સચવાવડાવે ને ભઠિયારાનું કામ પણ કરાવે ને પોતે એના પર રૂઆબ ચલાવે એ તો જુદું. આવું તો માત્ર આપણા જ દેશમાં સ્ત્રીઓ સહન કરી શકે છે.** એ કંઈ ગુલામ નથી, તેમ છતાં આપણા લોકોનો વર્તાવ એના પ્રત્યે એવો જ છે. **આપણો જુવાન વર્ગ એના પ્રત્યે કેવા હલકટ હવસની નજરે જુએ છે. એ જ આપણા સમાજની પડતીનાં કારણો છે. જે સમાજની માતા છે. સમાજને ઉછેરનારી છે એની જેવી જમીન હશે તેવી પ્રજા થવાની છે. એનું જીવતું ભાન આપણા જેવા ભણેલાને થયું નથી એ પણ એક કમનસીબીની વાત છે.**

## આપણા સમાજનું સ્ત્રીત્વ હણાયું છે

સ્ત્રીનું જીવન તો નર્યું કચડાયેલું આપણા સમાજમાં છે. નાનપણમાંથી જ એને 'તું તો છોકરી છે. તારાથી આમ ના થાય, તેમ ના થાય.' મોટી થતાં અમુક તરેહ તરેહની એના ફરતી વાડો ચણાય, બંધાય. એ બધાની અસર માનસિક થયા વિના રહી શકતી નથી. સ્ત્રીને પરણ્યા પછી ઘરના વાતાવરણને અનુકૂળ થતાં જે જહેમત માનસિક ઊઠાવવી પડે છે, એના

પ્રત્યે સહાનુભૂતિભર્યું વલણ કોઈનું નથી. સાસુ તડામાર કરતી વહુને હેઠી પાડવા તૂટી પડવા તૈયાર હોય છે. સંયુક્ત કુટુંબની મઝા આજે નષ્ટ થયેલી છે. એમ અનેક રીતે આપણા સમાજનું સ્ત્રીત્વ હણાતું આજે દેખાય છે. એવી સ્થિતિમાં આપણે જે જીવન જીવનની બૂમો પાડનારા છીએ, એની ફરજ, ધર્મ, કંઈ નહિ તો આપણા ઘરની શોભાને યોગ્ય ધર્મ પ્રમાણે નવાજી શકીએ તો એનાથી થનારી પ્રજામાં કંઈક પ્રાણ ઉષ્મા પ્રકટી શકવાની છે ને તેટલી સેવા પણ નકામી જવાની નથી.

## પતિ-પત્નીના ઝગડાઓનાં કારણ

ઘણા જુવાનિયા બહારથી કંટાળેલા, ત્રાસેલા, નિરાશા પામેલા ઘરે આવીને તે રીસ કે માનસિક વ્યથા બૈરીના ઉપર કાઢે છે. યા બૈરીના તરફથી એવું નજીવું કંઈ કારણ મળતાં તે એના પર ઉતરી પડે છે. તે વેળા એની પાછળની ભૂમિકા પરનું જામેલું વાતાવરણ જ મુખ્યત્વે તો આવા ઝગડાઓમાં કામ કરી રહેલું હોય છે.

## વિચારપૂર્વક, સમજણપૂર્વક જીવન જીવો

**એટલે આપણા જેવાઓએ જો બીજું ઝાઝું ન કરી શકીએ તો યે ઘરના જીવનને પણ ખીલતું રાખી શકીએ તો આપણી પ્રજા પણ તેમ કંઈક થશે. બાકી તો આપણે રંડાયેલા જેવા જીવીએ તે તે પણ તેવાં થવાનાં છે ને સમાજનો એક પ્રકારનો ભાર—ઋણ—આપણે વધારવાનાં.** વિચારપૂર્વક, સમજણપૂર્વક જીવન જીવવાનું આપણે જ સૂઝ્યું નથી. જેમ ઊર્મિ ઊઠી કે બસ તેની પાછળ તણાઈને તે પ્રમાણે વર્તવાનું

જ કર્યાં કરીએ છીએ. આવ ભાઈ હરખા આપણે બંને સરખા એ વાળી વાત આ તો છે. એટલે આમાંથી જે આશ્વાસન મળે તે લેજો. બાકી તો આપણા સહુનો પ્રભુ છે જ, એને જોવાનું, જાણવાનું, પામવાનું દિલમાં ઊગે ને તે જીવતું બને એ જ પ્રાર્થના.

• • •

॥ હરિઃૐ ॥

પ્રિય ભાઈ, ત્રિચિ, તા. ૨૫-૭-૧૯૪૪

તમારું પી.સી. મળ્યું હતું. બની શકે તેટલું ભગવાનની ભાવના જીવતી રહ્યાં કરે એટલું કર્યા કરશોજી.

સૌ. બહેન... ને કહેશો કે ભગવાનનું નામ લીધાં કરે. કંઈ નહિ તો એટલું તો કરે તોયે ઠીક છે. **જો તે ભગવાનને નેવે મૂકશે તો પ્રભુ પણ એને નેવે મૂકશે. માટે તે લક્ષમાં લે એમ કહેશોજી.**

• • •

## સાધનામર્મ

૧. મુખથી કે મનમાં જાગૃતપણે જપ, સાથે સાથે હૃદયપ્રદેશે ધ્યાન તથા ચેતનના ચિંતન સહ ભાવાત્મક ભાવનું રટણ.
૨. પ્રત્યેક પળે સતત સમર્પણ, સારું તેમ જ નરસું-બંનેનું.
૩. સાક્ષીભાવ, જાગૃતિ, વિચારોની સાંકળ ન જોડો.
૪. બને તેટલું વધુ વાચિક અને માનસિક મૌન રાખો, કેળવો અને ખૂબખૂબ શરણભાવ જીવનમાં ચેતનાપૂર્વકની જાગૃતિથી કેળવ્યા કરો.
૫. આગ્રહો—પ્રભુચિંતન સિવાયના સર્વ આગ્રહો છોડો, નમ્રતા કેળવો, શૂન્ય થવાનું ધ્યેય રાખો.
૬. ખૂબ ભાવપૂર્વક હૃદયસ્થ રહીને આર્દ્ર અને આર્તભાવથી પ્રાર્થના કરો, ભગવાનને સર્વ સુખદુઃખ જણાવતા રહો, તેની સાથે આત્મનિવેદન દ્વારા અંગત ખૂબ ગાઢો સંબંધ બાંધો, મનમાં કશુંયે ઘોળાવા ન દો. ખાલી રહો.
૭. આવી પડતાં કામો પ્રભુનાં સમજો, જરાયે કચવાટ વિના ખૂબ પ્રેમપૂર્વક તે કરો. પ્રત્યેક પ્રસંગ-બનાવ આપણા કલ્યાણ અર્થે જ છે અને પ્રત્યેક પ્રવૃત્તિ આપણા પોતાના જ વિકાસાર્થે થવી ઘટે. પ્રત્યેક પ્રસંગ પાછળ પ્રભુનો ગૂઢ, શુભ સંકેત રહેલો છે.
૮. આત્મલક્ષી-અંતર્મુખી થાઓ, માત્ર પોતાની દુનિયામાં વસો. જાણી-જોઈને જાતને સંડોવવા દો નહિ.
૯. પર (પારકાંની) સેવા પ્રભુની સેવા સમજો, સેવા લેનાર, સેવા દેનાર ઉપર, સેવા કરવાની તક આપીને ઉપકાર કરે છે. રામે આપ્યું છે અને રામને દઈએ છીએ, ત્યાં 'મારું મારું ' ક્યાં રહ્યું ? તારું આ જગતમાં છે શું ?
૧૦. પ્રત્યેક કાર્ય, પ્રત્યેક વાતચીત, વ્યવહાર આપણા ધ્યેયને વેગ આપે એવા ખાસ હેતુસર, હેતુનું લક્ષ જીવતું રાખીને કરવાં. વાંચતી-લખતી વખતે અને પ્રત્યેક કર્મ કરતી પળે ભાવની સ્મરણ-ધારણાનો અભ્યાસ કેળવ્યા કરો.
૧૧. વૃત્તિનું મૂળ શોધો, તેનું પૃથક્કરણ કરો. તેમાં ભેળવાયા વિના તેને તટસ્થતાપૂર્વક અને સ્વસ્થતાપૂર્વક નિહાળો.
૧૨. પ્રભુની પ્રત્યેક કળા, સૌંદર્ય, રમ્યતા, વિશુદ્ધતા આદિ પ્રસાદીઓમાં

રહેલા ભાવનું, તેને તેને અનુરૂપ ભાવનું, આપણામાં ત્યારે અવતરણ થવા પ્રાર્થના કરવી.

૧૩. ઊર્મિ, આવેશ અને લાગણીને એમ ને એમ વહી જવા ન દો, તેમ જ તેમાં ભેળવાઈ પણ ન જાઓ. તેનો સાધનામાં ઉપયોગ કરો, તાટસ્થ્ય કેળવો.

૧૪. જમતી વખતે અને પાણી પીતી વખતે જીવનમાં ચેતનશક્તિના અવતરણ-ભાવની પ્રાર્થના કરવી, શૌચ, પેશાબ આદિ ક્રિયાઓ સમયે વિકારો, નબળાઈઓ ઇત્યાદિના વિસર્જનભાવની પ્રાર્થના કરવી.

૧૫. સ્થૂળનો ખ્યાલ ત્યજીને સૂક્ષ્મતત્ત્વને નજર સામે રાખો. વૃત્તિની શુદ્ધિ કરો, ભાવની વૃદ્ધિ કરો.

૧૬. પ્રભુ સચરાચર છે. आत्मवत् सर्वभूतेषुની ભાવના કેળવો.

૧૭. પ્રત્યેક વ્યક્તિ અને વસ્તુની ઊજળી બાજુ જુઓ. કોઈનાય કાજી ન થાઓ, કશાય ઉપર ઝટ અભિપ્રાય ન આપો, વાદવિવાદ ના કરો, પોતાનો આગ્રહ ન રાખો, બીજાઓમાં શુભ હેતુઓનું આરોપણ કરો, માનસિક અને સાર્વત્રિક ઉદારતા જીવનમાં પ્રગટાવો, ખૂબ પ્રેમભાવ કેળવો, પ્રકૃતિનું રૂપાંતર કરવાનું છે, તે લક્ષમાં રાખીને પ્રકૃતિવશ ન થતાં કર્મોની ઉપરવટ વર્તો. ફળની આસક્તિ છોડો. પોતાને થતા અન્યાયો—આવી પડતાં દુઃખો—આદિનું મૂળ પોતામાં જ છે એમ દૃઢાવો, ગુરુમાં પ્રેમભક્તિભાવ દૃઢતર કર્યા કરો. અભીપ્સા, ઇન્કાર અને સમર્પણનો ત્રિવેણીસંગમ ઉદ્‌ભવાવો, સદાય પ્રસન્નતા પ્રવર્તાવો, કૃપા અને પુરુષાર્થના યુગલને જીવનમાં ઉતારો, પ્રત્યેક કર્મના આદિ, મધ્ય અને અંતમાં પ્રભુની સ્મૃતિ પ્રગટાવો, મન નિઃસ્પંદ કરો, રાગદ્વેષ નિર્મૂળ કરવાની જાગૃતિ રાખો, થયેલા આધ્યાત્મિક અનુભવો પ્રત્યક્ષ રોજિંદા વહેવારમાં જીવતા કરો, ક્યાંયે કશામાંથી ભાગવાનું ના હોય, યદૃચ્છા જે આવી મળે તે પ્રભુપ્રસાદી ગણીને તેને વધાવી લો. ક્યાંય કોઈની સરખામણી ના કરો, અનુકૂળ પ્રતિકૂળ પરિસ્થિતિ એ મનની ભ્રમણા છે, જીવનસાધના સારુ સર્વ કંઈ સાનુકૂળ જ હોય છે, પ્રભુમય—તેના મૂક યંત્ર—થવાની જ બસ એક ઉત્તેજના હવે જીવનમાં રાખો.

૧૮. કર્મમાં, કર્મનું મહત્ત્વ નથી, પરંતુ જીવનના ભાવનું સતત એકધારું, જીવતું ચિંતન રહ્યાં કરે એ સવિશેષપણે મહત્ત્વનું છે. તેવો જીવતો અભ્યાસ કર્મ કરતી પળે કેળવવો.

- **શ્રીમોટા**

॥ હરિઃૐ ॥

# પૂજ્ય શ્રીમોટાના જીવનની મહત્ત્વની તવારીખ

**જન્મ : તા. ૪-૯-૧૮૯૮, ભાદરવા વદ ચોથ, સંવત ૧૯૫૪**
સ્થળ : સાવલી, જિ. વડોદરા, નામ : ચૂનીલાલ,
માતા : સૂરજબા, પિતાઃ આશારામ, અટક : ભાવસાર.

**૧૯૧૬ :** પિતાનું અવસાન.

**૧૯૦૫ થી ૧૯૧૮ :** તૂટક અભ્યાસ-સાથે આકરી મજૂરી.

**૧૯૧૯ :** મૅટ્રિક પાસ.

**૧૯૧૯-૨૦:** વડોદરા કૉલેજમાં.

**તા. ૬-૪-૧૯૨૧:** કૉલેજ ત્યાગ.

**૧૯૨૧ :** ગૂજરાત વિદ્યાપીઠ.

**૧૯૨૧ :** વિદ્યાપીઠનો ત્યાગ. હરિજન સેવાનો આરંભ.

**૧૯૨૨ :** ફેફરુંના રોગથી કંટાળીને ગરુડેશ્વરની ભેખડ ઉપરથી આત્મહત્યાનો પ્રયાસ, દૈવી બચાવ, 'હરિઃૐ' જપથી રોગ મટાડવાનો સફળ પ્રયોગ.

**૧૯૨૩ :** 'તુજ ચરણે' તથા 'મનને'ની રચના.

**૧૯૨૩ :** વસંતપંચમીએ પૂ. શ્રીબાળયોગીજી દ્વારા દીક્ષા. શ્રીકેશવાનંદ ધૂણીવાળા દાદાનાં દર્શને - સાંઈખેડા ગયા. રાત્રે સ્મશાનમાં સાધના અને દિવસભર પ્રભુપ્રીત્યર્થે હરિજન સેવા.

**૧૯૨૬ :** લગ્ન-હસ્તમેળાપ વખતે સમાધિનો અનુભવ.

**૧૯૨૭ :** હરિજન આશ્રમ, બોદાલમાં સર્પદંશ-પરિણામે 'હરિઃૐ' જપ અખંડ થયો.

**૧૯૨૮ :** 'તુજ ચરણે' ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૨૮ :** પહેલી હિમાલય યાત્રા.

**૧૯૨૮ :** સાકોરીના પૂ. શ્રીઉપાસનીબાબાનું નડિયાદમાં આગમન, એમના આદેશ મુજબ સાકોરી જવું-ત્યાં મળમૂત્રની પથારીમાં સાત દિવસ.

**૧૯૩૦ :** મનની નીરવતાનો સાક્ષાત્કાર.

**૧૯૩૦ થી '૩૨** દરમિયાન સાબરમતી, વીસાપુર, નાસિક અને યરવડા જેલમાં. હેતુ-દેશસેવાનો નહિ, સાધનાનો. સખત પરિશ્રમ અને લાઠીમાર દરમિયાન પ્રભુસ્મરણ-મૌન. વિદ્યાર્થીઓને સમજાવવા વીસાપુર જેલમાં સરળ ગુજરાતી ભાષામાં શ્રીમદ્ ભગવદ્‌ગીતા—'જીવનગીતા' લખી.

**૧૯૩૪ :** સગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર.

૧૯૩૪થી ૧૯૩૯ દરમિયાન હિમાલયમાં અઘોરીબાબા પાસે જવાનું બન્યું, ધુંવાધારના ધોધની પાછળની ગુફામાં સાધના. ચૈત્ર માસમાં ૨૧ ધૂણીની ૩ હાર એટલે ૬૩ ધૂણી ધખાવી નર્મદાકિનારે ખુલ્લામાં શિલા ઉપર નગ્ન બેસીને સાધના, શીરડીના સાંઈબાબાનું પ્રત્યક્ષ દર્શન-આદેશ-સાધનાના અંતિમ તબક્કાનું માર્ગદર્શન.

**૧૯૩૯ :** તા. ૨૯-૩-૧૯૩૯ : રામનવમી, સંવત : ૧૯૯૫ કાશીમાં નિર્ગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર. હરિજન સેવક સંઘમાંથી રાજીનામું. 'મનને'ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૪૦ :** (તા. ૯-૯-૧૯૪૦) વિમાનમાર્ગે અમદાવાદથી કરાંચી જવાનો ગૂઢ હુકમ.

**૧૯૪૧ :** માતાનું અવસાન.

**૧૯૪૨ :** હરિજન સેવક સંઘમાંથી છૂટા થયેલા, છતાં હરિજન કન્યા છાત્રાલય માટે મુંબઈમાં ફાળો ઉઘરાવ્યો. બે વખત સખત પોલીસમાર-દેહાતીત અવસ્થાના પુરાવા.

**૧૯૪૩ :** ૨૪, ફેબ્રુઆરીમાં ગાંધીજીના પેશાબના ઝેરી જંતુઓનું પોતાના પેશાબમાં દર્શન. નૈમિત્તિક તાદાત્મ્યનો અનુભવ.

**૧૯૪૫ :** હિમાલયની યાત્રા-અદ્‌ભુત અનુભવો.

**૧૯૪૬ :** હરિજન આશ્રમ, અમદાવાદ મીરાંકુટિરમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૦ :** દક્ષિણ ભારતના કુંભકોણમ્‌માં કાવેરી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૪** થી સુરતના જહાંગીરપુરા કુરુક્ષેત્રમાં એક ઓરડીમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૫ :** (તા. ૨૮-૫-૧૯૫૫) નડિયાદ, શેઢી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૬ :** (તા. ૨૩-૪-૧૯૫૬) સુરત, જહાંગીરપુરા કુરુક્ષેત્રમાં હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૬૨થી ૧૯૭૫ :** શરીરના અનેક રોગો-સતત પ્રવાસ સાથે ૩૬ અધ્યાત્મ-અનુભવ ગ્રંથોનું લેખન-પ્રકાશન.

**૧૯૭૬ :** ફાજલપુર-મહી નદીના કિનારે શ્રી રમણભાઈ અમીનના ફાર્મ હાઉસમાં તા. ૨૩-૭-૧૯૭૬ના રોજ માત્ર છ જણની હાજરીમાં આનંદપૂર્વક દેહત્યાગ. પોતાનું 'ઈંટ-ચૂનાનું સ્મારક ન કરવાનો આદેશ' અને આ નિમિત્તે મળેલી રકમનો ઉપયોગ દૂર ગુજરાતનાં પછાત ગામોમાં પ્રાથમિક શાળાના ઓરડાઓ બંધાવવાના લોકફાળામાં કરવાની સૂચના.

॥ હરિઃૐ ॥

॥ હરિઃૐ ॥

# આરતી

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો. ...ૐ શરણ.

મનવાણીના ભાવો, કર્મ વિષે ઊતરો, પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો. ...ૐ શરણ.

સર્વ મળેલાં સાથે, દિલ સદ્‌ભાવ ઊગો, પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો. ...ૐ શરણ.

નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા. ...ૐ શરણ.

મનના સકળ વિચારો, પ્રાણતણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિતણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો. ...ૐ શરણ.

જેવા દિલ હોઈએ પ્રભુ, તેવા દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજ ખુલ્લી રે’જો (૨) સ્પષ્ટ જ પરખાવા. ...ૐ શરણ.

દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું, પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો. ...ૐ શરણ.

જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો. ...ૐ શરણ.

મન,મતિ,પ્રાણ પ્રભુ ! તુજ ભાવ થકી ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો. ...ૐ શરણ.

**-શ્રીમોટા**

## પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકો

૧. મનને (પદ્ય)
૨. તુજ ચરણે (પદ્ય)
૩. હૃદયપોકાર (પદ્ય)
૪. જીવનપગલે (પદ્ય)
૫. શ્રીગંગાચરણે (પદ્ય)
૬. કેશવચરણકમળે (પદ્ય)
૭. કર્મગાથા (પદ્ય)
૮. પ્રણામપ્રલાપ (પદ્ય)
૯. પુનિત પ્રેમગાથા (પદ્ય)
૧૦. જીવનસંગ્રામ (પત્રો)
૧૧. જીવનસંદેશ (પત્રો)
૧૨. જીવનપાથેય (પત્રો)
૧૩. AT THY LOTUS FEET ('તુજ ચરણે'નો અનુવાદ)
૧૪. જીવનપ્રેરણા (પત્રો)
૧૫. TO THE MIND ('મનને'નો અનુવાદ)
૧૬. જીવનપગરણ (પત્રો)
૧૭. જીવનપગથી (પત્રો)
૧૮. જીવનમંડાણ (પત્રો)
૧૯. જીવનસોપાન (પત્રો)
૨૦. જીવનપ્રવેશ (પત્રો)
૨૧. જીવનગીતા (ગદ્ય-પદ્ય)
૨૨. જીવનપોકાર (પત્રો)
૨૩. આર્તપોકાર (પ્રાર્થના)
૨૪. હરિજન સંતો (ગદ્ય-પદ્ય)
૨૫. Life's Struggle ('જીવનસંગ્રામ'નો અનુવાદ)
૨૬. જીવનમંથન (પત્રો)
૨૭. જીવનસંશોધન (પત્રો)
૨૮. નર્મદાપદે (પદ્ય)
૨૯. જીવનદર્શન (પત્રો)
૩૦. જીવનપરાગ (સારસંચય)
૩૧. અભ્યાસીને (પદ્ય)
૩૨. જિજ્ઞાસા (પદ્ય)
૩૩. જીવન અનુભવ ગીત (પદ્ય)
૩૪. જીવનઝલક (પદ્ય)
૩૫. જીવનલહરિ (પદ્ય)
૩૬. જીવનસ્મરણ (પદ્ય)
૩૭. શ્રદ્ધા (પદ્ય)
૩૮. ભાવ (પદ્ય)
૩૯. જીવનરસાયણ (પદ્ય)
૪૦. નિમિત્ત (પદ્ય)
૪૧. રાગદ્વેષ (પદ્ય)
૪૨. જીવનઆહ્લાદ (પદ્ય)
૪૩. જીવનતપ (પદ્ય)
૪૪. જીવનસૌરભ (પદ્ય)
૪૫. જીવનસ્મરણ સાધના (પદ્ય)
૪૬. જીવનરંગત (પદ્ય)
૪૭. જીવનમથામણ (પદ્ય)
૪૮. કર્મઉપાસના (પદ્ય)
૪૯. કૃપા (પદ્ય)
૫૦. સ્વાર્થ (પદ્ય)
૫૧. શ્રીસદ્‌ગુરુ (પદ્ય)
૫૨. જીવનકથની (પદ્ય)
૫૩. પ્રેમ (પદ્ય)
૫૪. જીવનસ્પંદન (પદ્ય)
૫૫. મોહ (પદ્ય)
૫૬. શ્રીમોટા (ગદ્ય)
૫૭. ગુણવિમર્શ (પદ્ય)
૫૮. જીવનપગદંડી (પદ્ય)
૫૯. જીવનકેડી (પદ્ય)
૬૦. જીવનચણતર (પદ્ય)
૬૧. ભાવકણિકા (પદ્ય)
૬૨. ભાવરેણુ (પદ્ય)
૬૩. ભાવજ્યોતિ (પદ્ય)
૬૪. ભાવપુષ્પ (પદ્ય)
૬૫. ભાવહર્ષા (પદ્ય)
૬૬. જીવનઘડતર (પદ્ય)
૬૭. જીવનપ્રવાહ (પદ્ય)
૬૮. જીવનપ્રભાત (પદ્ય)
૬૯. પૂ.શ્રીમોટા—જીવન અને કાર્ય (જીવનચરિત્ર)
૭૦. મૌનએકાંતની કેડીએ (પ્રવચન)
૭૧. મૌનમંદિરનું હરિદ્વાર (પ્રવચન)
૭૨. મૌનમંદિરનો મર્મ (પ્રવચન)
૭૩. મૌનમંદિરમાં પ્રભુ (પ્રવચન)
૭૪. મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા(પ્રવચન)
૭૫. શેષ-વિશેષ (સત્સંગ)
૭૬. જન્મ-પુનર્જન્મ (સત્સંગ)
૭૭. તદ્રૂપ-સર્વરૂપ (સત્સંગ)
૭૮. અગ્રતા-એકાગ્રતા (સત્સંગ)
૭૯. જોડાજોડ (સત્સંગ)
૮૦. અન્વય-સમન્વય (સત્સંગ)
૮૧. ગ્રહગ્રહણ (સત્સંગ)
૮૨. એકીકરણ-સમીકરણ (સત્સંગ)
૮૩. પગલે પગલે પ્રકાશ (પત્રો)
૮૪. કૅન્સરની સામે (પત્રો)
૮૫. ધનનો યોગ
૮૬. મુક્તાત્માનો પ્રેમસ્પર્શ (પત્રો)
૮૭. સંતહૃદય (પત્રો)
૮૮. સમય સાથે સમાધાન (પત્રો)

આ ઉપરાંત ઉપરનાં પુસ્તકોમાંથી થયેલાં ૧૫ સંકલનો.

॥ હરિઃૐ ॥